કુમાર

આવતી કાલનાં નાગરિકોનું માસિક




અંક ૩૪
સપ્ટેમ્બર · ૧૯

આ માસમાં આવતી
એમની ૮૩મી જન્મતિથિના
પુણ્યસ્મરણમાં (રેખાંકન: બંસીલાલ વર્મા)



એક લંગોટી અને ઉપવસ્ત્ર સિવાયનો ગાંધીજીનો જે કાંઇ પરિગ્રહ હતો તે આ→
જગતના એક મોટા ઉપખંડ જેવડા દેશના એ તારણહાર પરમ તેજમાં વિલીન થઈ



તરંગ · ચિત્રકાર સોમાલાલ શાહ   (કલાકારના સૌજન્યથી)

કુમાર
સપ્ટેમ્બર ૧૯૫૨
અંક ૩૪૫

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા


લેખો

વિભાગો

કોઇ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈપણ અંકો ભરપાઇ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૯; પરદેશમાં રૂા. ૧૧ અથવા શિ૦ ૧૭; છુટક નકલ: બાર આના

વાચકો લખે છે...



આ સાથે ઈન્ટરનૅશનલ ફોક કાઉન્સિલની સભાનો અહેવાલ તથા તેઓના તરફથી પ્રકાશિત મૅન્યુઅલ ફૉર ફોક મ્યૂઝિક કલેક્ટર્સ મોકલું છું. યુગોસ્લાવિયાની મારી મુલાકાત આ અનુભવને લીધે ખૂબ જ કિંમતી બની હતી. જે ખેવનાપૂર્વક યુગોસ્લાવિયન પ્રજા લોકસંગીત ને લોકનૃત્યોનો પોતાનો મહામૂલો વારસો જાળવી રાખે છે અને એને નવજીવન આપતી રહે છે એ જોઇને અનહદ માન ઊપજે એવું હતું. સાથોસાથ આપણે ત્યાં આપણે કેટલું બધું આ ક્ષેત્રમાં કરવાનું છે એનો ખ્યાલ આવ્યો. આ બે પુસ્તિકા આપણા દેશના કોઈક કોડીલા યુવકોને મદદરૂપ થઇ શકશે એ આશાએ આપને મોકલું છું.
(ઑક્સફર્ડ) —નગીન પારેખ

'કુમાર' માર્ચ ૧૯૫૨ પૃ. ૮૨ 'બાંધ ગઠરિયાં' બાબતમાં લખવાનું કે તેમાં આપેલ ચિત્રમાં 'માત્ર એક પગનાં આંગળાં પર...' એમ વર્ણન છે તે ખોટું છે. પશ્ચિમના ક્લાસિકલ નૃત્યમાં સ્ત્રીઓ માત્ર પગના એક અંગૂઠા ઉપર ઊભી રહે છે, આંગળાં ઉપર નહિ. આંગળાં ઉપર તો કોઈ પણ ઊભું રહી શકે. માત્ર અંગૂઠા ઉપર ઊભા રહેવું અને બૅલન્સ જાળવવું એ જ મુશ્કેલ છે. એનો જન્મ: ૩૧-૧-૧૮૮૫ મૃત્યુ: ૨૨-૧-૧૯૩૧.
(સાન્ટાક્રુઝ) —ધનસુખલાલ મહેતા

આપનું 'કુમાર' અનેકવિધ વાચનની વાની પીરસે છે અને તેથી તેણે ગુજરાતી સાહિત્યમાં અનેરું સ્થાન મેળવેલું છે અને નાના બાળકથી લઇ મારા જેવા વૃદ્ધ માણસોને વાચનનો પુષ્ટિકારક ખોરાક પૂરો પાડે છે તેથી જ જરા આકાંક્ષાથી આપને પૂછું છું કે ચન્દ્રવદન મહેતાની 'બાંધ ગઠરિયાં' જેવી વાર્તા લાંબા કાળથી સ્થાન મેળવી રહી છે તેને બદલે અન્ય કોઇ જરાક વધુ સારા સાહિત્યને સ્થાન ક્યારે મળશે?

'કાયાની કરામત' જેવો વિષય ઘણા યે વખતથી એવી સરસ શૈલી અને રસદાયક-રીતે શુદ્ધ શબ્દોમાં (કેટલીક વાર coined wordsથી) અપાય છે તે જોઇ મને ખાત્રી થઇ છે કે ગુજરાતી ભાષામાં પણ સાહિત્યને ગમે તેવું રસમય બનાવવાની શક્તિ છે. આજકાલનાં ગુજરાતી પેપરોમાં 'off & on' વૈદકની પ્રશ્નોત્તરીથી જે જ્ઞાન નથી મળતું તે પદ્ધતિસર આપના માસિક થકી મળે છે....
(મણિનગર) —યુ. ભટ્ટ

Hearty congratulations for 'Anantrai Commemoration' issue! Apart from all other considerations it deserves all praises for paying an apt tribute to a great engineer-a national architect. And here you are, it seems, always in the front rank. Since 1469, the printing press has worked a greater havoc than one hundred atomic bombs would have ever worked. The greatest danger is the 'Editor.' All people who edit periodicals like 'Marg', 'Kumar', 'Modern Review' & some other foreign publications as well, deserve spontaneous appraisal. Trustees of 'सत्यं, शिवं, सुन्दरं' your practical ethics need no paltry opinion of mine...
(Bhavnagar) —A Dabbler

છેલ્લા કેટલાક અંકોથી 'માનસશાસ્ત્ર ને તેના આધારે રહેલ ડિટેક્ટિવ વાર્તાઓ'ને 'કુમાર'માં સ્થાન મળ્યું નથી. કુમારવયનું ઊછળતું ચેતન સામાજિક અનિષ્ટો સામે જ હોય છે એ આપ કેમ ભૂલી જાઓ છો?
(ભરૂચ) —પ્રિયવદન શાહ

આજરોજ ઇલાયદીરીતે 'કુમાર'ના વાર્ષિક ગ્રાહક તરીકેનું લવાજમ મ. ઑ.થી મોકલ્યું છે. એટલું કહેવાથી જ મારી આ કાગળ માંહેની ભાવના પૂરી થતી નથી.

પાછલાં થોડાંએક વરસો મારા વ્યવસાયને કારણે હું 'કુમાર'નો પરિચય ચૂકી ગયો હતો; પરંતુ હાલમાં ૧૯૫૧ના નવે૦–ડિસે૦ના અંકો જોવા મળતાં, તેમાં 'પચ્ચીસ વરસ પૂર્વે'ની વાતો જોઇ, એથી હું જાણે ફરી નાનકડો વર્નાક્યુલર સ્ટાંડર્ડનો વિદ્યાર્થી બની ગયો. 'કુમાર'ની શરૂઆતની ફાઇલો તથા ૧૯૩૨થી૧૯૩૭નાં વરસો દરમિયાન હું નિયમિત 'કુમાર' વાંચતો; અને માર જીવનમાંના સંસ્કારગુરુઓમાં 'કુમાર'. વિશિષ્ટ સ્થાન છે. આજે એ તમામ ભ જીવન મારી સામે જાગી ગયું, ઝગી ગ

એ સંસ્કારનું ઋણ તો ચુકવાય એમ નથી પણ મારા કુટુંબમાં ફરી એક વાર એ ઋણ વધારવા 'કુમાર'ને વસાવવા ઇચ્છા થઈ. ઇશ્વરેચ્છા તો એ સંસ્કારસાંકળ તૂટવા નથી દેવી.
(ગઢડા) —ચીનુભાઈ જોષ

'કુમાર' મને ગમે છે અને એ 'કુમાર'ના નામાક્ષરો આ સાથે મોકલાવું છું. આર છે કે આપને એ સ્વીકાર્ય બની રહેશે. (સાન્ટાક્રુઝ) —મનહર ગી. જોબનપુત્ર



'કુમાર'નો હું પાંચસા વર્ષથી ગ્રાહક છું. 'કુમા આજનાજમાનાને સાર કૂળ દરેક જાતનું વાચ પૂરું પાડે છે, છતાં તે ખાસ એક રેડિયો સંબંધી માહિતી નેતે બાબતનો કોઇ લેખ કે બીજી સામગ્રી નથી આપતું તે ખેદની વાત છે. અને તે વિષયમાં કોઇ ગુજરાતી પુસ્તક પણ મળી શકતું નથી. તો તે ગુજરાતી ભાષાની ખામી તમો પૂરી કરવાની યોગ્ય તજવીજ કરશો.
(વારાહી) —એ. બી. મહે

અવળ નેડો

વણજોયા પર વ્હાલ ઓવારણ, ઉરનો અવળ નેડો!
પાતળી કેડીએ પાય મેલું, એનો આવતો કયાંય ન છેડો!

મારગ માહરો સાવ સૂનો,
નહિ આવનજાવન સંગ:
આમથી તેમ વળાંક વળી વળી
સ્હેજ સીધો નહિ ઢંગ;
અને નેણ મહીં તોય રંગ...
આપ મહીં લીન અંતર લાગે ને તો ય તે કોઇનો કેડો!
પાતળી કેડીએ પાય મેલું, એનો આવતો કયાંય ન છેડો!

મન મોહ્યું મારું એકમાં રે
એનો ઊછળે ચોગમ રાગ;
એક ઋતુમય આયખું રે
મારે ફાગણનો એક ફાગ.
મારે અંગ ઉમંગ સોહાગ...
હાથ મહીં નહિ લીધ હલેસું, રે જાય ભર્યે સઢ બેડો!
પાતળી કેડીએ પાય મેલું, એનો આવતો કયાંય ન છેડો!

રાજેન્દ્ર શાહ

'ર' અને 'ત'

બંને તુલા રાશિ તણા જ; કિંતુ
આઓ મને અક્ષર 'ર' ગમે છે;
મૂજી જનોને **ર**મૂજી કરે તે.

ને ના ગમે 'ત', કરતો જ કાં કે
કરારને તે **ત**કરાર ઠાલો.

પ્રબોધ જોશી

એ ક્ષણો

· પરંપરિત ઝૂલણા ·

ભાલ પર સોહતા
અક્ષત-કંકુ-રંગ્યા કણોના સમી;
કિંતુ એ અહીં જતાં વાટમાં
તહીં જતાં ઘાટમાં
ખબર યે ના રહી જરી જરી
કયાં અને કયાહરે ગૈ ખરી!

પ્રિયકાન્ત મણિયાર

હૈયે ન કાં?

· મિશ્ર ·

'નેત્રે નિહાળું તવ આ પ્રતિબિંબ મારું
હૈયે ન કાં?'

'વ્યોમે ઊગી પૂર્ણ કલાથી ચંદ્રમા
જોવા મથે જો પ્રતિબિંબ અબ્ધિમાં
કહે સખે, કેમ કરી જણાય ત્યાં?'

અ. ચ. ભટ્ટ

દર્પણમાં

· હરિગીત ·

મેં એકદા કીધું અરીસા માંહ્યના મુજ બિમ્બને:
'સુંદર દિસે તવ આકૃતિ; પ્રતિબિંબ તું કોનું અરે?'
એ બોલ્યું ના, પણ મૌનમાં કીધું ઘણું એણે મને:
કે 'બિમ્બ હું—
આત્માનું ના, તવ દેહનું ના, દર્પ તારાનું ખરે.'

ગીતા કાપડિયા

(૧) વણજોયા પર વહાલ ઓવારી જતા હૃદયનો 'અવળો નેડો' ગાતા આ ગીતની બીજી લીટી–ધ્રુવપંક્તિ પણ એનું કવિત્વમય નિદેર્શન કરતું એક સુંદર પ્રતીક-વાકય છે: 'પાતળી કેડીએ પાય મેલું...'; અને એમ જ આખું કાવ્ય એ અવળા નેહની મીઠી પજવણી ગાઇ રહે છે: મારગ સાવ સૂનો છે, ને તો ય આંખમાં રંગ છે; હૃદય પોતામાં જ લીન લાગે છે, ને છતાં ય જાણે કોઇને કેડે પડયું છે; એકમાં જ મોહ્યું હોવા છતાં એનો રાગ ચોમેર ઉછળે છે,–એવો કે આખું આયખું એક જ ઋતુ (વસંત)મય બનીને તેના ઉલ્લાસનો સોહાગ–ફાગણનો ફાગ, અંગેઅંગ વ્યાપી ગયો છે; હાથમાં હલેસું લીધા વિના જ જીવનનું નાવ જાણે ભર્યે સઢ વહ્યું જાય છે...શી મસ્તી વ્યાપી છે એ અવળા નેડાની! (૨) ગયા અંકના 'કાણાવાળા પૈસા'ના જેવાં સદા નવાં જ ભાવપ્રતીકો લાવતા આ કવિ જિંદગીની વીતી જતી ક્ષણો માટે આ વખતે કેવું અભિનવ ને મંગલસોહન પ્રતીક લઇને આવે છે: ભાલે ચોડેલા જીવનના ને(પ્રારબ્ધના પણ?) મંગલ ચાંદલાગાંથી અણજાણ્યાં ખરી પડતા કણ જેવી! (૩) તારી આંખમાં મારું પ્રતિબિંબ જોઉં છું પણ દિલમાં કેમ દેખાતું નથી એવા પ્રશ્નના ઉત્તરની ચાતુરીમાં કવિત્વ પણ છે: પૂનમનો ચંદ્ર સમુદ્રમાં પોતાનું પ્રતિબિંબ જોવા મથે તો (ભરતીને લીધે તેનાં જલ સ્થિર ન હોવાથી) જેમ નથી દેખાતું તેમ.(મારું હૃદય પણ તારા પ્રત્યેની પ્રેમ ભરતીથી ઊછળતું હોવાને કારણે.)(૪) એ જ રીતે ઉપલંભયુક્ત અન્યોક્તિની હથોટી ધરાવતાં ગીતાબહેનની એક સાદી પણ સ્પર્શતી કૃતિ. (૫)એવી જ ચાતુરી આ વિનોદ-કાવ્યમાં છે.

સુંદર

શું અને કેમ ગણવું એ વિષે

સ્વ. કલાચાર્ય
અવનીન્દ્રનાથ ઠાકુર
[અનુવાદક : મણિલાલ અલગારી]

卐

કળાકારને કેટલાક ખોટીરીતે 'સુંદર'નો 'શોધક' કહે છે. પણ સુંદર ઘેરી ન વળ્યું હોય તે જ ઝૂ, મ્યૂઝિયમ કે એવા બીજા સ્થાનમાં સુંદરની શોધમાં ફરતો ફરે છે. શું સુંદર છે ને શું સુંદર નથી એ વિષેના તર્કવિતર્ક, લખાપટ્ટી અને સૌંદર્ય તથા રસ તત્ત્વની જેટલી ચોપડીઓ છે તેને પકડી પકડીને ચાલવું તે તો લાકડીને ટેકે ચાલવા જેવું છે. 'સુંદર' હાજર ન હોય ત્યાં સુધી એ બધું સુંદર લાગે છે. પણ 'સુંદર' પધારે કે મન એ બધું પડતું મૂકી અને બધાય તર્કો ભૂલીને અબાધગતિએ લહેરથી ચાલી નીકળે છે. અજ રાજા જ્યારે નગરમાં દાખલ થયા તે સમયની વાત કોની અજાણી છે? તે દિવસે પોતાની મેળે જ ફૂલ ફૂટવા માંડયાં હતાં. હવા જેવી રીતે મધુકરની પાસે આવીને મધની ખબર આપી જાય છે, તેવી જ રીતે યથાર્થ કળાકારો પાસે 'સુંદર'ના ખબર આવે છે. તેને સૌંદર્યની શોધમાં જ્યાંત્યાં રખડવું પડતું નથી. કલાકાર અને સુંદરની વચ્ચે ઘણીવાર સંતાકૂકડી ચાલે છે ખરી; પણ તે તો બે બાળકો વચ્ચે પરિચય થયા પછીની રમત જેવી હોય છે. તેઓ જાણી જોઇને પડદા પાછળ સંતાઇને રમે છે. તેમાં રસ હોય છે એટલે જ એવી રમત ચાલે છે. પગે પરસેવો ઉતારીને જે સુંદરની શોધ કરતો હોય છે તેની દોડાદોડ ને આ રમતમાં ફેર છે.

કીડી ખાંડની શોધમાં દોડાદોડ કરે છે; પણ મધુ-આહરણ માટેની મધમાખીઓની ઊડાઊડ એ એક સ્વતંત્ર વ્યાપાર છે. કીડીના ખાંડસંગ્રહ સાથે પેટનો સંબંધ છે. તેને જો ખાંડ ન મળે તો જઇને મરેલા ઊંદરને ચટકો ભરે! પરંતુ પ્રબળ ભૂખની મારી પણ મધમાખી કદી ગાંસના રસથી મધપૂડો ભરતી નથી. માખીઓ શું ખાઇને જીવે છે તેમજ જેઓ કલાકાર છે તેઓ પણ શું ખાઇને જીવન ધારણ કરે છે તેનો ભેદ હજી ઊકલ્યો નથી. માત્ર એટલું કહી શકાય કે કીડીની માફક 'સુંદર'ની સામગ્રીને પેટની બળતરા સાથે જોડી તેઓ સુંદરની શોધમાં નીકળતા નથી. દૂર ક્યાંક સુંદર ફૂલ ફૂટે છે ને હવામાં તેના ખબર આવી પહોંચે છે કે તેઓ ચાલી નીકળે છે: સુંદરના આમંત્રણથી; સુંદરની શોધમાં નહિ. મધપૂડામાં જેમ મધ, તેમ ચિત્ર, મૂર્તિ, કાવ્ય, ગીત વગેરે અનેક પાત્રોમાં મનુષ્યે 'સુંદર'ને વ્યક્ત કર્યું. વળી વિશ્વમાં ફૂલ, ફળ, લતા, પર્ણ, જળ, સ્થળ આકાશ વગેરે અપાર સ્થાનોમાં 'સુંદરે' સ્વયંભૂરીતે જ પોતાને પ્રગટ કર્યું. આટલી સુંદર સજાવટ છતાં ઉપભોગમાં આવ્યું બેચાર જણના જ. બાકીના બધા તો એ બધાંમાંથી 'સૌંદર્યતત્ત્વ' તારવવા બેસી ગયા.

પેલી અજાણી નગરીની વાત યાદ આવે છે. એના બાગમાં પંખી ગાતું'તું, ફૂલ ફૂટતાં'તાં, કળીઓ ઊઘડતી'તી, ફળો બેસતાં'તાં, પાંદડાં ખરતાં'તાં, બધું ય અહોરાત સુંદર રીતે થઈ રહ્યું હતું. પરંતુ નગરનો કોઇ પણ માણસ આ બધાંમાંથી કંઇ જ ગ્રહી ન શક્યાં. તેઓ પત્થરથી યે પત્થર થઇ બેસી રહ્યા. ફક્ત બેચાર રાહદારી, એકાદબે હતભાગી ભિખારી કે કોઈ ગાંડો ક્યારેક ક્યારેક આવ્યા ને ગયા. પરંતુ જે દેશના બાગમાં મનોમુગ્ધકર 'સુંદર' હતું ત્યાંના મૂગા, બધિર, આંધળા ને જડ માણસો તો ધૂંધળી આંખે ને ભારે મોઢે બેઠા જ રહ્યા.

જે આંખ 'સુંદર'ને જોઈ ન શકે તેમાં આખો જન્મારો જ્ઞાનાંજનની શલાકા ઘસો તો યે કંઇ ન વળે. પણ જે જોઇ શક્યો તેણે અતિ સહજતાથી 'સુંદર'ને જોઇ લીધું. કોઇ ગુરુના ઉપદેશ કે સલાહની પણ જરૂર ન પડી. વિના અંજને જ તેણે નયનરંજનને ઓળખી લીધા.

માટી અને સુવર્ણ, ગદ્ય અને પદ્ય, વીણા ને કંઠ વગેરે ઘણાંઘણાં ઉપકરણો વડે રૂપજ્ઞો (artist) સુંદરને માટે વિચિત્ર આસન તૈયાર કરતા રહ્યા છે. મનુષ્યને તેમાંથી કેટલું કામ લાગશે ને કેટલું નહિ તેની ચિંતા તેમને નથી. કાદવમાંથી જે મૂર્તિ ઘડે છે તે એ કચરામાં પણ 'સુંદર'નું જ ધ્યાન ધરી રહ્યા હોય છે; નહિતો તે માટીને કેળવીને સર્જનોપયોગી ન કરી શકત. કારીગરને મન આ વાત ઉખાણા જેવી નથી. ખેડૂતો ખેતીની શરૂઆતથી જ સોનાના ધાન્યનું સ્વપ્ન જમીન ઉપર પાથરી દે છે. પણ જેનાં મનમાં 'સુંદર'નું ધ્યાન નથી તે ભલે સારી માટી લઇને બેસી જાય, ને તો યે ગારો તેના હાથમાં વશ વર્તતો ન જુએ ત્યારે એ વાતનો મર્મ તે કદાચ સમજે;–યા ન પણ સમજે. છંદ, સૂર, ને રંગ તો દુનિયામાં તૈયાર જ છે; તેમ જ પીંછી ચલાવવાનું કૌશલ પણ મનુષ્ય સહેલાઇથી પ્રાપ્ત કરી શકે. પણ પીંછી, હથોડી કે કલમ ચલાવવાની શરૂઆતથી અંત સુધી 'સુંદર'ના ધ્યાનમાં મનને સ્થિર રાખવાનું બધા જાણતા નથી. અરે! રૂપજ્ઞો યે વારેવારે લક્ષ ચૂકી જતા જણાય છે.


જે રચના સર્વાંગસુંદર હોય તેમાં તેની કારીગરી પકડાતી નથી. ત્યાં જાણે વક્તવ્ય ઘણી સહજતાથી કહેવાઇ જતું હોય છે. જે રચના સર્વાંગસુંદર ન હોય તેમાં આવી સહજ ગતિ હોતી નથી. ત્યાં કૌશલ, કારીગરી વગેરે નજરે પડે છે. કાવ્યમાંથી આનાં દૃષ્ટાંત દઇ શકાય. મૂર્તિ, ચિત્ર વગેરેમાં પણ આ પુરવાર થઇ શકે. કર્મ (કામ) લપલપાટથી પણ પૂરું થાય અને શોરબકોરથી ને ધમાલથી પણ પૂરું થાય. એ બે કરતાં તો કર્મ સારું ત્યારે થાય જ્યારે તે સહજતાથી નિષ્પન્ન થાય અને કર્મની ધમાલ નજરે ન પડે.

મનુષ્યનું દેહયંત્ર હાડકાં-માંસની કેટલીક ગાંઠો, બંધન, સાંકળ વગેરે અત્યંત જટિલ વ્યાપાર વડે તૈયાર થયું છે. એના જે યાંત્રિક વ્યાપારો વડે મનુષ્ય ચાલે છે, બોલે છે તે, એક પડદાની ઓથે રહ્યા ત્યારે જ મનુષ્ય સુંદર લાગ્યો. ઑર્ગન કે પિયાનોની પેટી ખોલી તેની અંદરની કળો જો આંખ સામે રાખવામાં આવે તો તે બહુ સુદૃશ્ય લાગતી નથી.

એક વાર હું છાપવાનું યંત્ર જોતો હતો. તે અનેક માણસનું કામ એકસાથે કરતું હતું ને વળી માણસ કરતાં સરસ રીતે ને ઝડપથી. તેથી બહુ આનંદ થયો. પણ એક પંખીને ઊડતું જોઇ જે આનંદ થાય તેની ને આ આનંદની વચ્ચે ફેર હતો. પંખીની પાંખમાં વિવિધ કળો શી રીતે કામ કરે છે તેની ખબરે પડતી નથી. ઊડવાના સુંદર છંદે જ ત્યાં દેખા દીધી, ને કોણ જાણે ક્યા દેશમાં મનને ઉડાડી લઈ ગયું.

કળાસર્જનના નિયમ પ્રમાણે સર્વ સુંદર વસ્તુઓ પોતાના નિર્માણનું કૌશલ જોનાર પાસેથી છુપાવી રાખે છે. જ્યાં નિર્માણનાં કરણ-કૌશલ પકડાઈ ગયાં ત્યાં રચનાના સૌંદર્યને હાનિ થઇ. પતંગ જ્યારે આકાશમાં ઊડે ત્યારે કારીગરે તેને જે કળે બાંધ્યો હોય તે પવનની સાથે મળી જાય તો જ પતંગનો ઊડવાનો છંદ સુંદર બને. જહાજ કે વિમાન પણ આંથી જ સુંદર લાગે છે. પણ સૌથી સુંદર તો લાગે છે ગંગા ઉપરની નૌકાઓ, જેનો ચાલવાનો હિસાબ અને કળબળ પ્રત્યક્ષ હોવા છતાં આંખને કણાની જેમ ખૂંચતાં નથી.

સુંદર વસ્તુનાં બાહ્ય ઉપકરણ ને ભીતરના પદાર્થ એકસ્વરૂપ હોય છે. જેવું રૂપ તેવો જ ભાવ. જે બહિરંગ છે તેની સાથે અંતરંગનો અવિચ્છેદ્ય મેળ ખવડાવીને જ સુંદર પ્રગટ થયું. આંખના ગોલક સાથે આંખની અંદરના મણિ દર્પણ lensનો સંબંધ અવિચ્છેદ્ય થયો ત્યારે જ વિશ્વની (અનુસંધાન પૃ. ૩૫૪મે)



અમેરિકા ખાતેના ભારતના રાજદૂત ગગનવિહારી મહેતા

લેખક • શ્રી 'ધનંજય'

અમેરિકા ખાતે હિંદના નવા રાજદૂત તરીકે નિમાએલા શ્રી ગગનવિહારી લ. મહેતા આપણા એક અગ્રગણ્ય અને નામાંકિત રાજપુરુષ છે. લગભગ ચાર પેઢીથી એમના કુટુંબની જાહેર સેવાઓ સુવિખ્યાત છે; અને છેલ્લાં વીસ વરસથી જુદાંજુદાં ક્ષેત્રોમાંની વિશિષ્ટ સેવાઓથી શ્રી ગગનભાઈની ખ્યાતિ માત્ર ગુજરાતમાં જ નહિ પણ સારા યે દેશમાં પ્રસરેલી છે. વેપારી મંડળોમાં તેમજ સરકારી વર્તુલોમાં, સાહિત્યકારોમાં ને પત્રકારોમાં, સંસ્કાર-સંસ્થાઓમાં તથા સામાન્ય જનતામાં, સર્વત્ર એમની પ્રતિષ્ઠા એટલી ઊંચી અને માનભરી છે કે આપણા પંત પ્રધાન શ્રી જવાહરલાલ નેહરુએ અમેરિકામાં હિંદના રાજ્યપ્રતિનિધિ તરીકે એમની જે વરણી કરી તેને બધે સહર્ષ વધાવી લેવામાં આવી છે. આ શ્રી ગગનભાઇની દેશવ્યાપી લોકપ્રિયતાનો તથા સરકારની પસંદગીની યોગ્યતાનો પુરાવો છે. ગુજરાત અને સૌરાષ્ટ્રના લોકો એમના ઉત્કર્ષમાં—અને ખાસ કરીને આ ઉચ્ચપદારોહણ સમયે—ગૌરવ લે એ સ્વાભાવિક છે.

શ્રી ગગનભાઈ ગુજરાતી હોવા છતાં એમાંણે લગભગ વીસ વર્ષ કલકત્તામાં ગાળ્યાં છે અને એમની સેવાઓનું ક્ષેત્ર હમેશાં દેશવ્યાપી રહ્યું છે. તેજસ્વી બુદ્ધિ, સમતોલ વિચારણા, વિશાળ ને તલસ્પર્શી જ્ઞાન, સંસ્કારપ્રિયતા, સાહિત્ય અને કલા તરફ ઊંડો અનુરાગ, તીવ્ર હાસ્યવૃત્તિ અને અત્યંત મોહક વ્યક્તિત્વથી એમણે હિંદના દરેક ભાગમાં અસંખ્ય મિત્રો–સ્નેહીઓ મેળવ્યા છે. છેલ્લાં વીસ વર્ષ દરમિયાન એમણે વેપારી ક્ષેત્રમાં અને સ્વાતંત્ર્યની લડત દરમિયાન જાહેર જીવનમાં પોતાની સેવાઓ અવિચ્છિન્ન આપી છે. સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી એમનાં જ્ઞાન, અનુભવ, ઉચ્ચ કાર્યશક્તિ અને એકનિષ્ઠાથી એમણે વહીવટી ક્ષેત્રમાં દક્ષતા દર્શાવી છે અને આપણા સ્વતંત્ર સમાજની નવરચનાના કાર્યમાં એમણે મહત્ત્વનો ભાગ લીધો છે, એટલે પરદેશમાં તેઓ હિંદના સાચા અને સમભાવી પ્રતિનિધિ તરીકે વિશિષ્ટ સ્થાન મેળવશે એ નિર્વિવાદ છે.

શ્રી ગગનભાઇના જીવનની ઊજળી અને ઉત્કર્ષની પરંપરાથી અંકિત કારકિર્દીમાં એમના અભિજાત સંસ્કારો, પ્રતિભાસંપન્ન અને મોહક વ્યક્તિત્વ તથા જાહેર સેવાના ઉચ્ચ આદર્શોમાં અવિચલ નિષ્ઠાનો સમન્વય જણાય છે. મહત્તા એમને માટે અકસ્માત નથી પરંતુ સતત પુરુષાર્થનું પરિણામ છે.

ભાવનગરના કુલીન નાગર કુટુંબમાં ઇ. ૧૯૦૦ની ૧૫મી એપ્રિલે શ્રી ગગનભાઇનો જન્મ થએલો. એમના પિતામહ સામલદાસ પરમાણંદદાસ ભાવનગરના દિવાન હતા ને એમની રાજ્યસેવાઓના સ્મારક રૂપે ભાવનગરમાં 'સામલદાસ કૉલેજ' છે. એમના પિતા સર લલ્લુભાઈ મુંબાઈની વેપારી અને ઔદ્યોગિક આલમમાં એક સાહસિક અને પ્રતિષ્ઠિત વેપારી તરીકે, મુંબાઈ પ્રાંતની સરકારી કાઉન્સિલના સભ્ય તરીકે, સહકારી પ્રવૃત્તિના આદ્ય પ્રણેતા તરીકે તેમજ જાહેર જીવનમાં એક અગ્રગણ્ય શહેરી તરીકે પ્રખ્યાત હતા. એમના જ્યેષ્ઠ બંધુ શ્રી વૈકુંઠભાઇ મહેતા દાયકાઓથી મુંબાઇ રાજ્યની સહકારી પ્રવૃત્તિના પ્રાણરૂપ છે; અને છેલ્લાં પાંચ વર્ષથી મુંબાઈ રાજ્યના નાણાંપ્રધાન તરીકે અસાધારણ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી હાલ હિંદના 'નાણાંકીય પંચ'ના સભ્ય તરીકે કામ કરે છે. કુટુંબજીવનના સંસ્કારોએ શ્રી ગગનભાઈના ઘડતરમાં સ્વાભાવિકરીતે જ પ્રબળ અસર કરી છે. આ અભિજાત સંસ્કારોમાં ખાનદાની, બુદ્ધિચાતુર્ય, કુનેહ તથા હૃદયની ઉદારતા એમના સ્વભાવનાં સાહજિક લક્ષણો છે; પણ સૌથી આગળપડતી અસર તો એમના કુટુંબની જાહેર સેવાની જીવનપ્રણાલિકા છે.

એમનો બાલ્યકાળ શ્રીમંત અને સંસ્કારી કુટુંબના સુખસંપત્તિભર્યા વાતાવરણમાં પસાર થએલો. પરંતુ શિશુવયનાં જ, સાતમે વર્ષે એ માતૃસુખથી વંચિત થયા; એટલે એમની સંભાળ રાખવાનું કામ એમનાં સાહિત્યરસિક બહેન સ્વ. સુમતિબહેને માથે લીધું. પરંતુ દુર્દૈવવશાત્ લગભગ ચાર વર્ષને ગાળે મૃત્યુએ તેમને પણ અકાળ ઝડપી લીધાં. આ બન્ને બનાવોથી એમના બાલ માનસે ઊંડો આઘાત અનુભવ્યો. ત્યાર બાદ એમનો ઉછેર લલ્લુકાકાની અત્યંતપ્રભાવશાળી અને વાત્સલ્યપૂર્ણ છત્રછાયા નીચે થયો હતો.

એલ્ફિન્સ્ટન કૉલેજમાંથી ઇતિહાસ અને અર્થશાસ્ત્રના ઐચ્છિક વિષયો સાથે તેઓ ૧૯૨૧માં મુંબઈ વિદ્યાપીઠના સ્નાતક થયા. કૉલેજજીવનની એમની અભ્યાસની કારકિર્દી ઉજ્જવલ હતી. સામાન્ય રીતે એમને રાજકારણ, અર્થશાસ્ત્ર તથા સમાજશાસ્ત્રના વિષયો તરફ અભિરુચિ હોવાથી ૧૯૨૧માં તેઓ લંડન સ્કુલ ઑાવ ઇકૉનૉમિક્સમાં વિશેષ અભ્યાસ માટે ગયા. ટૂંક સમયમાં જ ત્યાં એમની મેધાશક્તિની પ્રશંસા થઈ. આ સંબંધમાં એક પ્રસંગ ખાસ નોંધપાત્ર છે. વર્ગના વિદ્યાર્થીઓને તરુણ અધ્યાપક હૅરૉલ્ડ લૅસ્કીએ રાજકારણના એક વિષય પર નિબંધ લખવા સૂચના કરેલી. એને

ગગનવિહારી મહેતા

અમેરિકામાં ભારતના રાજદૂત તરીકે નિયુક્ત થએલા શ્રી ગગનવિહારી મહેતા, અને છેલ્લા એક વર્ષથી ભારતમાંના અમેરિકન રાજદૂત તરીકેની કામગીરી સફળપણે બજાવી રહેલા શ્રી ચેસ્ટર બાઉલ્સ વચ્ચેનું એક સામ્ય દર્શાવી શકાય એવું છે. બાઉલ્સ જેઓ વેપારી અને રાજદ્વારી છે તે, જેની કારકિર્દી જ રાજનીતિજ્ઞ તરીકેની છે એવા શ્રી લૉય હેન્ડરસનના અનુગામી બન્યા, શ્રી મહેતા જે વેપારી ને પત્રકાર છે તે જેમની કારકિર્દી જ રાજનીતિજ્ઞ તરીકેની છે તેમના અનુગામી બન્યા છે.

ચંચળ અગ્નિ-એશિયામાં થાપણ મૂકવા માટેની સદ્ધરમાં સદ્ધર કોઈ જગા હોય તો ભારત છે એમ અમેરિકાને વધારે ને વધારે સમજાતું ગયું છે, એ છે શ્રી ચેસ્ટર બાઉલ્સની નિમણૂક પાછળનું રહસ્ય. અને પૂર્વ પશ્ચિમ વચ્ચે અત્યારે જે અપ્રગટ યુદ્ધ ચાલી રહ્યું છે તેમાં આપણું તાટસ્થ્ય અકબંધ જાળવી રાખીને પણ અમેરિકા સાથે વેપાર કરી શકાય છે એવી આત્મપ્રતીતિ ભારતને વધારે ને વધારે થતી જાય છે એ છે શ્રી ગગનવિહારી મહેતાની નિમણૂક પાછળનું રહસ્ય.

વૉશિંગ્ટન ખાતે શ્રી મહેતાની નિમણૂકને ભારત અને અમેરિકા બંનેએ વધાવી લીધી છે તેનાં ઘણાં કારણો છે. એક યોગ્ય વ્યક્તિની નિમણૂક થઈ છે એટલા માટે જ નહિ, પણ રાજનૈતિક દૃષ્ટિએ એ નિમણૂક તર્કશુદ્ધ છે એ માટે પણ એ વધાવી લેવાઈ છે. શ્રી મહેતાનું આકર્ષક વ્યક્તિત્વ, એમનો ભૂતકાળ, એમને મળેલી તાલીમ, ને બુદ્ધિનો એમનો સંચય, એ બધું જોતાં હાલના સંજોગોમાં ને આવતાં પાંચ વર્ષમાં ભારત-અમેરિકા વચ્ચે આદર્શ કડી બની શકે એવી વ્યક્તિ એ એક જ છે.

પ્રથમ તો ચૂંટણી પછીનો નેહરુ સરકારનો લગભગ આખો યે કાર્યક્રમ પંચવાર્ષિક યોજના પર મંડાએલો છે. શ્રી મહેતા એ યોજનાના ઘડવૈયાઓ પૈકીના એક છે; એ રાષ્ટ્રવ્યાપી યોજનાના ખૂણાખાંચાથી માહિતગાર જે થોડીક વ્યક્તિઓ છે તેમાંના એ એક છે. અને આવતાં કેટલાં ય વર્ષો સુધી ભારતના જીવન પર એ યોજનાનું જવર્ચસ્વ રહેવાનું છે.

અને પંચવાર્ષિક યોજનાની સફળતાનો લગભગ ત્રીજો ભાગ તો પરદેશી સહાય પર અવલંબે છે. (આંકડાની ભાષામાં એ સહાયની રકમ રૂા. ૬૦૦ કરોડ થવા જાય છે, પણ વાસ્તવમાં એથી યે વધારે છે; કેમકે એ સહાય પચાવવાની ભારતની શક્તિ પણ જોવી જોઇશે અને એને માટે વધારાની પરદેશી ઉત્તેજનાઓ કદાચ પૂરી પાડવી રહેશે.) અને પરદેશી સહાય એટલે મુખ્યત્વે અમેરિકન સહાય. આમ પંચવાર્ષિક યોજના પૂરતા શ્રી મહેતા એ માણસ છે અને અમેરિકા એ દેશ છે. ભીખ માગી કહેવાય નહિ અને પૈસા કેમ વધારે કઢાવવા આજે દેવાદારની મૂંઝવણ, તેનો નિકાલ લાવવો એ એમનું કામ રહેશે. પૈસા ધીરનારની મૂંઝવણનું જ એ વિરોધી રૂપ છે. ધીરનારની મૂંઝવણ આ છે: એવી કઈ રીતે સહાય આપવી જેથી ભારતની વેદનશીલતાને આઘાત ન પહોંચે. એ મૂંઝવણનો સામનો શ્રી બાઉલ્સને કરવાનો છે.

બીજી વાત એ કે શ્રી મહેતા સ્વભાવથી અમેરિકન જીવનદૃષ્ટિ સાથે મળતા છે. જોકે એમના ભારતીય ઉદ્‌ભવને કારણે એમાં કાંઇક જુદાપણું વરતાય ખરું. 'અમેરિકાની મારી આરાધ્ય વિભૂતિઓ તે ટૉમસ જેફરસન, એમર્સન ને ચાર્લી ચૅપ્લીન છે,' એમ એમણે મને કહેલું. એક લસરકે એમણે આમ કહી નાખ્યું તેનો અર્થ એટલો કે હાથમાં લીધેલા કામના ઊંડા અભ્યાસને જરાયે બાધ ન આવે એ રીતે કેટલાયે વિષયોના એ શોખીન છે.

એમને મુગ્ધ કરનારું અમેરિકાનું બીજું તત્ત્વ તે અમેરિકન વ્યક્તિની આગળ પડીને કામ કરવાની ધગશ અને અમેરિકન સમાજ તેને માટે પ્રોત્સાહન અને અવકાશ પૂરો પાડે છે એ છે. 'સમાજશાસ્ત્રમાં સામાજિક ઊર્ધ્વગતિની જે કલ્પના છે તેની કદાચ આપ વાત કરો છો?' એમ મેં વચમાં પૂછ્યું. અને નીકળ્યું પણ એ જ. કેમકે શ્રી મહેતાએ કહ્યું કે અમેરિકન જીવનપ્રણાલીમાં જે ઉત્સાહવર્ધક તત્ત્વ છે તે એ કે એમાં કુળ કે વગના ટેકા વિના વ્યક્તિ પોતાની બુદ્ધિ અને ખંતથી ગમે તેટલે ઊંચે જઈ શકે એવી વ્યવસ્થા છે. કુળ ને ઓથનો ભારતમાં એટલો બધો મહિમા છે કે વ્યક્તિનાં ગૌરવ ને ઉપયોગિતાનો અમેરિકાએ જે સાર્વત્રિક સ્વીકાર કરી લીધો છે તે હકીકત ભારતવાસીની નજરે સૌથી પહેલી ચડે છે. અમેરિકન જીવનપ્રણાલી વિષે શ્રી મહેતાને વિવેકયુક્ત પ્રશંસાભાવ હોવાથી વૉશિંગ્ટનના એલચી ખાતાના એમના કેટલાક પુરોગામીઓએ જેવી ભૂલો કરેલી તેવી ભૂલો શ્રી મહેતાને હાથે થાય એવો

પરિણામે જે નિબંધો આવ્યા તેમાં એમનો નિબંધ શ્રેષ્ઠ લાગવાથી તે હાથમાં લઈ વર્ગના વિદ્યાર્થીઓની સમક્ષ એના ગુણની પ્રશંસા કરી હતી. શરૂઆતથી જ શ્રી ગગનભાઈ અભ્યાસશીલ છે. ગમે તેવા કઠિન વિષયનું પરિશીલન કરી તેના પર એ સ્વામિત્વ મેળવી લે છે, એટલું જ નહિ પરંતુ તેને સરળ, વિશદ અને શિષ્ટ ભાષામાં વ્યક્ત કરીને બીજાને સમજાવી શકે છે. લંડન સ્કુલ ઑવ ઈકૉનૉમિક્સનો અભ્યાસ એમને લગભગ એકાદ વર્ષને અંતે, તબિયતને કારણે અધૂરો મૂકવો પડ્યો. વિલાયતની ઠંડી હવા એમને માફક ન આવવાથી દાકતરોએ તેમને યુરોપ છોડવાની સલાહ આપી અને તેથી તેમને ૧૯૨૨માં હિંદ પાછા ફરવાની ફરજ પડી. લંડન સ્કુલનાં વાતાવરણ અને શિક્ષણક્રમ ઉપરાંત 'માનવધર્મ'(humanism) અને 'સ્વતંત્રતાવાદ'(liberalism)ના સિદ્ધાંતોની એમના પર પ્રબળ અસર થઇ હતી. આ અભ્યાસક્રમ ઉપરાંત બર્ટ્રાંડ રસેલ, પ્રો. ગ્રેહમ વોલેસ, સિડની વેબ, પ્રો. હૅરૉલ્ડ લૅસ્કી, જી. ડી. એચ કોલ, બર્નાર્ડ શૉ વગેરેના ગ્રંથો અને વિચારોની એમના ચિંતનશીલ માનસ પર ખૂબ ગંભીર અને તલસ્પર્શી અસર થઇ હતી.

૧૯૨૩ના અરસામાં તેઓ પ્રથમ મુંબાઈના સુવિખ્યાત રાષ્ટ્રીય દૈનિક 'બૉમ્બે ક્રૉનિકલ'ના ઉપતંત્રી તરીકે જોડાયા. એ કાળમાં એ પત્ર સ્વાતંત્ર્યની લડતનું અગ્રેસર હતું અને એના તંત્રીમંડળમાં સ્વ. સૈયદ અબ્દુલ્લા બ્રેલ્વી તથા શ્રી પોથાન જોસેફ જેવા સુપ્રસિદ્ધ પત્રકારો હતા. શ્રી ગગનભાઈ તેમાં અભ્યાસપૂર્ણ લેખો, નિબંધો, અવલોકનો, સાંપ્રત વિષયોનાં નિરૂપણ અને વિવેચનો, હાસ્યરસિક માર્મિક કે કટાક્ષમય ટુચકાઓ અને લેખો લખતા. મૂળથી જ એમને લખવાની અસાધારણ 'સરળતા' છે અને પત્રકારત્વના અનુભવ દરમિયાન એમની હથોટી વધારે પરિપક્વ બની. આ ઉપરાંત ગુજરાતી અને અંગ્રેજી સાહિત્યનું એમનું વાચન તથા અભ્યાસ પણ હમેશાં ચાલુ હતાં. વળી એમણે ગુજરાતી સાહિત્યમાં પણ નિબંધો, વાર્તાઓ, વિવેચનો અને હાસ્યરસના અનેક લેખો પ્રસિદ્ધ કર્યા. આ સમયમાં બર્નાર્ડ શૉ, ઑસ્કર વાઇલ્ડ, સ્ટીફન લીકૉક અને ગાલ્સવર્ધીનાં પુસ્તકો એમને પ્રિય હતાં. ગુજરાતી ને અંગ્રેજી ભાષા પરનું એમનું પ્રભુત્વ પ્રશંસાજનક છે. અંગ્રેજીમાં શિષ્ટ, વિશદ અને સુરેખ ગદ્યશૈલીના લેખક તરીકે એમણે વિશિષ્ટ સ્થાન મેળવ્યું છે. પત્રકાર-

લે૦ કૃષ્ણલાલ શ્રીધરાણી

સંભવ નથી. સંબંધને મોટા આંચકા લાગવા દીધા વિના એનું માધુર્ય એ ટકાવી રાખશે.

ત્રીજી વાત એ કે આંતરરાષ્ટ્રીય પરિષદોનો પણ શ્રી મહેતાને બહોળો અનુભવ છે. ૧૯૪૪માં ન્યૂ યૉર્કમાં રાઇ ખાતે મળેલી આંતરરાષ્ટ્રીય વેપારી પરિષદમાં એમણે ભાગ લીધો હતો અને જે એક જ વાર અને પહેલી વાર અમેરિકા જવાનો એમને પ્રસંગ આવ્યો હતો તેનો પણ એમાં સમાવેશ થઇ જાય છે. રાજદ્વારી કારકિર્દીનો પણ એમને મોહ નહિ હોવાથી, વેપારના પાશવાળા એમના લેખકના જીવને વેપારી સાહસવૃત્તિના વર્ચસ્વવાળી સંસ્કૃતિમાં ઠીક ચેન પડતું હતું. (અમેરિકન વર્તુળોમાં એ મોકળે મહાલતા હતા એનો હું નજરોનજર સાક્ષી હતો.)

ચોથી વાત એ કે વધારેપડતો ઘરોબો દાખવ્યા વિના શ્રી મહેતા મિલનસાર રહી શકે છે. એમનામાં ઘમંડીઓની અક્કડાઈ નથી કે કવિજનોની માફક એ વિચારમગ્ન રહેતા નથી. સાગાને રીઝવવા માટે, મૈત્રી કરવા માટે અને મૈત્રી ટકાવી રાખવા માટે એ સદા જાગ્રત, સદા તત્પર રહે છે. એ સહેલાઈથી બીજાની સાથે ભળી જાય છે, ને કોઈ પણ વિષય સાથે અભ્યાસીની રીતે પ્રસંગ પાડવાની એમની પદ્ધતિને લીધે અમેરિકાનાં બુદ્ધિજીવી મંડળો એમને સત્કાર્યા વિના [illegible]હે. આપણા છઠ્ઠા રાજદૂત એ પહેલા જ ખરેખરા—માત્ર કાગળ પરના નહિ—નિર્બંસની નેનિરામિષાહારી રાજદૂત હશે. જે દેશમાં મદ્યમાંસ નૈતિક દષ્ટિએ વર્જ્ય ગણાતાં નથી તેની સાથે ભળવામાં આ બે નાના અંતરાયો છે એ સ્વીકારવું પડશે.

શ્રી મહેતા વિનોદી છે. ભારતવાસીઓ એમને વિષે પહેલી આ જ વાત કરે છે અને પરદેશીઓ પણ આ તત્ત્વ એમનામાં નિહાળીને નિરાંત અનુભવે છે. એથી પણ વિશેષ બીજાઓની વિનોદવાર્તાને એ દૂંપી નાખતા નથી. રમૂજી ટુચકાઓના એ ભંડાર છે.

'જી. એલ. એમ.'ને નામે શ્રી મહેતા વધારે જાણીતા છે. આપણા પ્રધાનમંત્રી જવાહરલાલ નેહરુની વિદેશનીતિ સમજાવવી એ 'મારું પહેલું કર્તવ્ય' રહેશે એમ શ્રી મહેતાએ જણાવ્યું હતું. અમેરિકાએ પોતાની અલગ નીતિનો ત્યાગ કર્યો તે પછી અમેરિકામાં તાટસ્થ્ય એ આકરા પ્રહારોનો વિષય બને છે. તેમ છતાં શ્રી મહેતાનું કાર્ય તેમના પુરોગામીઓ જેવું મુશ્કેલ નહિ બને; કેમકે અમેરિકાનાં જાણકાર વર્તુલોમાં નેહરુનો સિદ્ધાંત ધીમેધીમે સમજાતો આવે છે. ભારતને બંને પક્ષે મિત્રો હોવાથી મધ્યસ્થ તરીકે ઝટ કોઇનો ખપ કરી શકાય એમ હોય તો એ જ છે. અગ્નિએશિયાના અવિકસિત દેશોના વિકાસનું મહત્ત્વ સમજાવવું એ 'મારું બીજું કર્તવ્ય' રહેશે એમ શ્રી મહેતાએ મ[illegible]ં. આમાં પણ શ્રી મહેતાના ધર્મકાર્યમા [illegible]લીફ નહિ નડે. કેમકે અમેરિકન નીતિના ઘડવૈયાઓએ પોતે જ હવે ચોથા મુદ્દાનો કાર્યક્રમ અપનાવ્યો છે, જેનો ઉદ્દેશ અગ્નિએશિયાના અવિકસિત પ્રદેશોને વિકસાવવાનો છે. કંગાલોના વાસની વચ્ચે મહેલ ઊગે જીવે જ બિરાજી શકે અમેરિકનો પણ એ સમજ્યા છે.

શ્રી મહેતાનો જન્મ ૧૯૦૦ના એપ્રિલની પંદરમીએ થયો હતો. મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાં અને લંડનની સ્કૂલ ઑવ ઇકૉનૉમિક્સમાં એમણે અભ્યાસ કર્યો હતો. સ્વદેશ પાછા ફર્યા પછી 'બૉમ્બે ક્રૉનિકલ'ના ઉપતંત્રી તરીકે તેઓ જોડાયા, પણ વેપારમાં જોડાવા માટે એમણે પત્રકારત્વ છોડી દીધું અને કલકત્તા ખાતે સિંધિયા સ્ટીમ નૅવિગેશન કંપનીના મૅનેજર થયા. હિંદી વહાણવટાના વિકાસ સાથે આ પ્રકારે એ સંકળાયા. હિંદી વહાણવટાના વિકાસની હિલચાલ શરૂ કરનારાઓમાં બીજા બધાની સાથે શ્રી મહેતાના પિતા પણ હતા એ હકીકત નોંધપાત્ર છે. ૧૯૪૨માં 'ફેડરેશન ઑવ ઇન્ડિયન ચેમ્બર્સ ઑવ કૉમર્સ ઍન્ડ ઇન્ડસ્ટ્રીઝ'ના એ પ્રમુખ થયા. ત્યાર પછી સરકારે નીમેલી અનેક સમિતિઓમાં એમણે કામ કર્યું છે. ૧૯૪૭માં ઇન્ડિયન ટૅરિફ બૉર્ડના એ પ્રમુખ બન્યા. પણ ૧૯૫૦થી નિયોજન સમિતિના કામકાજ દરમ્યાન એ 'દિલ્હીવાળા' બની પ્રધાનમંત્રી નેહરુના કાયમના સમાગમમાં આવ્યા.

દીવાનગીરી કરનારા ભાવનગરી નાગર કુટુંબના એ નબીરા છે. જે કુટુંબે સાહિત્યિક શક્તિવાળા કેટલા યે વહીવટકુશળ માણસો ઉપજાવ્યા છે. ગુજરાતના પ્રસિદ્ધ હાસ્યરસિક લેખકની પુત્રી શ્રી સૌદામિની મહેતા, જે પોતે પણ એક લેખિકા છે, એમની સાથે શ્રી મહેતાનું લગ્ન થયું છે. એમને ત્રણ પુત્રીઓ છે, જેમાંની બે પુત્રીઓએ અમેરિકામાં રહીને અભ્યાસ કર્યો છે અને ત્રીજી હવે એ પ્રકારની આશા સેવે છે.

ત્વની હવામાં જ સ્વાતંત્ર્ય-પ્રિયતા, ખેલદિલી પરસ્પર, સુજનતા અને મિલનસારપણાની ભાવનાઓ ભરેલી હોય છે. શ્રી ગગનભાઈ પત્રકારોનાં મંડળોમાં ખૂબ લોકપ્રિય છે, કારણકે તેઓ પૂર્વવત્ એમની સાથે ભળી જાય છે. એટલી જ સહેલાઇથી અને સાહજિકતાથી તેઓ શિષ્ટ માનવમંડળીમાં પણ મિલનસાર બની જાય છે.

પત્રકારત્વમાં અઢી વર્ષ ગાળ્યા પછી ૧૯૨૫માં તેઓ સિંધિયા સ્ટીમ નૅવીગેશન કંપનીમાં જોડાયા. તેમાં શરૂઆતમાં મુંબાઈ અને રંગૂનમાં થોડો સમય કામ કરીને તેઓ ૧૯૨૮માં કલકત્તાની ઑફિસના મૅનેજર નિમાયા. ત્યારથી ૧૯૪૭ સુધી એ સ્થાને તેઓ રહ્યા હતા. કલકત્તા જેવા પ્રથમ પંક્તિના વેપારી મથકની સિંધિયાની ઑફિસના સંચાલન સાથે બીજી આનુષંગિક પ્રવૃત્તિઓ પણ સંકળાએલી હતી. સવિશેષ, શ્રી ગગનભાઈ કલકત્તાની વેપારી, બંદરી, સાંસ્કૃતિક તથા સામાજિક પ્રવૃત્તિઓ અને સંસ્થાઓમાં સક્રિય રસ લેતા હતા. વહાણવટાને અંગે તેમણે કલકત્તા પોર્ટના કમિશનર તરીકે ૧૯૩૦થી '૪૭ સુધી કામ કરેલું; અને 'સેન્ટ્રલ ઍડવાઈઝરી કમિટી ઑવ લાઈટ હાઉસિઝ' તથા 'બૅંગાલ પાઇલટ ઍડવાઈઝરી કમિટી'ના તેઓ સભ્ય હતા. વેપારી ક્ષેત્રમાં તેઓ કલકત્તાની ઇન્ડિયન ચેમ્બર ઑવ કૉમર્સ'(વ્યાપારી મંડળ)ની કમિટીના સભ્ય તથા ૧૯૩૯-૪૦ના વર્ષમાં પ્રમુખ હતા. ૧૯૩૧-૩૨થી તેમણે જાહેર જીવનમાં ભાગ લેવાની શરૂઆત કરી ત્યારથી તેઓ સિંધિયા કંપની તરફથી વહાણવટા અને અન્ય વેપારી પ્રશ્નો અંગે જુદીજુદી સંસ્થાઓ તથા મંડળોમાં પ્રતિનિધિ તરીકે જતા. ફેડરેશન ઑવ ઇન્ડિયન ચેમ્બર્સ ઑવ કૉમર્સ ઍન્ડ ઇન્ડસ્ટ્રી'ના પ્રત્યેક વાર્ષિક અધિવેશનમાં તેઓ હાજરી આપતા, એટલું જ નહિ પરન્તુ એની કાર્યવહીમાં અગત્યનો ભાગ લેતા. અગત્યના ઠરાવો કે નિવેદનો ઘડવામાં હમેશાં એમની હાજરી હોય જ. સમગ્ર દેશના આર્થિક હિત પરત્વેના અગત્યના પ્રશ્નો, જેવાકે દેશી વહાણવટા માટે કિનારા-બંધી, યુરોપીય હિતો માટે 'વેપારી બાંહ્યધરીઓ, દેશમાં ઉદ્યોગોનો વિકાસ, સરકારી વેપારનીતિ વગેરેનો તેઓ ઊંડો ને તલસ્પર્શી અભ્યાસ કરીને શિષ્ટ ને અસરકારક ભાષામાં પોતાનું દષ્ટિબિંદુ રજૂ કરતા.

તેઓ જેમ શિષ્ટ અને સુરેખ ગદ્યના લેખક છે તેમ અસરકારક વક્તા પણ છે. શિષ્ટ અને સ્પષ્ટ વાણીમાં મોહકરીતે તેઓ

અસ્ખલિત પ્રવાહથી બોલે છે. આપણા અગ્રગણ્ય વેપારીઓ અને ઉદ્યોગપતિઓમાં એમનું સ્થાન હમેશાં શિષ્ટ રહ્યું છે અને એમણે સર્વનાં માન તથા પ્રીતિ સંપાદન કર્યાં છે. ૧૯૪૨-૪૩માં તેઓ એમના ફેડરેશનના પ્રમુખ હતા.૧૯૪૩ના માર્ચના અધિવેશનના પ્રમુખ તરીકેનું એમનું ભાષણ અદ્વિતીય હતું. હિંદના આર્થિક વિકાસમાં સ્વદેશી ખાનગી સાહસોએ ઘણો અગત્યનો ભાગ ભજવવાનો છે અને એ માટે તેમને પૂરતાં પ્રોત્સાહન તથા અવકાશ મળવાં જોઇએ એવી એમણે પ્રબળ હિમાયત કરી હતી; પરન્તુ સાથે:સાથ અસાધારણ હિંમત અને કુનેહથી એમણે ખાનગી સાહસોને ખાસ ઉદ્દેશીને કહ્યું હતું કે રાજકારણના પ્રગતિશીલ સિદ્ધાંતો અને સ્વતંત્રતાને અનુરૂપ 'સામાજિક ન્યાય'(social justice)નો દરેક તબક્કે સમન્વય સાધીને જ એમણે આગળ વધવું જોઇએ. અહીં ઉમેરવાની જરૂર છે કે સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી આ સિદ્ધાંત આપણી સરકારની ઔદ્યોગિક નીતિનો એક મૂળગત ભાગ બની રહેલો છે.

કલકત્તાના નિવાસ દરમિયાન એમની સાહિત્ય-પ્રવૃત્તિ ચાલુ જ હતી. ૧૯૨૭માં એમણે અનેક પ્રવૃત્તિઓ વચ્ચે, 'The Social Philosophy of Bertrand Russell' પરનો નિબંધ પૂરો કર્યો અને મુંબઈ વિદ્યાપીઠમાં thesis (મહાનિબંધ) તરીકે પેશ કરીને એમ. એ.ની પદવી પ્રથમ વર્ગમાં સંપાદન કરી. આ નિબંધમાં એમણે વ્યક્તિ-નીતિ ને સામાજિક-નીતિ પરત્વેના બર્ટ્રાન્ડ રસેલના સિદ્ધાંતો તેમજ રાજકારણના તત્ત્વજ્ઞાનનું અત્યંત વિશદ ને તલસ્પર્શી નિરૂપણ કરેલું છે. શ્રી સર્વપલ્લી રાધાકૃષ્ણન્, જેઓ આ નિબંધના એક પરીક્ષક હતા એ તેનાથી ખૂબ પ્રસન્ન થયા હતા.

શ્રી ગગનભાઈનાં ગુજરાતી હાસ્ય-રસિક લખાણોનો સંગ્રહ 'આકાશનાં પુષ્પો' પણ આ અરસા(૧૯૨૯)માં બહાર પડયો હતો; એના આમુખ તરીકે પ્રસિદ્ધ થએલો એમનો 'હાસ્ય-રસ' પરનો નિબંધ વિચારશીલ અને મનનીય છે. એમનાં અંગ્રેજી હાસ્યરસિક લખાણોના બે સંગ્રહો From Wrong Angles (૧૯૩૫) અને Perversities (૧૯૪૨) આ સમય દરમિયાન પ્રસિદ્ધ થયા હતા. એમના અંગ્રેજી લેખો પણ ખૂબ લોકપ્રિય બન્યા છે. કોઇ પણ પરિસ્થિતિમાં અસંગતિ જોતાં કે વચન અને કથનમાં વદતોવ્યાઘાત નિહાળતાં એમની હાસ્યવૃત્તિ તેનું રસિક અને નર્મયુક્ત નિરૂપણ કરી હસવા-હસાવવા પ્રેરે છે. એમનો હાસ્યરસ નિર્દોષ છે; એમાં કટુતા કે મત્સરનો લેશમાત્ર અંશ નથી. શિષ્ટ, નર્મ-પ્રધાન અને સૂક્ષ્મ પ્રકારના હાસ્યરસના પ્રથમ પંક્તિના લેખક તરીકે તેઓ સુવિખ્યાત છે. અન્ય પ્રવૃત્તિઓને લીધે એમના સાહિત્ય-સર્જનનો પરિપાક ઓછો થયો છે; પરન્તુ એમની વાઙ્મયની ઉપાસના અવિચ્છિન્ન રહી છે. છેલ્લા દાયકામાં પ્રસિદ્ધ થએલા એમના વિવિધ વિષય પરના લેખો, નિબંધો અને પ્રવચનો એમના ચિંતનપ્રધાન અને ઓજસ્વી વ્યક્તિત્વના આવિર્ભાવ રૂપ છે.

પરદેશોમાં હિંદના પ્રતિનિધિ તરીકે જવાનો એમને સારો અનુભવ છે. ૧૯૩૭માં 'ઈન્ટરનૅશનલ લેબર કૉન્ફરન્સ'માં એમ્પ્લૉયર્સના સલાહકાર તરીકે તેઓ ગયા હતા; અને એ જ સમયે બર્લિનમાં મળેલા ઈન્ટરનૅશનલ ચેમ્બર ઑવ કૉમર્સના અધિવેશનમાં હાજરી આપી હતી. ૧૯૪૪માં ન્યૂ યૉર્કમાં મળેલી ઈન્ટરનૅશનલ બિઝનેસ કૉન્ફરન્સ'ના અધિવેશનમાં પ્રતિનિધિ તરીકે એમણે ભાગ લીધો હતો; અને ૧૯૪૭માં 'ઇન્ટરનૅશનલ ટ્રેઇડ કૉન્ફરન્સ'માં ગએલા હિંદી પ્રતિનિધિમંડળના તેઓ સભ્ય હતા. મોંત્રોમાં મળેલી 'ઈન્ટરનૅશનલ ચેમ્બર ઑવ કૉમર્સ'માં તેઓ પ્રતિનિધિ હતા ને 'ઈન્ટરનૅશનલ લેબર ઑર્ગેનાઇઝેશન'ની ઇન્લૅન્ડ ટ્રાન્સ્પૉર્ટ કમિટીના સભ્ય હતા. આ બધાં આંતરરાષ્ટ્રીય અધિવેશનોમાં એમનો ફાળો સક્રિય ને મહત્ત્વનો હતો. આંતરિક વેપારી પ્રશ્નો અંગેના એમના વિશાળ અને પરિપક્વ અનુભવમાં આથી ઉમેરો થયો અને પરદેશી વેપારી મંડળોના નિકટ પરિચયમાં આવવાની એમને તક મળી.

૧૯૪૭ના નવેમ્બરમાં આપણી રાષ્ટ્રીય સરકારે 'ઇન્ડિયન ટૅરિફ બોર્ડ'ના પ્રમુખ તરીકે એમની નિમણૂક કરી અને એમની સરકારી કારકિર્દીનો પ્રારંભ થયો. જોકે આ અગાઉ કેટલીક સરકાર-નિયુક્ત સમિતિઓના સભ્ય તરીકે એમણે કામ કર્યું હતું. આ સંબંધમાં ૧૯૪૬માં 'ઍડવાઇઝરી પ્લૅનિંગ બોર્ડ'(સલાહકાર નિયોજક સમિતિ)ના સભ્ય તરીકે એમણે કરેલું કામ ખાસ નોંધપાત્ર છે. 'ઇન્ડિયન ટૅરિફ બોર્ડ'નું કામ પહેલાં કરતાં વિશેષ વિસ્તૃત બન્યું હતું, કારણકે લડાઈ દરમિયાન હિંદમાં પુષ્કળ નવા ઉદ્યોગો ઉપસ્થિત થયા છે અને

સુભાષિત

· ઉપજાતિ ·

लङ्कापतेः संकुचितं यशो यद् यत्कीर्तिपात्रं रघुराजपुत्रः ।
स सर्व एवादिकवेः प्रभावो, न कोपनीयाः कवयः क्षितीन्द्रैः ॥

(અનુવાદ)

ઝાંખી પડી રાવણની સુકીર્તિ, શ્રીરામની કીર્તિ દિગંત વ્યાપી;
એ તો થયું આદિકવિ પ્રભાવે, રાજા ! કદી ના કવિને ખિજાવો.

[વિવરણ: આ શ્લોક ભલે કોઈ રાજા કે સત્તાધીશ ઉપર ચિડાએલા કવિનો હોય; પરંતુ એમાં એક વ્યવહારુ સત્ય કહેવાયું છે. દુનિયાના વ્યવહારમાં ધનવાનો અને સત્તાધીશો કવિઓ તથા લેખકો તરફ ઘણુંખરું તિરસ્કારવૃત્તિથી કે અણગમાથી જુએ છે. પણ ધન અને સત્તા બંને અનિત્ય છે. લક્ષ્મીને ચંચળ કહી છે અને 'ઊતર્યો અમલદાર કોડીનો' એ કહેવત પણ ખરી છે. સરસ્વતી પાસે ભલે સત્તાનું જોર નથી, પણ એનું સ્થાન અમર છે. ઇતિહાસમાં ભલભલા સમ્રાટો થઇ ગયા, પણ કવિઓ અને લેખકો જેટલાં એમનાં નામ અમર નથી; અને તે પૈકી જેમનાં નામ આજે આપણે ક્વચિત યાદ કરીએ છીએ તેઓ પણ કવિઓ, લેખકો કે કલાકારોને લીધે, અથવા એમની દ્વારા તેઓએ સેવેલા સાહિત્ય, કલા કે સ્થાપત્ય સાથેના સંસર્ગને લીધે.

ઉપરના શ્લોકનું તાત્પર્ય એ છે કે રામચંદ્ર બહુ સારા હતા અને રાવણ બહુ ખરાબ હતો એ કોણ જોવા ગયું હતું? આદિ કવિ વાલ્મીકિએ રામાયણ લખીને રામને અમર ન કર્યા હોત અને રાવણને ન નિંદ્યો હોત તો? એ જ રીતે વ્યાસે મહાભારત રચીને તે સમયના રાજાઓને ઊંચું કે નીચું સ્થાન આપ્યું છે. અને શ્રી કૃષ્ણને તો ઈશ્વરપદ આપી, એમના મુખમાં ભગવદ્‌ગીતા જેવું અમર કાવ્ય મૂકીને ભારતની બહારની દુનિયામાં પણ એમના જ્ઞાનનું અમરત્વ ફેલાવ્યું છે. એટલે જ આ કવિ કહે છે કે કવિઓને છંછેડશો નહિ. યુરોપના દેશોમાં પણ મોટા સત્તાધીશ પ્રધાનો એમના પ્રધાનપદથી નહિ પણ એમણે સાહિત્યમાં આપેલા કાંઇ ને કાંઇ ફાળાને કારણે અમર છે. સાહિત્યની અવમાનના કરતા અને ધન તથા સત્તાના મદમાં મસ્ત રહેલા પુરુષોને આ સુભાષિતમાં વિનોદભરી ચેતવણી છે. —ર. ભી.]

ઘરફોડ

રહસ્યકથા-શ્રેણી [૧]

કલ્યાણદાસ શેઠે સાંજની ગાડીમાં ઘેર આવતાં પોતાના પૂત્રાના ઓરડાની પાછલી બારી ખુલ્લી જોઈ, અને વહેમ પડ્યો. સવારે નડિયાદ એક સગાના મરણમાં પોતે ને શેઠાણી લૌકિકે ગયાં ત્યારે તો બધું સગે હાથે બરોબર બંધ કરીને ગયાં હતાં. રસોયો ત્રણ દિવસથી રજા પર હતો અને ઘરકામ કરનારી બાઈ બપોર પછી પોતાની માંદી બહેનને જોવા હૉસ્પિતાલમાં જવાની હતી એમ કહેતી હતી. તપાસ કરી તો કબાટમાંથી બધી રોકડ રકમ અને શેઠાણીના ચાલુ દાગીના ગુમ થયા હતા. પોલીસ ચોકીએ ટેલીફોન કરતાં જ ઈન્સ્પેક્ટર દીક્ષિત આવી પહોંચ્યા. તેણે બધું સાંભળી–જોઈ લઇને પૂછ્યું 'આ ઉપરાંત બીજો કોઇ નોકર તમારે ત્યાં નથી ?

'માળી આવે છે, પણ તે તો કામ કરીને જતો રહે છે.'

દૂરના પરામાં રહેતા માળીને ઘેર જઈ જુબાની લેતાં તેણે જણાવ્યું કે તે રોજને વખતે સાડા પાંચે કામ બંધ કરીને સાઇકલ પર ઘેર આવ્યો હતો. કામ દરમ્યાન ચાર વાગ્યા પછી વરસાદનું સખત ઝાપટું પડ્યું ત્યારે પોતે સામાનની ઓરડીમાં આશ્રય લીધો હતો વરસાદ વરસતો હતો તે ગાળામાં ટૂંકી ચડ્ડી ને અરધી બાંયના બુશ શર્ટવાળા એક માણસને સાઈકલ પર મુખ્ય સડકેથી ઊતરી આવતા બંગલે આવવાના કાચા રસ્તે સાઈકલ પર ઝાંપાની દિશામાં જતો જોયો હતો. ને વરસાદ રહ્યા બાદ તરત જ તેજ રસ્તે તેને પાછો વળતો જોયો હતો; પણ સાઇકલ ક્લબનો કોઈ સભ્ય હશે એમ માનીને શંકા આવી ન હતી.

પાછા વળીને ઈન્સ્પેક્ટરે બંગલાથી થોડે દૂર આવેલા રેસ્ટોરાંમાં જ્યાં સાઈકલ ક્લબની મીટિંગ મળતી તેના માલિકની જુબાની લીધી. તેણે જણાવ્યું કે મીટિંગ ચારથી પાંચ ચાલી હતી, અને સૌ વિખરાયા ત્યારે તો ઝાપટું પડીને ઉઘાડ થઈ ગયો હતો.

'કોઇ સભ્ય મીટિંગ દરમ્યાન તો નહિ ગયો હોય ?'

'હું ચોક્કસ કહી ન શકું; પણ બધા નાગરિક પોશાકમાં હતા એટલે સંભવ નથી.'

પછી તેણે માળીને સાઇકલ પર નીકળેલા માણસનો ચહેરો, ઉપર રંગ વગેરે વિષે કાંઈ યાદ છે કે કેમ તે પૂછ્યું. પણ માળીએ કહ્યું કે પોતે આ દરમ્યાન પોતાની સાઈકલનું પંક્ચર સમારતો હતો તેથી તેને નિરખીને જોઈ શક્યાં ન હતો.

બંગલે પાછા આવતાં ઇન્સ્પેક્ટરે કાચી સડક પર નજર કરી તો બંગલામાંથી નીકળીને પાકી સડકે જતી સાઇકલના ટાયરનાં છાપ ડાબી બાજુએ પડેલી જોઈ. છાપ પરથી સાઈકલનાં ટાયર ઘસાએલા લાગતાં હતાં; જ્યારે માળીની સાઈકલનાં ટાયર તો નવાં હતા.

છતાં તેણે કલ્યાણદાસ શેઠને કહ્યું કે 'તમારો માળી જ ચોર છે. તેને હું ગિરફતાર કરૂં છું.' ઈન્સ્પેક્ટર દીક્ષિતે એ કેવી રીતે શોધી કાઢ્યું ? એનો પુરાવો ઉપરની વાતમાં આવી જાય છે. તમે શોધી ન શકો તો આ નીચે ખુલાસો અવળો છાપ્યો છે.

રહસ્યકથાનો ખુલાસો: પોતાના પર વહેમ ન આવે તે માટે માળીએ સાઈકલિસ્ટ જોયાની વાત ઉપજાવી તો કાઢી, પણ સાઈકલિસ્ટ આવ્યો હોય ને ગયો હોય, તો સડક પર પૈડાંની આવતાં જતાંની બે છાપ પડી હોવી જોઈએ. તેને બદલે માત્ર બંગલામાંથી નીકળતી ને ડાબી બાજુ જ પડેલી એક જ છાપ હતી. તે દર્શાવતી હતી કે બંગલામાં રહેલા માળીનું એ કામ છે. અને તેનાં ટાયર ઘસાએલાં હતાં તેની સાબિતી તો પોતે પંક્ચર કર્યાનું કહી દીધું તે પરથી મળી ગઇ હતી. તેણે પોલીસને થાપ આપવા ઘેર જઈને ટાયર બદલવવાની ચતુરાઈ વાપરેલી. પણ જતી–આવતી વખતના બેવડા પાટા પાડતાં ચૂકી ગયો, ને તેમાં પકડાઈ ગયો.

એમાંના કેટલાકને પરદેશી માલની હરીફાઈમાંથી બચાવી લેવા માટે અમુક સમય સુધી રક્ષણ આપવાની જરૂર હતી. આ બધા ઉદ્યોગોની વિવિધ માગણીઓની સંપૂર્ણરીતે ત્વરિત સમીક્ષા કરી સરકારને ભલામણ કરવાની હતી. ટૅરિફ બોર્ડની જવાબદારીઓ પણ વિશાળ બની હતી. કેટલીક અગત્યની બાબતો—જેવી કે પોલાદના માલના ભાવો, કાપડના ભાવો વગેરેની નવી પદ્ધતિ અનુસાર તપાસ પણ બોર્ડને સોંપવામાં આવી હતી. આ બધી તપાસો શ્રી ગગનભાઇ અને તેમના સહકાર્યકર્તાઓએ સંપૂર્ણ કાર્યદક્ષતાપૂર્વક અને ઉચ્ચ ન્યાયવૃત્તિથી પૂરી કરી. એમના સીધા સંચાલનથી ટૅરિફ બોર્ડનું કાર્ય ઘણું ત્વરિત અને નિષ્પક્ષ બન્યું હતું. ટૅરિફ બોર્ડની તપાસને લગતી ઔદ્યોગિક પ્રતિનિધિઓની બેઠકોમાં સામાન્ય રીતે માગણીઓને ગતી માહિતી તથા આંકડાઓની રજૂઆત કરવાની હોય, પરંતુ વી સભાઓના નીરસ કાર્યક્રમને શ્રી ગગનભાઈ હાસ્ય અને સમભાવથી રસિક બનાવી પ્રતિનિધિઓને સ્વસ્થ બનાવતા અને પ્રોત્સાહન આપતા. એમની દેખરેખ નીચે થએલી તપાસને પરિણામે પેશ થએલા અહેવાલોમાંની ઘણી ભલામણો સરકારે મંજૂર રાખી છે અને તેની તારીફ કરેલી છે. ટૅરિફ બોર્ડના પ્રમુખ તરીકેનું એમનું કામ એટલું તલસ્પર્શી, નિષ્પક્ષ અને કાર્યદક્ષ હતું કે બોર્ડે કરેલી ભલામણો સરકાર, ઉદ્યોગો અને સામાન્ય જનતા ત્રણેનાં હિતોની સમતોલ વિચારણાપૂર્વકની અને ન્યાયયુક્ત હતી.

લડાઇ પછીના કાળમાં દુનિયાના ઘણા દેશોમાં આર્થિક વિકાસ પર ખાસ ભાર મૂકવામાં આવતો હતો. હિંદની સરકારે પણ ૧૯૪૯માં આયોજન અને વિકાસખાતાની સ્થાપના કરી. આને અંગે જે ઔદ્યોગિક સમિતિઓની રચના કરવામાં આવેલી તેમાંની એકના પ્રમુખ તરીકે શ્રી ગગનભાઈએ કામ કર્યું હતું. ૧૯૫૦માં જ્યારે રાષ્ટ્રીય સરકારે આયોજન-પંચ સ્થાપવાનો નિર્ણય કર્યો ત્યારે તેના સભ્ય તરીકે જુદાજુદા વિષયોના નિષ્ણાતો અને પ્રતિષ્ઠિત માણસોની નિમણૂક કરવા સરકાર આતુર હતી. આ સભ્યોની નામાવલિમાં શ્રી ગગનભાઇનું નામ મોખરે હતું એમ જાણવા મળ્યું છે. આર્થિક વિકાસના આયોજનમાં વેપાર અને ઔદ્યોગિક ક્ષેત્રનું સ્થાન કેન્દ્રવર્તી હોઇ, એ વિષયોના વિશાળ અને તલસ્પર્શી જ્ઞાન તથા અનુભવ ધરાવનાર અને છતાં એ વર્ગનાં સ્થાપિત હિતોથી અલિપ્ત એવા નિષ્પક્ષ વિશિષ્ટ જન તરીકે શ્રી ગગનભાઇનું સ્થાન આજે અદ્વિતીય છે. એટલે ૧૯૫૦ના માર્ચમાં મધ્યસ્થ સરકારના આમંત્રણને માન આપીને તેઓ ટૅરિફ બોર્ડનું પ્રમુખપદ છોડીને આયોજન પંચના સભ્ય બન્યા. શરૂઆતથી જ આયોજન-પંચનું કામ વિસ્તૃત અને મહત્ત્વપૂર્ણ હતું. આયોજનના મુખ્ય કામની સીમાની બહારના અનેક અગત્યના આર્થિક અને વેપારી પ્રશ્નો, જેના પર સરકારે તાત્કાલિક નિર્ણયો લઇને નીતિનું નિરૂપણ કરવાનું હતું, તે આયોજનપંચની તપાસ અને સલાહ માટે સુપ્રત થએલા. વળી (અનુ. પૃ. ૩૬૩મે)

શરત ...હાર કરતાં પણ જે બીજી ગ્લાનિ મૂકી જાય છે

લેખક
લલિત પરીખ



અંતે મારો ભય સાચો પડ્યો. જેવા ગલીમાંથી વળવા જઇએ છીએ કે એક પોલીસે સાઈકલનું હૅન્ડલ પકડી અમને રોકી લીધા.

મેં તો એને સિનેમામાંથી નીકળ્યા ત્યારથી કહેલું કે 'આમ ડબલ સવારી જવામાં જરૂર પકડાવાના, અને વગર લેવેદેવે દંડ ભરવો પડવાનો. એના કરતાં ચાલી જ નાખીએ.' પણ એથી તો સામી એ 'બગડે' હઠ જ લીધી કે 'ગમે તે થાય; ડબલ સવારી જ જવું છે.'

મને થયું કે આજ ક્યાં આની સાથે અથડાયો. નીકળ્યો હતો ફરવા, અને વચમાંથી જ એ 'પાસ છે' કહી સિનેમામાં ખેંચી ગયો; અને હવે રાત્રે વગર લૅમ્પે ડબલ સવારી જવાની વાત કરવા મંડ્યો.

મેં હા-ના કરતાં કહ્યું, 'ના રે ભાઈ, એ દંડ બંડ ભરવા એ આપણું કામ નહિ. તું તારે સાઈકલ પર જા; હું તો ચાલી નાખીશ.'

'અરે તારે કે મારે કોઈને દંડ નહિ ભરવો પડે.' એ બોલ્યો.

'કેમ, ગામમાં પોલીસકાકાઓ બધા મરી પરવાર્યાં છે શું?'

'ચલ ચલ, ડરપોક! કહ્યું તો ખરું કે દંડ નહિ ભરવો પડે. પોલીસ પકડે તો ય નહિ ભરવો પડે. જોઈએ તો શરત મારી લે.'

'શરત? હં-હં; દંડ નહિ તો ચાપાણીના પૈસા આપવા પડશે!'

'એક પાઇ નહિને!' કહી એ હસ્યો. હું હજી ડરતો હતો. ત્યાં તો એ બોલ્યો, 'તો લાગી? દંડ કે ચાપાણીના પૈસા આપવા પડે તો આપણે બીજું એક પિક્ચર તને બતાવવું; નહિ તો તારે બતાવવું.'

આટલી હિંમતથી હું ય હવે તો ડગ્યો. ને 'કબૂલ કબૂલ! કહેતો પાછળ બેસી ગયો. અને એણે પૂરપાટ સાઈકલ મારી મૂકી.

થોડે જ દૂર ગયા ન ગયા ત્યાં તો પોલીસની વ્હિસલ સંભળાઇ. પણ આ તો સાઈકલ રોકવાને બદલે વધુ ઝડપે દોડાવવા લાગ્યો.

મેં ગભરાઇને કહ્યું, 'અલ્યા હેરાન થઈ જઇશું, જયંતી!' પણ જવાબમાં એણે તો વધુ જોરથી પેડલ જ મારવા માંડ્યાં અને ગલી-કૂચીઓમાંથી સાઈકલ કાઢવા માંડી. પણ એક ગલીના નાકે વળતાં જ ત્યાં ઊભેલા પોલીસે અમને પકડી લીધા. હું ઊતરી પડ્યો.

એણે પોલીસને હસતાંહસતાં કહ્યું, 'બોલો શો હુકમ છે?'

'થાને ચલો!' કહી પોલીસે સાઈકલ લઈ ચાલવા માંડ્યું.

'અચ્છા...' કહી એ મારો હાથ પકડી ચાલવા મંડ્યો. મને થયું, આ બલા સાથે ક્યાં ભરાઈ પડ્યો.

પણ જયંતી તો ખુશમિજાજમાં હતો. પોલીસ સાથે ઈધર ઉધરની વાતો પણ કરતો ચાલતો હતો. થોડુંક ચાલ્યા હશું ત્યાં એણે ખિસ્સામાંથી સિગરેટનું પાકીટ કાઢી એક પોલીસને આપી અને એક પોતે પીવા મંડ્યો. પોલીસ સિગરેટ સળગાવવા લાગ્યો એટલે સાઈકલ એણે પોતાના હાથમાં લીધી.

'તમે શા માટે તકલીફ લો છો; હું પકડીને ચાલું જ છું ને? અમે સારા માણસો એમ નાસી તો નહિ જઈએને?' કહી એ સાઈકલ લઇ ચાલવા લાગ્યો. હું અને પોલીસ એની સાથે ચાલવા લાગ્યા. છતાં પોલીસના મનને ધરપત નહિ, એટલે એ પાછળથી સાઈકલની સીટ પકડીને ચાલતો હતો. અમે થાણે પહોંચ્યા. પોલીસ અમને કોઈ ઉપરી પાસે અંદર લઈ ગયો ને રિપોર્ટ કર્યો.

ઉપરીએ ચીરૂટમાંથી ધુમાડો કાઢતાં પૂછ્યું, 'કેમ સાહેબો! ભણેલાગણેલા થઈને કાયદા વિરુદ્ધ સાઈકલ ચલાવો છો?'

'કોણ કાયદા વિરુદ્ધ ચલાવે છે? આ પોલીસે તો અમને વેર રાખી પકડ્યા છે. દિવાળીએ એને બોણી ન મળી તે એનો દાવ અત્યાર સુધી મનમાં રાખી આજે ખોટા હેરાન કરવા પકડી લાવ્યો.'

મારા ચહેરા પર આશ્ચર્ય અને ગભરામણ, પોલીસના ચહેરા પર ક્રોધ અને ઉપરીના ચહેરા પર ચીડના ભાવો ચમકી ગયા.

'ખરું કહું છું સાહેબ!' જયંતી પ્રતીતિજનક હિંમતથી બોલવા લાગ્યો. 'એણે વેર જ રાખ્યું છે. આવી સાંકડી અંધારી ગલીઓમાંથી લૅમ્પ વિના સાઈકલ ચલાવતાં ફાવે જ કેવી રીતે? અને વળી સિનેમામાંથી નીકળતાં સાઇકલમાં તો પંક્ચર નીકળ્યું, એટલે અમે તો વાતો કરતા ચાલીને જ ઘેર આવતા હતા. ત્યાં આણે અમને...'

પોલીસ હવે ઊકળી ઊઠ્યો: 'આવું નરાતાળ જૂઠું બોલો છો?'

પણ ઉપરીએ તરત એને અટકાવી સાઈકલ જોવા માટે મંગાવી. તો ખરે જ, આગલા પૈડામાં બિલકુલ હવા જ ન મળે! ખાતરી કરવા એમાં ફરી હવા ભરાવી જોઇ, તો બે જ મિનિટમાં હવા નીકળી ગઇ!

પેલો પોલીસ તો ચકિત જ થઈ ગયો! મને ય કૈં સમજાયું નહિ.

પછી તો ઉપરીએ અમારી આગળ દિલગીરી દર્શાવી અમને રજા આપી અને પોલીસને દબડાવવા માંડ્યો. પોલીસ બચાવમાં કંઇ કહેવા જતો હતો, પણ ઉપરીનો ક્રુદ્ધ ચહેરો જોઇ ચૂપ જ થઇ ગયો. અમે ગુપચુપ થાણાની બહાર નીકળી ઝડપથી રસ્તે પડી ગયા.

'કેમ? જીત્યોને બંદો શરત?'

'હા ભાઈ, હા; પણ આ તેં કર્યું કેવી રીતે?'

'પોલીસ સિગરેટ સળગાવવા લાગ્યો ત્યારે...!' કહી એણે ડબ્બીમાંની એક સિગરેટમાંથી ટાંકણી કાઢીને બતાવી: 'ટોપીમાંથી કાઢીને હળવેથી લગાડી દીધેલી ને સિગરેટનું પાકીટ બંધ કરતાં આમાં ખોસી દીધેલી. બોલ હવે, પિક્ચર પાક્યુંને, રવિવારે?'


'ચોક્કસ!' કહી હું પાછો એની ચાલાકીના વિચારમાં ખોવાઈ ગયો. બુદ્ધિનો ઉપયોગ ખરો; પણ આવો?

ડુબા પ્રદેશમાં

[૧]

રાજા ફૂલે વસાવેલી વસાહતો બોલાડીગઢ અણગોરગઢ

લેખક
રામસિંહજી રાઠોડ



ઉપર દર્શાવેલા પ્રાચીન શિલ્પથી કચ્છનો પ્રદેશ જેવો સમૃદ્ધ છે, એટલો જ સમૃદ્ધ ત્યાંનો ઇતિહાસ, વીરતા વટ ને વિચિત્રતાની નાનાવિધ રંગોળીથી આલેખાએલો છે. એ ઇતિહાસ અને શોભનસમૃદ્ધ શિલ્પની 'કુમાર'માં આવતી રહેલી પરિચયમાળાઓમાં એક વધુ.

કંથકોટમાં ત્યારે છાની પણ તીવ્ર સનસનાટી પસાર થઈ ગઇ. ભળભાંખળું થતાં થતાંમાં તો બે કૂમળાં બાળકોને લઈ જીકડી દાસી કિલ્લાની સાડબારી*માંથી સરપ્રા બહાર નીકળી ગઈ અને ચોબારી ગામને પંથે પડી. પોતાને હમાણ (કીમતી અનામત) તરીકે સોંપાએલા ફૂલકુમારને તત્કાલ સુરક્ષિત સ્થળે પહોંચાડવો એ જ અત્યારે જીકડીની એકમાત્ર નેમ હતી. તેનું મન દોડતું હતું, પણ ડુંગરના ખાડાટેકરા અને કાંટા કાંકરામાં પગ ધારી ગતિ ધરતા ન હતા. થોડીથોડી વારે તે ચોતરફ નજર ફેરવતી જતી હતી. એવામાં દૂરથી આભમાં ઊડતી ધ્રોખડ જોતાં જ તેને ભય પેઠો કે નક્કી એ ધરણનાં જ માણસો અને પોતાની પૂંઠે પડી હવે ઘડીભરમાં પકડી પાડવાના! તરત તે એક ભેખડ અને ડાંઢારા થોરની ઓથમાં ભરાઇ ગઈ. ત્યાં બંને બાળકોનાં કપડાં કાઢીને તેની તેણે ફેરબદલી કરી નાખી અને પછી સાવચેતીથી પાછી પોતાને પંથે પડી.


ધૃતપદ્રી (હાલનું ગેડી)નો રાજા ધરણ કંથકોટના રાજા સાડની વધતી જતી સત્તા સાંખી ન શક્યો. તેથી તેણે સાડને પોતાને ત્યાં બીજબાની મહેમાનતરી દગાથી મારી નાખ્યો. કચ્છમાં પોતાની સર્વોપરી સત્તા સ્થાપ[illegible]વે તે કંથકોટ ધસ્યો આવતો હતો અને ત્યાં પહોંચી તે સાડના બીજનું નિકંદન કાઢી નાખે એ સ્વાભાવિક હતું. એટલે સાડની રાણીએ સમય વર્તી પોતાના એકના એક પુત્ર ફૂલને છુપાવી રાખવા દાસી જીકડી ફરાકને સોંપ્યો. કિલ્લામાંથી ફૂલને સરકાવી દેવામાં આવ્યો છે એ વાતની જાણ થતાં ધરણનાં માણસો તેની શોધમાં નીકળ્યા અને તેમણે ફરાકને પકડી પાડી. ફરાકના કાળોજાટ અને આજીજી છતાં તેમણે રાજકુમારનો પોશાક પહેરેલા બાળકને ત્યાં જ કતલ કરી નાખ્યો; અને બહાવરી ને બેહોશ પડેલી ફરાક તથા મેલાઘેલા લાગતા બાળકને ફરાકનો બાળક સમજી તેમણે તેમને ત્યાં જ રઝળતાં રહેવા દીધાં.

ફરાકે હોશમાં આવી જોયું તો પોતાના પુત્રનાં કપડાં પહેરેલો રાજકુમાર ફૂલ સલામત હતો. સ્વપુત્રને ગુમાવ્યાના કારણે તેનું માતૃહૃદય જોકે ભારે તો બન્યું, પણ તત્કાલ પાછું સ્વામિભક્ત મન જાગૃત થયું અને તે પોતાને માર્ગે પડી.

રઝળતી રખડતી તે સિંધમાં બાંભણાસર જઇ પહોંચી. ત્યાં અજા ને અણગોર નામે બે શાહુકાર ભાઇઓને ત્યાં તે પોરિયાત(ઘર-ચાકરડી) તરીકે રહી. અણગોરને બોલાડી નામે બેન હતી. તેને કાંઈ સંતતિ ન હોતાં રમતિયાળ ફૂલકુમારને રમાડી તે પોતાનું મન બહલાવતી.

ફૂલ મોટો થતાં તેના સંસ્કારબળે તે એક વીર યોદ્ધો થયો ને તેણે પોતાની આસપાસ સમાજાતિના જુવાનોની એક ટોળી જમાવી. સમય જતાં જીકડીની આપવીતી જાણવામાં આવતાં તથા ફૂલકુમાર કંથકોટાધિપતિ સાડનો રાજપુત્ર છે એમ અજા–અણગોરને ખાતરી થતાં

*સાડબારી=કચ્છના રા' ફૂલના પિતા સાડના નામ ઉપરથી પડેલું કિલ્લાના નાના દરવાજાનું નામ.



હબો ડુંગર તથા તેની આસપાસનો પ્રદેશ દર્શાવતા આ નકશામાં ગામોને જોડતી આવી જાડી (—) લીટી = પાકી સડક, આવી પાતળી (—) લીટી = કાચી સડક, આવી તૂટક (...) લીટી એટલે પગરસ્તો, અને ગૂંચળા જેવી લીટીઓ ડુંગરાળ પ્રદેશ દર્શાવે છે. બન્નીના અર્ધ રણ જેવા પ્રદેશમાં ઘાસનાં સમૃદ્ધ બીડ છે. આ પાનાની નીચેના ફોટોગ્રાફમાં દર્શાવેલો બોલાડીગઢનો દરવાજો મથાળાની પત્થરની સળંગ છાટથી કરવામાં આવતી પ્રાચીનતમ ભારતીય શિલ્પ-પદ્ધતિ દર્શાવે છે.

તેમણે પોતાની તમામ સંપત્તિ ફૂલને તેનું રાજ્ય પાછું મેળવવા સુપ્રત કરી, અને પોતે હવે પોતાનું રાજ્ય પાછું મેળવી શકશે એટલી શક્તિ તથા સૈન્ય જમાવ્યાનો આત્મવિશ્વાસ થતાં જ ફૂલે કચ્છ પહોંચી ત્યાં પોતાની જમાવટ કરવા માંડી.

ફૂલની આટલી બધી જામેલી સત્તા ને વીરતા જોઇ ધરણને હવે



બોલાડીગઢનો એકમાત્ર અવશેષ · વર્ણન : ૭૫૨ નકશાના વર્ણન સાથે

તેની સાથે ઝગડામાં ઊતરવું ઠીક ન લાગતાં તેણે તેને કંથકોટનો કિલ્લો ફરી સ્વાધીન કર્યો અને સબંધને મીઠો કરવા પોતાની પુત્રી ધાણ તેને પરણાવી. પિતાનું ગુમાવેલું રાજ્ય પાછું મેળવી ફૂલ કંથકોટમાં રહ્યો. પણ તેના મનમાંથી પિતૃવૈરનો ખટકો ગયો નહતો.

એકદા ફૂલ ધાણરાણી સાથે ચોપાટ રમતો હતો ત્યારે ધાણે 'ઢળ પાસા જેમ ધરણના ઢળ્યા' એમ બોલી ફૂલને મેણું માર્યું. ફૂલે આ વાત મનમાં રાખી લીધી. ધરણ અવારનવાર પોતાના ઘોડા રત્નાકર પર બેસી ધૃતપદ્રીથી સીકરા ગામે આવેલા કાગેશ્વર મહાદેવનાં દર્શને જતો. એક વેળા લાગ જોઇ ફૂલે ઓઠાણે આવેલી એક ઘોડી ધરણના માર્ગમાં આવતા કાન પ્રદેશમાં (ખારી ભોંયમાં આવેલો ઝરણ અને લીલોતરીવાળો પ્રદેશ) સનમાં છૂટી મૂકી દીધી. આ ઘોડીને જોઇ મસ્તીએ ચડી રત્નાકર બેકાબૂ બની ગયો અને તેણે ધરણને પછાડી નાખ્યો અને ત્યાં જ ધરણના પ્રાણ ઊડી ગયા. ધરણની પુત્રી ધાણ આ દુઃખ સહન કરી મન વાળી બેસી રહી. વાત ભુલાઇ ગઈ. એવામાં ફરી એક વાર ચોપાટ રમતાં દાવમાં ફૂલે જૂનું મેણું ધાણને સામું માર્યું: 'ઢળ પાસા જેમ ધરણના ઢળ્યા!' એ સાંભળતાંવેંત ધાણનો રોષ ભભૂકી ઊઠયો. તેણે કટારી ખાધી. તેના પેટમાં પૂરા દહાડાનો ગર્ભ હતો તે પેટ પર પડેલા કટારીના ઘાથી બહાર આવ્યો અને એ રીતે પ્રસવેલો પુત્ર 'ધાઓ' કહેવાયો.

આ બધી બિનાથી ફૂલનું મન કંથકોટમાંથી ઊઠી ગયું અને તે ફરતો ફરવા લાગ્યો. ફરતાંફરતાં એક વાર ડુંગરધાર કાંસ પર થઈ ફૂલ પડધેના ડુંગર પાસે આવ્યો. ત્યાં મીઠા પાણીનો ઝરો, ઝાડી અને માતૃકાનું સ્થાનક જોઈ તેનું મન ત્યાં ઠર્યું અને ત્યાંના વાસી

આહીર લોકોએ પણ તેને ઊમળકાથી સત્કાર્યો. ફૂલ પ્રસન્નતાથી બોલી ઊઠયો, 'હિતે હુબ આય!' (અહીં પ્રેમભર્યો ઊમળકો છે!) એ પરથી એ સ્થાનક 'હુબાય-હબાય' કહેવાયું અને પાછળથી એ ગામ તથા ડુંગર પણ હબા નામથી ઓળખાયાં. ત્યાંની વસતિ કાઠીઓથી ત્રાસી ગઈ હતી. કાઠીઓ ને આહીરોના બખેડા ચાલ્યા જ કરતા. આહીરોને સગાઓનો સાથ મળ્યો કે તરત કાઠીઓ એકાએક એ સ્થળ છોડી, પોતાની તમામ ઘર-વખરી તથા માલમિલ્કત લઇ તથા ઢોરઢાંખર હાંકી ભાગી છૂટયા. એ સ્થળની પશુધન પોષતી પ્રાકૃતિક સમૃદ્ધિના બળે કાઠીઓએ આ પ્રદેશમાં નીપજાવેલી માલમિલ્કત જોઇ તથા ત્યાંનું કુદરતી સૌંદર્ય જોઈ ફૂલે ત્યાં વસવાનો નિશ્ચય કર્યો ને હબાની વચ્ચે તેને દખણાદે પડખે તે વાસ કરી રહેવા લાગ્યો. ત્યાં ઘાસ, પાણી અને ઝાડી ભરેલી ઊંડીઊંડી બે ડુંગરાળ ખીણોની વચ્ચે-ના ઊંચા ડુંગર ઉપરની સપાટ જમીન પર તેણે મજબૂત ગઢ ચણાવ્યો, અને બાળપણમાં પોતાને મા જેવી હૂંફ આપી ઉછેરનાર અજા-અણગોરની બહેન બોલાડીના નામ પરથી તેનું નામ તેણે 'બોલાડીગઢ' રાખ્યું. ઉપરાંત હબાની ઓથે એક બીજું ગામ પણ વસાવ્યું અને પોતાને જીવનદાન દેનાર જનેતા જેવી જીકડીના નામ ઉપરથી એ ગામનું નામ તેણે 'જીકડી' રાખ્યું. બોલાડીગઢનાં ખંડેરો-માં આજે તો માત્ર ખખડધજ બની ગએલો તેનો દર-વાજો જ બચ્યો છે. કચ્છના પુરાવશેષોમાં પ્રાચીન હિંદુ સ્થાપત્યના ઘાટનો દરવાજો માત્ર આ બોલાડીગઢમાં જ જોવા મળે છે. (જુઓ સામેના પાને ફોટોગ્રાફ)

કાઠીઓ જ્યારે એ સ્થળ છોડી ભાગ્યા તે અરસામાં વાંકિયો સંઘાર અને કુડધર રબારી પોતાની આણ (પશુ-ધન) સાથે ચાલ્યા જતા હતા, ત્યાં સીમમાં એક ખંડેર જેવા મંદિરમાંથી તેમને બાળકના આક્રંદનો અવાજ સંભળાયો. વાંકિયે જઈને જોયું તો એક નાની બાલિકા ત્યાં રડતી હતી. કાઠીઓ બેફામ બની ભાગ્યા ત્યારે એ વિખૂટી પડીને ત્યાં રહી ગઈ હતી. કુડધરે તેને ઉછેરી મોટી કરી. તે સોનલ નામે જાણીતી થઈ. એ જુવાન સોનલ એક વખત બે વાછરડાંને દોરી ચાલી આવતી હતી, એવામાં સામેથી પૂર ઝડપે દોડચો આવતો નાસી છૂટેલો એક ઘોડો તેણે જોયો. એ જોતાંવેંત તેણે વાછરડાં-ને બાંધેલાં દોરડાંને પોતાના પગ નીચે દબાવી દીધાં અને હાથ વડે ઘોડાની રેન ઝાલી જરાય મચક આપ્યા વિના તેને રોકી લીધો. બોલાડીગઢની મેડીએથી ફૂલ આ દશ્ય જોતો હતો. સોનલના ભર્યાભર્યા રૂપાળા શરીરબળથી આકર્ષાઇ ફૂલ તેને પરણ્યો. ફૂલને ત્યારબાદ ઘણો સમય લગી બોલાડીગઢથી દૂર રહેવાનું થયું. દર-મ્યાનમાં સોનલને પુત્રનો પ્રસવ થયો અને તેનું નામ લાખો પડચું. ફૂલની કાનભંભેરણી થતાં તેને સોનલના ચારિત્ર્ય ઉપર વહેમ આવ્યો. સોનલ લાખા સહિત અગ્નિપરીક્ષામાંથી પાર નીકળી અને લાખો ફૂલનો પુત્ર સાબિત થતાં તે ફૂલાણી કહેવાયો.

બોલાડીગઢમાં સોનલ સાથેના સંબંધમાં બનેલી



હબા પ્રદેશને મથાળે આવેલા કોટાયમાંનું પ્રાચીન શિલ્પસમૃદ્ધ શિવમંદિર • તેના ઉપરના શિલ્પનો એક નમૂનો આ લેખના મથાળા સાથે આપ્યો છે. (ફોટો : લેખક)

આવી અનિચ્છનીય ઘટનાથી ફૂલનું મન ત્યાંથી ઊઠી ગયું, અને ત્યાંથી નીકળી હબાની ઉત્તરે આવેલા પ્રદેશમાં કાઠીઓએ તજી દીધેલા ગામ કોટાય પાસે ફૂલે બીજો કિલ્લો ચણાવ્યો. બાળપણના પોતાના આશ્રયદાતા ને દુ:ખના સાથી તથા પાછળ-થી પોતાના કારભારી અણગોરના નામ ઉપરથી આ ગઢનું નામ તેણે અણગોરગઢ રાખ્યું અને પોતાની રાજધાની પણ કંથકોટમાંથી ખસેડી અણગોરગઢમાં રાખી.

લાખો મોટો થતાં તેને અણગોરગઢમાંથી કેવી રીતે દેશવટો મળ્યો, અને ફૂલ-ના મૃત્યુ પછી લાખાએ પાછા અણગોરગઢ આવી ત્યાંથી પોતાની સત્તા કેમ વિસ્તારી, તથા પોતાને જાકારો ભણનાર એ ભૂમિ તજી દઈ છેવટે કેવી રીતે કેરાકોટ બંધાવી ત્યાં જઇ વસ્યો એ હકીકત આ જ લેખમાળામાં આવેલા કેરાકોટના લેખમાં (અંક ૩૩૬માં) આવી ગઈ છે. (કોટાય વિષે પુષ્કળ ચિત્રો સાથે આવતા અંકે)

કસોટી

નીચેના દરેક પ્રશ્નના ત્રણ ઉત્તરો પૈકી એક સાચો છે. ઉત્તર અન્યત્ર આપ્યા છે.

(૧) ગિટ્ટર્ન એ (અ) એક જાતની માછલી (બ) એક વાદ્ય (ક) જર્મનીનું શહેર છે.

(૨) ઈઝરાએલની પાર્લામેન્ટ (અ) નેસેટ (બ) ડાયલ (ક) આલ્થિંગ કહેવાય છે.

(૩) ગ્વાટેમાલા (અ) ઉત્તર (બ) મધ્ય (ક) દક્ષિણ અમેરિકામાં આવ્યું.

(૪) ક્રિકેટના નિયમો પ્રમાણે બૅટ (અ) ૩૬, (બ) ૩૮ (ક) ૪૦ ઇંચ લાંબું જોઈએ.

(૫) માનાગુઆ (અ) પારાગ્વે (બ) સાલ્વાડોર (ક) નિકારાગુઆની રાજધાની છે.

(૬) હિંદમાં (અ) દિલ્હી (બ) દાર્જીલિંગ (ક) એવરેસ્ટ સૌથી ઉત્તરે આવેલું છે.

(૭) કૉંગો નદી (અ) પાસિફિક (બ) આટલાંટિક (ક) હિંદી મહાસાગરને મળે છે.

(૮) જાપાન જે અનેક ટાપુઓનો બનેલો દેશ છે તેમાં સૌથી મોટો ટાપુ (અ) હોન્શુ (બ) હોકેઇડો (ક) ક્યુશુ છે.

(૯) ૯મી માર્ચ (અ) નર્મદની (બ) કલાપીની (ક) મેઘાણીની મૃત્યુતિથિ છે.

(૧૦) દુનિયાનાં બધાં અગ્રગણ્ય છાપાંઓ ઉપર પહેલે પાને કઇ વ્યક્તિનું નામ વધારેમાં વધારે વા[illegible]વે છે?

(૧૧) એક શોધસફરી પોતાના તંબૂ પરથી શિકાર કરવા નીકળ્યો ને દક્ષિણમાં ૧૫ માઇલ દૂર ગયો. ત્યાંથી પછી ડાબી તરફ પૂર્વમાં બીજા પંદર માઈલ ચાલ્યો અને ત્યાં એક રીંછનો શિકાર કર્યો. હવે આટલું બધું ચાલીને અને વળી હવે તો રીંછનું વજન પણ વધ્યું હોઈ શિકારને ખભે નાખી ટૂંકામાં ટૂંકા રસ્તે બીજા પંદર માઈલ ચાલી તે પોતાના તંબૂએ આવ્યો. તો એ રીંછનો રંગ કેવો હશે?

બાંધ ગઠરિયાં

શ્રી ચન્દ્રવદન મહેતાની આપકથા



૧૯૩૦-૩૨ની રાષ્ટ્રીય લડત વખતે ગેરકાયદે ઠરેલા કૉંગ્રેસ બુલેટિનની ગુજરાતી આવૃત્તિ 'કૉંગ્રેસ પત્રિકા' ભૂગર્ભમાં રહીને તૈયાર કરનાર તંત્રીમંડળની પહેલી ટુકડી—ડાબી બાજુથી: સનતકુમાર વીણુ, ચન્દ્રવદન મહેતા, જયંત દલાલ (જેમનું નામ તંત્રી તરીકે આવતું) અને બટુક દેસાઈ

માણસ પારકાનાં દુઃખ બહલાવવામાં હમેશાં પાવરધો હોય છે. બીજાને સલાહ આપવામાં શૂરો. પણ પોતાનું પડખું કદી નહિ જુએ. શા માટે, ભાઈ, તું કોની વાતો કરે છે ને શાંતિ શોધે છે? ઘરમાં વહુ આણીને બેસાડી છે, એનો વિચાર કર્યો છે? ચાર દોસ્ત મળ્યા કે ઊપડ્યા દાર્જિલિંગ, હરીફરીને મઝા કરી. પણ વિલાસનો શો વાંક?

'પાડાને વાંકે પખાલીને ડામ' એ ન્યાયે તમે એને કાગળ પણ નથી લખતા, તેમ ન લખ્યો. કેવી માણસાઈ? પણ શાનો લખે? હું ક્યાં પરણ્યો છું? મને તો પરણાવ-વામાં આવ્યો છે! હ; બરોબર છે! જાતને છેતરાય તેટલી છેતરો! જાતમાંથી જરા અળગો થઈને પૂછી લે, ને જો, કે ઠીકવાત છે? 'છોકરીનો સ્વભાવ સારો નથી!' હેં? 'લેહકાંગી છે' અ—હં? 'વહેમી છે.' ઠીક! 'એ જણ વચ્ચે કંકાસ કરાવે એવી છે' વારું! 'જાફાણાં કરે છે.' બસ હવે! એ બધી વાતો છોકરી ગમતી હોત તો નજરે પડત કે? ને કદાચ મનમાં આવત તો તમે જ આટલા હોશિયાર, તે સુધા-રત યા સુધારવા પ્રયત્ન કરત ખરા કે નહિ? લોકોએ કહ્યું તે માનવા કેવા તત્પર થઈ બેઠા? ભલભલાને તમે તમારા કરવા પ્રયત્નો કર્યા; ઘણાંઘણાંનો ચાહ સંપાદન કર્યો. આના મનમાં તો તમારે માટે માન ને લાગણી બંને હતાં. તમે તમારા મનમાં બંધાએલા દુષ્ટ પૂર્વ-ગ્રહો દૂર કરવા શું શું કર્યું? હવે તમે શાના જવાબ આપો? હવે નીચાં મોઢાં કરી શાના બેઠા રહો છો? બોલો!

હિમાલય ખૂંદી આવ્યા પછી વલસાડમાં સમજુ માબાપે સરસ તોડ કાઢ્યો. મહિનામાસની રજા ઉપર દ્વારકા કે એમ જવા નક્કી કર્યું અને દીકરાને ઘર સોંપવું એમ ઠરાવ્યું. જતાં પહેલાં બાપે પાસે બેસાડી મિત્રભાવે બે બોલ સમજના કહ્યા પણ ખરા. પરાગજીને પણ દેખરેખ રાખવા સૂચના આપી.

ધણી-ધણીઆણી એકલાં પડ્યાં; અને બે દિવસ તો ઠીકઠીક ગયા. કશો ચડભડાટ જ નહિ. પણ તેમ બહુ મીઠી વાતચીત પણ નહિ. પરાગજી બીચારા આવી આવી બંનેને થાળે પાડવા સ્નેહભરી-રીતે શિખામણ આપતા.

ત્રીજે દિવસે વિધિએ વિપરીત યોગ ઘડ્યો. રાતે વિલાસે રાંધ્યું, અને સાથે જમી બહાર ગૅલેરીમાં થોડીકવાર બેઠાં. એ પછી અંદર ગઈ. થોડી વાર રહી બહાર આવી હાથમાં આણેલો પ્યાલો ધરીને કહે 'પીઓ!' બધું ખૂબ જ સ્વસ્થતાથી, હસતાંહસતાં બનતું હતું.

મેં પૂછ્યું: 'શું છે?'

'અફીણ! મેં તો પી પણ લીધું!'

'અફીણ?!'

'હા. અને અંદર આવો.' નાનું બચ્ચું અંદર દોરી જાય એમ મને અંદરના ખંડમાં લઈ જઈને કહે, 'જુઓ, અહીં બધી તૈયારી છે: તુલસી, કંકુ. આપણે બંનેને માટે બધું સાહિત્ય તૈયાર છે. કેવા છૂટી જઈશું!'

બે જણ માટે ખાટલીના ચાર વાંસ અને થોડી આડી ખપાટીઓ જોઈએ એટલું જ નહોતું! પણ એ તો એકઠા થનારા લાવે. બાકી ચોકો વાળવા જે જોઈએ તે ત્યાં પથરાએલું હતું! અને સીનરી જોઈને આપણે તો ટાઢા જ થઈ ગયા!

કોણ જાણે કેમ, પણ ખૂબ જ શાંતિથી મામલો ઉકેલવાની મારામાં ઈશ્વરે ત્યારે શક્તિ આપી. સહેજ હસી, તરત બહાર જઈ, ડાક્ટરને ચિઠ્ઠી લખી, નોકરને બોલાવ્યો. ત્યાં જરા રકઝક થઈ. અને એણે કહ્યું કે ડાક્ટરને બોલાવવાનું કશું કામ નથી. એ જાણશે તો વઢશે. પણ વફાદાર નોકર દોડ્યો અને સાથે મેં પરાગજીને પણ જ્યાં હોય ત્યાંથી બોલાવી લાવવા કહ્યું.

રેલવેના ડાક્ટર ડાહ્યાભાઈ અમારા ઘરના કુટુંબી જેવા. ડાક્ટર વલસાડના જ. નાનકડા શરીરના, પણ ભારે સ્ફૂર્તિવાળા. અને જાત-જાતના વિષયમાં ડહોળે. જીમ મજાની અને ખૂબ ચબરાક. બીચારા તરત દોડતા આવ્યા. બહુ દૂર રહેતા પણ નહોતા. અને આવતાંની સાથે, એમની ભાષામાં કહું તો, છોકરીને ધુલેટી નાખી! એટલામાં પરાગજી દાદરો ચડતા હતા. અમે બેએ ડાક્ટરને સમજાવી ઉપાયો અજમાવવા શરૂ કરાવ્યું. ડાહ્યાભાઈએ જે ઘડાધડ ઊલટીઓ કરાવવા માંડી કેની, તે મળસ્કે ચાર વાગ્યે બધાના જીવ હેઠા બેઠા અને આશા આવી. સવારના ડાહ્યાભાઈ તો ઘરના વડીલ થઈને જ બેઠા. અને એમણે તો રામાયણ શરૂ કરી દીધી:

'તું લાવી જ ક્યાંથી? ઠીક છે કે બધું પતી ગયું.' અને મને બતાવીને કહે કે 'સારું હતું કે માત્રા બહુ ઓછી હતી; નહિ તો આ છોકરાને જેલમાં જવું પડત! કંઈ ભાન છે? કે નાદાનીની હદ જ નથી?' એણે તો બહુ ચલાવ્યું. પણ બધાએ શાંત પાડ્યા. ડાક્ટર હોશિ-યાર, તે વાતને પાછી ત્યાં જ બંધ પણ કરી દીધી.

વિલાસની એક બહેનપણી એના પિયર પાસે રહેતી. એની આ હોશિયારી! કાન પણ સારા ભંભેરેલા; વરને વશ કરવાના દોરા પણ આપેલા; અને આટલું થોડું અફીણ પણ આણી આપેલું. બધી ચઢ-વણી પ્રમાણે બીચારીએ કામ કર્યું; પાછળથી એને ઘણો પસ્તાવો થયો. પણ બીજી એક ભૂલ કરી નાખી હતી. તે જરા ભારે પડી ગઈ.

'આજે રાત પછી હું કદાચ નહિ હોઉં' એવો કાગળ એણે એના પિતાજી પર લખી નાખ્યો હતો. એટલે બીજે દિવસે સવારે અમે ટેલિફોનથી સુરત ખબર આપ્યા કે કશી ચિંતા કરશો નહિ; બેત્રણ દિવસ રહી ફુરસદે આવી જશે. દરમ્યાન જાત્રાએ ગએલાં મારાં મા-બાપને પણ વલસાડથી કોઈએ તાર કર્યો, એટલે એ બંને પણ ગયાં તેવાં પાછાં આવી રહ્યાં!

પછી તો બધા બેઠા. મારા ભાગે બંનેમાંથી કોઈને ઠપકો આપ્યો નહિ. વિલાસને એટલું જ કહ્યું કે 'જતાં પહેલાં તને દીકરી માની ધીરજથી વર્તવું અને બેપાંચ દિવસમાં બધું થાળે પાડવું. એવી સલાહ આપી હતી, છતાં તેં આ શું કર્યું?' એટલામાં તો સુરતથી એના પિતાજી આવી ગયા, અને દીકરીને પાસ ઘેર લઈ જવા તૈયાર થઈ ગયા. મારા બાપુજીએ કહ્યું કે 'એમ ના કરો; હું બેઠો છું ત્યાં સુધી હવે કશી ધમાલ થવાની નથી. એક વાર અહીંથી લઈ જશો તો પછી પાછા આવતાં પગ ભારે થઈ જશે. અમને જરા ફરીથી મામલો સુધારવાની તક આપો. બધાએ એ જ સલાહ આપી. પણ વિધિ વાંકો તે એ તો એને લઈ જ ગયા. એ જે અમે છૂટાં પડયાં, તે પડયાં. એક દાયકાના વિચિત્ર ચક્કરમાં ચડયાં.

રખે કોઈ એમ માનતા કે વિલાસની ભૂરી અને છોકરવાદી બહેનપણી પર આરોપ ઢોળી હું ખસી જવા માગું છું. મારા તરફથી અસંતોષ એ મૂળ કારણ, વિલાસનો વહેમી અને ઉતાવળિયો સ્વભાવ એ ગૌણ કારણ; બહેનપણીની ચઢવણી એ ત્રીજું કારણ. વિલાસની કદાચ તે ભૂલ હોય તો તે ઈશ્વર માફ કરશે. પણ પહેલી ભૂલ મારી. તે ઈશ્વર માફ નહિ કરે.

હું માનું છું કે એ રહી હોત તો ટૂંક મુદતમાં મામલો ઠેકાણે આવી જાત. પણ બંનેને માટે, ભાવિમાં માનીએ તો, વિધિએ જુદા જ ખેલો રચી રાખ્યા હતા.

આ પછી બારડોલીમાં સળગી! વલ્લભભાઈ ત્યાં સરદાર બન્યા, ને એટલા નાનકડા તાલુકામાંથી બ્રિટિશ સામ્રાજ્ય સામે હુંકાર કર્યો. અપાટાબંધ બારડોલી પર મેં રોળામાં એક સૉનેટ ઘસડી કાઢયું.

પણ પછી તો ત્યાં જ જવા ઊપડયા. સનત વીણુ તથા બીજા એ ત્રણ જણા મુંબાઈમાં ત્યારે ચાલતા સ્ટુડન્ટ્સ બ્રધરહૂડ સંસ્થાના સભ્યો ભેગા બારડોલી હાજર થઈ ગયા. અમારી મુંબાઈગરાઓ તરફ ગ્રામદેવોની સ્વાભાવિક સૂગ. પણ ચીમનલાલ ભટ્ટ અને ઉત્તમચંદભાઈ સાથે મેળ ખાઈ ગયો. સરદારને સુમતિના લગ્નમાં અમદાવાદમાં બળવંતરાય પરમોદરાય ઠાકોર અને સુમતિના પિતા ઠાકોરલાલ પરમોદરાય ઠાકોર બે ભાઈઓ વચ્ચે બેઠેલા જોયા હતા. મળે તો શું? હિમ્મત કોની ચાલે? અને મળીને વાત શી ફોડવાની હતી? અને તે ય એ ઓછાબોલા, મક્કમ, કડક, તીખા સ્વભાવના સરદાર પાસે?!

થોડા દિવસ બારડોલીમાં રહ્યા અને માથે આવ્યું તે કામ કર્યું. ત્યાં વલ્લભભાઈની વીર વાણી સાંભળી. મૂલ્યપરિવર્તન થતું લાગ્યું. એમના તેજીલા ગદ્યની સાહિત્યમાં કિંમત અંકાવા લાગી. એ ગદ્યે સરકારના દેશી અમલદારોના પેટમાં લાહ્ય ચાંપવા માંડી. નવી શૈલી, નવી ઉપમાઓ, નવી શક્તિ, નવાં કાવ્યો, નવી ભાવના પરગટવા લાગ્યાં. 'શુંશાં પૈસાચાર'નું ગુજરાતી ગદ્ય રૂપિયે સોળઆનીની કિંમતની આબરૂએ વખણાવા લાગ્યું. બારડોલી સત્યાગ્રહ માટે તો મહાદેવભાઈએ લખેલા ઇતિહાસ આગળ હું શું બે બોલ લખી શકવાનો હતો?

એક રાતે અમે જલસો કરી, નકલો–કરતૂકો કરતા હતા. ત્યારે એક શબ્દ જુદાજુદા ભાવ સાથે બોલવાનો એક કિસ્સો હું વારંવાર અજમાવતો. આપણે તો એ ચલાવતા હતા, ત્યાં ભોગજોગે મહાત્માજી ત્યાંથી પસાર થતાં બરાબર પાછળ આવીને સાંભળતા ઊભા રહ્યા! પૂરું થતાં બધા ખડખડ હસ્યા, અને મેં એમને ઊભેલા જાણતાં એમને પગે માથું મૂકી દીધું. પછી થોડીક વાત કરી બધા છૂટા પડયા.

સવારે અદેખા ટાઈમ્સે ખરાબ 'ટોન'માં લખ્યું કે 'બારડોલીમાં રાતે તો નાચરંગના જલસા થાય છે. લડત બડત તો ઠીક છે, પણ ગમ્મતમેળો સારો જામે છે.' પણ તે પછી તો તરત જ સરકાર નમી, અને બારડોલીનો વિજય થયો.

લડત પૂરી થતાં ત્યાંના ઐતિહાસિક આંબા નીચે મહાત્માજીએ ફક્ત ત્યાંના કાર્યકર્તાઓને એક ભાષણ આપ્યું. એમાં મુંબાઈગરામાંથી હાજર રહેવાનો લહાવો ફક્ત સનતને અને મને બંનેને જ આપવામાં આવ્યો એ હું મારું ધન્યભાગ્ય સમજું છું.

સરદારને સુરત લાવવામાં આવ્યા ત્યાંના સરઘસમાં સરદારની ચારઠની પાછળ ડૉ. થૂથીના શિષ્ય ડાહ્યાભાઈ ને હું છડીદાર જેવા ચડી ઊભા ને આખે રસ્તે એમના પર પડતાં ફૂલોના વર્ષાદથી એમનું રક્ષણ કરતા રહ્યા. સરદારસાહેબની આંખે ત્યારથી આપણે ચડી ગયા.

અને સુરત શહેરની આંખે તો આપણે ચડેલા જ હતા! વહુને કાઢી મૂકનાર આ જ ચન્દ્રવદન! કંઈ ન કરવાનું હોય ત્યારે પડયા લડતમાં! ન ફિકર સાંઢજેવા! ન કશી જવાબદારી, ન કશી દુનિયાદારી!

અને વાતે સાચી. ભણવાનાં ઠેકાણાં નહોતાં; કામધંધો મળતો નહોતો; દેશસેવા સસ્તી હતી: ચલો બારડોલી!

પછી તો મોટી લડત ઊપડી. '૩૦ના માર્ચની દાંડીકૂચ. સુરતથી એક સ્ટેશન દૂર ચાલતા ઉત્રાણ જઈ મહાત્માજીના સંઘ ભેગા પાછા સુરત આવ્યા. સંધ્યાનો સમય હતો. તાપીનાં જળ શાંત હતાં. અજબ ઉત્સાહથી ધીરવીર ડગલે મહાત્માજીએ નદીનો પૂલ ઓળંગ્યો. કોણ એમને જોવા આવ્યા હતા કે કોણ શું કરતું હતું એની એમને કયાં ચિંતા હતી? એમને તો મુકરર દિવસે દાંડી પહોંચવું હતું. નદી ઓળંગી સુરતની ધરણી પર પગ મૂક્યો, ને તરત પશ્ચિમમાં સૂરજ આથમ્યો. ૩૧૮ વર્ષો પહેલાં, અહીં આ જ બારામાં, આ નજીકમાં જ છે એ કોઠી નાખનાર અંગ્રેજોનો પણ સૂરજ, ખરે જ આથમ્યો! તે જ દિવસે તો નહોતો આથમ્યો, પણ આથમવાની તૈયારીમાં તો હતો જ.

ત્યાર બાદ તો ચપટી મીઠાએ હિંદની અલાબલા ઉતારી નાખી. જાણે રાઈમીઠું આગમાં પડતાં ભડકો થયો. એમ. એ. ને થીસીસ, ડૉ. થૂથી ને યુનિવર્સિટી? હટ્ટ! કુદરતે મોકો આપ્યો, તે મુંબાઈમાં 'કૉંગ્રેસ બુલેટિન'નો હવાલો લઈ લીધો. પહેલાં સનત વીણુ ને હું; પછી કેશવલાલ ધ્રુવના ચિરંજીવી બચુભાઈ ધ્રુવ ને અજિત દેસાઈ; વિઠ્ઠલ ઝવેરી ને બાબુ પકવાસા; અને ગેડેકર અજગાંવકર અને શ્રીપાદ. અજગાંવકર મરાઠી લખે; અમે ગુજરાતીમાં રૂરફેરીએ! ચાલ્યું.

એક પ્રસંગે સુરત ઊપડયો. ત્યારે નવા ઑર્ડિનન્સો નીકળેલા. એ તો નીકળ્યા જ જતા. બધા કહે કે તાપી કાંઠે સભા છે અને ચન્દ્રવદન અહીં છે, તો એનું જ ભાષણ રાખો. ભાઈ ફસાયા. ના કહો તો બાયલામાં ખપો; હા કહો ને કંઈ વાંકું બોલ્યા તો ઊંચકાયા સમજવા!

ત્યારે સભાના સુરતની સંગ્રામ-સમિતિના દસ પ્રમુખો તો પકડાઈ ગયા હતા. આજે જ અગિયારમા બેઠા હતા તે સભાના પ્રમુખસ્થાને બિરાજવાના હતા. એ પ્રમુખ વિલાસ ચન્દ્રવદન મહેતા હતાં!

સભા થઈ ને પ્રમુખે કવિ-નાટકકારની ઓળખાણ ટૂંકમાં આપી. અને બીજી ઓળખાણ આપવા જેવું બન્યું યે શું હતું! એ પછી થોડે દિવસે એ પણ જેલ જઈ બેઠાં. તે દિવસે અમે બેપાંચ શબ્દો વાત કરી.

સુરતના નાગરિક કાનજીભાઈ દેસાઈની વિલાસ પર સારી મહેરબાની. એમનાં વહુ રાધાબહેનની પણ બહુ મમતા, અને એના ભત્રીજા રણધીર યા પાપાભાઈ દેસાઈ સાથે મારે સારી દોસ્તી. એટલે ઉપલક ચર્ચા થતી, પણ કંઈ ગાડી પાટે ચડવાનાં ચિહ્નો નહોતાં જણાતાં.

સંગ્રામ-સમિતિ આખી પકડાઈ ગઈ, અને જેલની મુલાકાત માટે પાપાભાઈએ મને કહ્યું કે વિલાસ મળવા માગે છે. પણ એ મુલાકાત કોઈ રીતે ગોઠવી જ શકાઈ નહિ. એમ મળાત તો કદાચ ઠીક ફળ આવત એમ હું ધારું છું. પણ ચોઘડિયાં સારાં નહોતાં. પછી તો

તરત હું મુંબાઇ આવ્યો. હવે જરા વિલાસને થોડો વખત ભૂલી એક બીજું પ્રકરણ ઉકેલી લઇએ.

જિન્હા હૉલમાં–કૉંગ્રેસ હાઉસ પડ્યે–અમારો અડ્ડો હતો. સાંજે 'કૉંગ્રેસ બુલેટિન' યા 'પત્રિકા' નિયમિત નીકળે. તંત્રી જયંત દલાલ. એના પહેલા તંત્રી તરીકે એ મશહૂર થઈ ગયો. વધારે લોકપ્રિય એના સ્વભાવથી થયો. બાદશાહ માણસ. ગળતાવડો અને ભલો. પત્રિકામાં શું લખાય છે એની ઘણી વાર તો એને ખબર પણ ન પડે. પણ મશીન પર ઊભો રહી, એની ટોળી એકઠી કરી, વખતસર જેટલા હજાર નકલો જોઇએ એટલી કાઢી આપે. 'પત્રિકા' ગેરકાયદેસર નહોતી થઈ ત્યાં સુધી તો જયંતકુમાર શહેરમાં શહેરના રાજા જેવા ફરતા. પણ ગેરકાયદેસર થતાં મામલો બિચક્યો. એ તો હિંમતથી ફરે. અમે બધા છુપાઈ ગયા અને ખૂણેખાંચરે ગેસ્ટેટનરનાં મશીનો મૂકી દીધાં. બધા જાણી ગયા કે જયંત લખતો નથી. એ વાતને સૌ ઓળખવા બેઠા. પણ કયા છાપાનો તંત્રી હમેશાં બધા જ લેખો લખે છે!

આખરે પોલીસ અઠ્ઠાબાજોને તો ન પકડી શકી, એટલે એને પકડી ગઈ અને બે વરસની સખ્ત કેદની સજા થઈ. અમને બધાને બહુ દુઃખ થયું. પણ શું થાય? પહેલા તંત્રી તરીકે એનું નામ તો અમે કાયમ રાખ્યું. પછી બીજા તંત્રી તરીકે માણેક ગાંધીનું નામ પસંદ થયું. એ પણ ભલો માણસ. થોડા દિવસમાં એ યે ઝડપાયો. એમ કંઈ ચાળીસેક ઉપરાંત તંત્રીઓ જેલમાં ગયા. અજગાંવકર દાદા મરાઠી સંભાળે એમનું દાદર–પરેલમાં બહુ મોટું નામ.

પત્રિકા તે પત્રિકા જ હતી. એટલી લોકપ્રિય બની હતી! અને પ્રગટ કરનારાઓએ એનું ગૌરવ પણ સારું જાળવ્યું હતું. અંગ્રેજીમાં જુદાજુદા લખનારાઓ આવતા, ભભકાભર્યું અંગ્રેજી લખતા, એનો જ તરજુમો ગુજરાતી--મરાઠીમાં કરવા દુરાગ્રહ કરતા, અને એનો રહેજસાજ ઝગડો પણ થતો. પણ એટલામાં તો એ ફાંકેબાજો પકડાઈ જતા, અને કામ ચાલ્યા કરતું.

વાત સાદી હતી. ગુજરાતી-મરાઠી લોકોની નાડ પારખી એમને રુચે એવી વસ્તુ ગીત, કવિતા, ઉક્તિ વગેરેથી શણગારાઈ લખાતી, એટલે એમને વાંચવી ગમતી.છતાં અંગ્રેજીના તરજુમા માટે જે દુરાગ્રહ રખાતો તે તો અસહ્ય, અવ્યવહારુ, અણસમજવાળો, અકારો અને અભિમાનભર્યો જ હતો. પણ બહુ ભણેલાઓનાં મગજમાં એ વાત ઊતરતી જ નહિ. બીજી મઝા એ હતી કે ગુજરાતી-મરાઠી પત્રિકાઓ લગભગ વીસથી ચાલીસ હજારની સંખ્યામાં વેચાતી, ત્યારે અંગ્રેજીના રસિયા ચારથી પાંચ હજારના; અને તે ફક્ત ફોર્ટ વિભાગમાં ચાલતી. એ ઇન્ટેલેક્ચ્યુઅલ્સ, ફક્ત વાંચી જ જનારાઓ—અને અંગ્રેજીની ઝમક વખાણનારાઓ—સાથે ગુજરાતી-મરાઠીને લેવાદેવા નહોતી. અહીં તો સરઘસ કઢાવવું હોય, પ્રભાતફેરી યોજવી હોય, હડતાલ પડાવવી હોય, બાબુગનુ દિવસ ઉજવાવવો હોય, તો આ ભાષાકીય પત્રિકા જ કામ કરી બતાવતી. ના, અમારી ટોળીએ આખર સુધી એ તરજુમિયા સિદ્ધાંતને નમતું ન આપ્યું તે ન જ આપ્યું, અને એ એક કારણે પણ અમારી ટોળી પર ઈતરાજી વધી.

પત્રિકા તો નીકળતી જ ગઈ! ગમે તેટલી ગેરકાયદેસર બનાવવા છતાં, એની નકલો પારીસ જતી, હૉલૅન્ડ–બેલ્જિયમ જતી, ત્યાં એકમાંથી એકસો બનતી, અને આખરે ઇંગ્લંડની પાર્લામેન્ટમાં સવાલ-જવાબ વખતે ફેનર બ્રૉકવે જેવા પોતાના ખિસ્સામાંથી કાઢે ત્યાં પણ ડંકો બજાવતી. અમારું ડિસ્પૅચ ખાતું નાનું પણ વ્યવસ્થિત ને પાવરધું હતું. બેત્રણ બૅંકો એવી સાધેલી, જે કુશળતાથી પત્રિકાઓ બહાર દેશ મોકલતી. છાપવા માટે ત્રણચાર જગ્યાઓ જુદીજુદી રાખી હતી. રોજ જુદીજુદી જગ્યાએ ટોળીમાંથી છૂટાછૂટા જઈ કામ કરી આવતા. પોલીસ રેઈડ પાડતી, કદીક એકાદું મશીન પકડાતું. કદીક તેઓ પહોંચે તે પહેલાં ખાનગીમાં ઇશારો મળી જતાં, બધું વીજળીવેગે વગેસગે થઈ જતું, અને પોલીસ જતી તો ત્યાં કંઇ મળતું નહિ, એવી સંતાકૂકડી ચાલ્યા કરતી.

કામ કરનારાઓમાં ભેરુબંધી બહુ સારી. મહેનત કરવામાં જરી યે પાછા ન પડે એવા સૌ હતા. શાહી, કાગળ, મશીન, જગ્યા, બધો વહીવટ એવો આપમેળે ચાલ્યા કરતો કે કશી પણ જાતના દફતર વિના યા લખાપટ્ટી યા રાતી પટ્ટી વિના ક્યાંય પણ ગૂંચ નહોતી આવતી. અંગ્રેજ કંપની કાગળો તથા મશીન આપતી, છતાં તેઓએ અજબ વિશ્વાસ સાચવ્યો હતો. કહેતા કે અમે તો વેપારી. તમને અમે દગો નહિ દઇએ. જ્યાં કહીએ ત્યાં, જેમ કહીએ તેમ, એક બોલ પર યા શાખ પર માલ પહોંચાડી જતા.

મશીનો ફરે તે જગ્યાઓનાં નામો અલાયદાં આપ્યાં હતાં, અને સાદી સંજ્ઞામાં નોંધપોથી લખાતી. શરૂમાં તો ચાઈનાબાગમાં સારો કિલ્લો જમાવ્યો અને ખૂબ મઝા આવી. પણ પછી બધું ગેરકાયદેસર થતાં પંખીમાળો વિખરાઇ ગયો, બધા જ છૂપા રહેવા લાગ્યા.

લોકોનો ઉત્સાહ સારો અને મદદ ઘણી સારી. રહેવાને ઘર, ગમે ત્યારે ખાવાની વ્યવસ્થા. સામેથી કહેવડાવતા રહે કે મુશીબત પડે તો અમારી બે ત્રણ જગ્યાઓ છે ત્યાં મશીનો રાખજો. પ્રજાના સાથ વિના તો આવું ચાલી જ કેમ શકે? જો બરોબર રીતસરની છૂપી ચળવળ ચલાવવાની હોત તો તે માટે પ્રજા કે કાર્યકર્તા તૈયાર નહોતા. એવી તાલીમ પણ નહોતી, અને એવા હુકમ કે ધ્યેય પણ નહોતાં. છતાં ચાલી. થોડી પોલીસની પણ મહેરબાની ખરી. ચૌદપંદર મહિનાના અંધારવાસમાં બેત્રણ વખત તો એક હિંદી પોલીસ અફસરે મને ત્રણેક વાર ચેતાવ્યો હતો. અને એક વાર તો કચ્છી ભાટિયાશાઈ પાઘડી અને લાંબો ડગલો પહેરી રાતે એક થિયેટરમાં સિનેમા જોવા જતાં, ઈન્ટરવલ પહેલાં જ પાછળથી કાનમાં એ અફસર સાહેબે ફૂંક મારી કે બત્તી થતાં પહેલાં રફુ થઈ જાઓ, નહિ તો મારે જ પકડવા પડશે! એવા તો ઠીકઠીક દાખલાઓ બન્યા હતા.

અમારી ટોળીના સરદાર જોહરી, અને પછી ઉમાશંકર દીક્ષિત. બંને ભારેના ગીંઠા, ચાલાક, તેજી. મવાલ વિચારના હરગીઝ નહિ. અને અમને એમની સાથે કામ કરવાની, એમને છૂપા મળવાની મઝા આવતી. લોકપ્રિય બનેલી પત્રિકાને પોતાને કબજે લેવાને નવા આવનારાઓ જાતજાતનાં ફાંફાં મારતા, ત્રાગાં કરતા, દમદાટી આપતા, પકડાવી દેવાની ધમકીઓ આપતા. એવાએવા નાના ટંટાઓ પણ થતા અને શમી પણ જતા. પત્રિકા પ્રગટ થયા જ કરતી.

લડતની આ ગરમાગરમીમાં એક દિવસ કેશવલાલ ધ્રુવસાહેબે બોલાવી કહ્યું, 'મારા પુત્રને મુંબાઈની લડતમાં જોડાવું છે. તમારા સાથીદાર તરીકે લેશો તો આભાર થશે.' દીવાન બહાદુર ધ્રુવસાહેબ જે નીડરતાથી અને મક્કમતાથી વિલોચન (બચુભાઈ) ધ્રુવને અમારા ભેગા ઉમેરવા બોલ્યા ત્યારે એમની સ્વસ્થતા તો સંપૂર્ણ હતી. એમને એમ બોલતા સાંભળી અમારી આંખમાં આંસુ આવી ગયાં. એનો ઉમેરો અમને બહુ કામ લાગ્યો. ઠંડા સ્વભાવના, મિતાક્ષરી બોલનારા, સારી કલમ ધરાવનારા ને સહૃદયી એ જુવાનિયાના આવવાથી અમને તો હમેશનો એક સુહૃદ મળવાનો લાભ થયો. આમ તો અમારામાં એક અજિત દેસાઇ હતા. અત્યંત પ્રામાણિક, મહેનતુ, નીડર, ચુસ્ત રાષ્ટ્રવાદી જુવાન. બીજા હતા વિઠ્ઠલ ઝવેરીઃ દેશભગત

એટલી જ કલાધગશ. શ્રીપાદ અને ગડેકર, મહેન્દ્ર અને પકવાસા. અને અમારો નારણુ ટૅક્સીવાળો પણ ભારેનો હિંમતબાજ. સામી છાતીએ બુલેટિન ભરીને ગાડી ફેરવે. સનત વીણુ અને ત્રિલોચન ધ્રુવ બંને સાથે ખૂબ દિલ મળી ગયાં હતાં. એમાં ડૉ. અજગાંવકર—મરાઠીના લેખક તો દૂધમાં સાકર જેમ ભળી ગયા હતા.

પત્રિકાએ રંગ રાખ્યો હતો. એક પૈસાની એ પાંચપાંચ રૂપિયે પણ વેચાઇ છે. એણે શહેરના જુદાજુદા ભાગમાં પ્રભાતફેરીઓ જગાવી છે, એમને ફરતી રાખી છે. સૌથી અગત્યનો ભાગ તો એણે બાબુ ગનુને અમર કરવામાં ભજવ્યો છે.

એક ગોરા સાર્જન્ટે એક સ્વયંસેવકને અકસ્માત છૂંદી નાખ્યો. અકસ્માત કે જાણી જોઇને, ખબર નથી. કેટલાક કહે છે કે એવું બન્યું જ નહોતું! એક માણસ અટવાઈ ગયો એ વાત ખરી, ગુજરી ગયો એ પણ ખરું. કેમ, કેવી રીતે, કયા સાર્જન્ટના લૉરીથી, એ તત્કાળે કે અટાણે કહેવું અશક્ય છે. પણ મળસ્કે ચાર વાગ્યે કાલબાદેવી ઉપર એ સ્થળે કંકુ નારિયેળ અને ઘીનો દીવો મુકાયાં. રાતોરાત જાગરણ કરી જુવાનિયાઓએ હજારોની સંખ્યામાં ગુજરાતી-મરાઠી પત્રિકા કાઢી મફત વહેંચી દીધી! પત્રિકાએ જ એ 'બાબુ ગનુ ડે' ઉજવાવ્યો. સવારના તો ત્યાં ફૂલહારનો ઢગલો થઈ ગયો અને ટ્રામો બંધ પડી! અને પછી હડતાલનું તો પૂછવું જ શું? એમ બાબુ ગનુ શહીદ થઈ ગયો. એનો કેસ? કેસ કેવો અને વિગતો શી? બધાના કંઈ હમેશાં વિગતવાર કેસો ચાલે છે? પત્રિકાએ જાણ્યું, ને લોકોના જોમને સતેજ રાખ્યું. જે હકીકત આવી એને રંગી દીધી, લડતનો રંગ રાખી દીધો. 'બાબુ ગનુ ઝિંદાબાદ!' દર મહિને એ દિવસ ઉજવાવા માંડ્યો!

એવા કંઈક હતા જેઓ સાંજને છેડે પત્રિકા વાંચ્યા વિના ભોજન નહોતા લઈ શકતા. કંઇક વળી આખી ફાઈલ રાખવા મથામણ કરતા. પોલીસ રેઈડ નાખો કે દિવસના વીસેક ઈંચ વરસાદ પડી શહેરનો વ્યવહાર ખોરવી નાખો, પણ પત્રિકા નિયમિત દરરોજ નીકળતી. એ પત્રિકા પર સૌને મમતા હતી. હિંદભરમાં એની આબરૂ હતી. મહાત્માજીએ એક વાર આખી ટોળીને બોલાવી પીઠ થાબડી હતી. બીજી વાર વિકટ પ્રસંગે મોવડીઓને બોલાવી પત્રિકા સાથે નવજીવન ચાલુ રાખવા આગ્રહ પણ કર્યો હતો. સરદાર વલ્લભભાઇએ ટોળીને મળવા ખાસ બોલાવી હતી. મહાદેવભાઈ તો ખુશખુશ હતા; આખી ટોળીની બાપુ આગળ ખૂબ તારીફ કરતા.

ત્યારે એક દિવસ સુભાષ બોઝ મુંબાઈ આવ્યા. ક્વીન્સ રોડ પર શ્રી કાન્તિલાલ પારેખને ત્યાં ઊતર્યા. કાન્તિલાલ ત્યારે અમારી ટોળીમાંના એક ભેરુ હતા. એને પરિણામે ટૂંક સમયમાં સુભાષબાબુ સાથે સારો પરિચય થઇ ગયો. અમે એના વ્યક્તિત્વથી એવા તો અંજાઇ ગયા કે ખુશાલીમાં એમની સાથે વિવિધ ફોટા પણ પડાવી નાખ્યા!

અમને થયું કે અમે એમના માનમાં એક મેળાવડો યોજીએ. પણ ક્યાં અને કેવી રીતે? અમે તે ઈ ક્લબ ફ્લબના મેમ્બરો હતા જે? પણ કઈ જગ્યા અમારે માટે ખુલ્લી નહોતી? ત્યારે ચોપાટી પરના તિલક દાદાના પૂતળાની બરાબર સામે 'સાગર સ્ટૂડિયો'ની જગ્યા હતી. એની અડોઅડ 'મર્ચંન્ટ ક્લબ' ચાલતી. ત્યાં અમે ગમે ત્યારે ખાવાપીવા જઈ શકતા એવી અમારી આખી પત્રિકાની ટોળી માટે વ્યવસ્થા હતી, એટલા બધા એના સભ્યો પત્રિકા પર આફ્રીન હતા.

ક્લબમાં વાત પહોંચાડી. તરત ફેંસલો! ગોઠવણ એવી કે ક્લબના દાદા જ અમે; બધા સભ્યો અમારા મહેમાન; અને સુભાષબાબુ માનવંતા મહેમાન. અમને અમારી ટોળી ઉપરાંત જેમને બહારનાને બોલાવવા હોય તેમને બોલાવવાની છૂટ. આખી જગ્યા તે સાંજે અમારા કબજામાં. દિવસ નક્કી થતાં મોઢાનાં નોતરાં ફરી ગયાં. અમે ભૂખડીબારસ મુફલિસોએ આખી મર્ચન્ટ ક્લબને સુભાષબાબુના માનમાં યોજાએલી ગાર્ડન પાર્ટીમાં નોતરી!

બહાર ટેબલો નંખાઇ ગયાં અને ખાણીપીણીની ગોઠવણો પણ થઈ ગઇ. અમે બધા ક્લબના સભ્યોને સત્કારવા ઊભા. મુખ્ય મહેમાન પણ પધાર્યા, અને ત્યારે ત્યાં એક સુંદર મોટો વિશાળ ખંડ હતો તેમાં સત્કાર સમારંભ પણ યોજ્યો. મહેરઅલી વગેરે અમારા ગોઠિયા મંડળમાંથી પણ ઠીકઠીકને અમે નોતર્યા હતા. અને આવે પ્રસંગે મહેરઅલી તાબડતોબ કંઈ બોલી શકે એવો અમારો મદાર હતો. પણ કશો 'એજન્ડા' જ નહિ, અને બધા ચૂપ બેઠા રહ્યા.

હૉલ ચિકાર અને દબદબાભરેલો લાગતો હતો. મર્ચંન્ટ ક્લબના બધા સભ્યો, શેઠિયાઓ વેપારીઓ વગેરે, લગનસરાનાં કપડાં પહેરી, તે સાંજે પાનાંને આઘાં ફેંકી બધા જ હાજર રહ્યા હતા. સનત વીણે જઇ મહેરઅલીને કંઈક ભીડ ભાંગવા કહ્યું. પણ તે દિવસે એણે ના પાડી. ને એ બોલે પણ શું? કંઈ પ્રસંગની તો એને ખબર જ નહોતી. પણ અમને યે ત્યારે ક્યાં ખબર હતી? કોઈ રાજકીય સભા નહોતી, કોઇ પ્રમુખ નહોતું. બધે સાવ ચુપકીદી હતી. સનત મને કહે 'તું જ લગાવ હવે તો; નહિ તો આબરૂ જાય છે.'

ભલા ભગવાન! બાજુમાં જ બિરાજેલા સુભાષચન્દ્ર બોઝને ઉદ્દેશીને એક વાક્ય અંગ્રેજીમાં—કે આ 'મર્ચન્ટ ક્લબ' છે; અને આ બધા મહેમાનો મુંબાઈના વહેપારીઓ છે. બીજું વાક્ય ગુજરાતીમાં શેઠિયાઓને,—કે સાહેબો! આપે સુભાષચંદ્ર બોઝનું નામ તો સાંભળ્યું જ હશે. બંગાળના એ નરવીરને—એમ અરસપરસ ઓળખાણ આપતાં એક અંગ્રેજી એક ગુજરાતી એવા જ ઢંગમાં જિંદગીમાં પહેલું અને છેલ્લું એવું ગંગાજમની ભાષણ કીધું. પછી સુભાષબાબુએ અંગ્રેજીમાં અમારો આભાર માન્યો, હારતોરા અપાયા, ને પછી બહાર ગાર્ડન પાર્ટી જામી. આઠથી અગિયારનો એ વગર પૈસે યોજાએલો સમારંભ અમને હમેશાં યાદ રહેશે. એ માન પત્રિકાને આભારી હતું.

સુભાષબાબુને તે રાતે સાડા અગિયાર વાગ્યે મહાત્માજીને મળવાનું હતું. મુલાકાત ગામદેવીમાં મણિભુવનમાં હતી. મજલિસ વિખરાતાં સુભાષબાબુને ગામદેવી મૂકવા લઈ ગયા. ત્યાં મહાત્માજી કામમાં હતા તેથી રાહ જોવી પડી. બાબુજી કહે તું બેસને, ગપ્પાં મારશું. બધા તો ચાલ્યા ગયા; અમે બે બેઠા રહ્યા. છેક બાર વાગ્યે પત્તો ખાધો. ઉપરના મજલામાં અમે દાખલ થયા. મહાદેવભાઇ તે દિવસે નહોતા, પ્યારેલાલ હતા. એમણે મને અંદર જવા મના કરી, પણ સુભાષબાબુ કહે કે નહિ, એને આવવા દો; મારી સાથે છો રહે.

મહાત્માજી અર્વિન પૅક્ટ પૂરો કરી તરત જ મુંબાઈ આવ્યા હતા. સત્યાગ્રહ 'ઍબૅન્ડન' નહિ પણ 'ડિસકન્ટીન્યૂ' કરાવો. એ 'ઍબૅન્ડન' અને 'ડિસકન્ટીન્યૂ' શબ્દો માટે જ વાઈસરૉય સાથે કલાકો તકરાર ચાલેલી, ત્યાંથી વાતોની શરૂઆત થઇ. શરૂઆતમાં જ મહાત્માજીએ મારે માટે ઈશારો કર્યો. પણ કોણ જાણે કયા વિશ્વાસે બાબુજીએ મારે માટે કહ્યું કે છો રહે; એનો વાંધો નથી. બે વાગ્યા સુધી ચર્ચા ચાલી. અને બીજે દિવસે તો લડત પાછી શરૂ થવાની હતી. એ બે કલાકનો લહાવો મારા જીવનનાં વિવિધ ધન્ય સંસ્મરણોમાંનું એક અનુપમ સ્મરણ ગણું છું. (ચાલુ)

મનોમંથન .... કાકાસાહેબ કાલેલકરના

તરુણ કાળનાં સંસ્મરણોની ('સ્મરણયાત્રા'ની અનુગામી) લેખમાળા



૮ શ્રદ્ધામાં બાધ

સંશયવાદ, નાસ્તિકતા, અજ્ઞેયવાદ, સ્યાદ્‌વાદ કે નિઃસારવાદ—આ બધાં શું છે? શ્રદ્ધા, વિશ્વાસ ને આસ્તિકતાનાં વિરોધી આ બધાં તત્ત્વો એક નથી; દરેકનું પ્રસ્થાન જુદુંજુદું છે. સંસારમાં દરેક માણસને આ સઘળાંનું દર્શન કોઈ ને કોઈ વખતે થાય છે જ.

આ પહેલાં મેં એકબે જગ્યાએ લખ્યું જ છે કે કૉલેજનાં મારાં ચાર વર્ષમાંથી બે વર્ષ તો સંશયવાદ અને બુદ્ધિવાદના ધખારામાં જ વીત્યાં. ધખારો એટલા માટે કહું છું કે આ તાત્ત્વિક એકાંગી વાદોની સાથેસાથે જે નમ્રતા હોવી જોઇએ તે એ દિવસોમાં બહુ થોડી હતી. ઈશ્વર ઉપરની મારી શ્રદ્ધા નાશ પામી હતી. હું માનતો કે પ્રાર્થના કરવી એ બુદ્ધિહીનતા અને છોકરવાદનું લક્ષણ છે. ધર્માચાર્યોના અધિકારો સ્વીકારવા હું તૈયાર નહોતો. ધર્મગ્રંથો જોકે મારે માટે પૂજ્ય હતા, પણ તેને પ્રમાણ માનવા હું તૈયાર નહોતો. જે કોઈ વસ્તુ મારી સામે આવતી તે પર હું બુદ્ધિ ને તર્કનો અસ્ત્રો ચલાવતો ને માનતો કે હું કેવો ભાગ્યશાળી છું કે અનેકાનેક વહેમોથી મુક્ત થઇ ગયો છું.

આજે વિચાર કરતાં લાગે છે કે આ તાર્કિકતા, બુદ્ધિવાદ અને સંશયશીલતા મારામાં નાનપણથી જ હતાં. વડીલોના કહેવાથી તેને માત્ર હું દબાવી દેતો હતો કે 'સારા માણસોએ એ રીતે ન વિચારવું જોઇએ.' જ્યારે શંકાઓ વધી અને તર્કશક્તિ પ્રબળ થઈ ત્યારે મને એવા ગુરુ મળ્યા જે બુદ્ધિવાદી હતા, એવા ગ્રંથો પણ મળ્યા કે જે બુદ્ધિવાદને જ સાચો ધર્મ સમજતા હતા, ને જીવનમાં પ્રસંગો પણ એવા આવવા લાગ્યા કે જેનાથી શ્રદ્ધાનું સમાધાન શિથિલ થતું જઈ બુદ્ધિના નિર્ણયો જ જાણે જીવનસર્વસ્વ હોય એમ ખાતરી થવા લાગી.

બુદ્ધિવાદને કારણે મારામાં અહંકાર જન્મ્યો હોય કે વધ્યો હોય એવી એક પણ ક્ષણ કે પ્રસંગ મને યાદ નથી. મારી ઉત્કટ પારમાર્થિકતા(seriousness)ને કારણે જ મેં બુદ્ધિને નિર્ણાયક અને જીવનસર્વસ્વ માની. હવે એનો ઇન્કાર કેમ કરી શકું? It makes a world of difference whether you put reason in the first place or in the second—આવી હતી મારી વૃત્તિ.

આ અંગ્રેજી વાક્ય મેં વાંચેલું જૉન મોર્લેના 'ઑન કૉમ્પ્રોમાઈઝ'ના પ્રારંભમાં. મૂળ વાક્ય આમ હતું: It makes a world of difference whether you put truth in the first place or in the second. આ અર્થમાં હું એને આજે પણ માનું છું. પણ એ દિવસોમાં તો મેં truthની જગ્યાએ reason શબ્દ રાખ્યો હતો. મારે મન સત્યપ્રાપ્તિનું એકમાત્ર અને પર્યાપ્ત સાધન reason—બુદ્ધિ સિવાય બીજું કશું ન હતું. ગણિત અને પદાર્થવિજ્ઞાન એ બંને વિષયો હું પરીક્ષા માટે નહિ, પણ જ્ઞાનાનંદ માટે જ ભણતો હતો. અંકગણિત, બીજગણિત અને ભૂમિતિ દ્વારા મને જે ગણિતાનંદ મળતો હતો તેના કેફમાં હું મસ્ત રહેતો. પદાર્થવિજ્ઞાન (physics) ભણતાં સૃષ્ટિની રચના, તેની ખૂબીઓ અને તેની પરમ બુદ્ધિયુક્ત વ્યવસ્થા જોઈ મને જે આનંદ થતો તે કાવ્યાનંદથી ઓછો નહોતો. ગણિત અને પદાર્થવિજ્ઞાન બંને જીવનનાં સુભગ વ્યાકરણ છે એનો સાક્ષાત્કાર થવાથી જ હું મસ્ત રહેતો. આથી જ તર્કનું સાધન અને બુદ્ધિનું પ્રમાણ મને ધાર્મિકતા જેટલો સંતોષ આપતાં હતાં.

મને યાદ છે કે કૉલેજની વાગ્વર્ધિની સભામાં વ્યાખ્યાન દેતાં એક વાર મેં કહેલું કે "આપણે પ્રાર્થના શા માટે કરવી? આપણી પ્રાર્થના સાંભળે છે કોણ? મધરાતે હું પ્રાર્થના કરું કે આ ક્ષણે સૂર્યોદય થઈ જાય, તો શું સૂરજ ઊગવાનો છે? પુરાણોમાં ગૌતમ કે બીજા કોઇ ઋષિ વિષે લખ્યું છે કે બપોરથી પોતાની પત્નીના ખોળામાં મસ્તક મૂકી સૂઇ ગએલા એ ઋષિને પત્નીએ જગાડીને કહ્યું કે, 'સૂર્યાસ્ત થવાની તૈયારી છે, સંધ્યાવંદનનો સમય વીતી જશે.' ત્યારે ઋષિએ પત્નીને શાપ આપીને કહ્યું કે 'જ્યાં સુધી હું નિદ્રામાંથી જાગ્યો નથી અને મેં સૂર્યને અર્ઘ્ય આપ્યો નથી ત્યાં સુધી મજાલ છે સૂર્યની કે તે અસ્તાચલ પર ઊતરે?' તમે શું આવી કથાઓ સાચી માનો છો? આપણાં સંધ્યાવંદનમાં જો આટલી શક્તિ આવવાનો સંભવ હોય તો હું પ્રાર્થના કરવા તૈયાર છું. ઋષિઓનો જમાનો માનવજાતિના બાલ્યકાળનો યુગ હતો. આજે આપણે સૃષ્ટિમાં કાર્યકારણના સિદ્ધાંતનું સામ્રાજ્ય જોઈ ચૂક્યા છીએ. ત્યારે આપણે કઈ રીતે પ્રાર્થના કરી શકીએ? જો હું ગણિત કે ઇતિહાસનો એક અક્ષરે ન શીખું અને ભગવાનને પ્રાર્થના કરું કે મને પ્રથમ વર્ગ તથા ચંદ્રક મળે, તો શું એવી પ્રાર્થના સંભળાવાની છે? અને જો કોઈ ભગવાન અરેબિયન નાઇટ્સના સુલતાનની જેમ પ્રાર્થનાથી ખુશ થઇ મને પરીક્ષાનું પ્રમાણપત્ર મેળવી પણ દે તો તેનાથી શું મારો ઉદ્ધાર થવાનો હતો? અને એવા ભગવાન પ્રત્યે શું મારા મનમાં પૂજ્યભાવ પેદા થશે?"

જે ભૂમિકા ઉપર ઊભો રહી હું એ બોલતો હતો એનો વિચાર કરતાં મારી વાત બિલકુલ ખરી હતી. આજ પણ જો મારી ભૂમિકા એની એ જ હોત તો હું એમ જ કહેત. પણ અનેક વર્ષોના મનોમંથન બાદ મારા જીવનનો પાયો જ ફરી ગયો છે. બુદ્ધિનો ઉપાસક હું પહેલાંના જેવો જ છું, પણ આજ તેની ક્ષેત્રમર્યાદા હું સમજવા લાગ્યો છું. હું માનું છું કે એને કારણે મારી બુદ્ધિ કંઈક તીક્ષ્ણ પણ થઇ હશે.

જે વાત બુદ્ધિના ક્ષેત્રમાં નથી આવતી તેના અસ્તિત્વનો દાવો આપણે નથી કરી શકતા; ન હોવાનો પણ નથી કરી શકતા. એવી ચીજ હોઈ પણ શકે, ન પણ હોઈ શકે; કેમકે તેના વિષે આપણે નિર્ણય નથી કરી શકતા. આથી આપણા મનમાં સંદેહ રહી જાય છે. આપણે જો પ્રામાણિક હોઈએ તો એવા સંદેહને આપણે જાહેર કરી દેવો જોઈએ.

બુદ્ધિથી જે વાતનું આકલન નથી થઈ શકતું એ વસ્તુનું અસ્તિત્વ જ નથી એવું માની બેસવું એનું નામ નેતિવાદ. એને નાસ્તિકવાદ પણ કહી શકાય. ઈશ્વરનો ઈન્કાર કરનારાઓને જ નાસ્તિક કહી શકાય એવું કાંઈ નથી. જો આપણને ભૂત-પ્રેતો વિષે પણ વિશ્વાસ ન હોય તો કહી શકીએ કે 'ભૂતોને વિષે હું નાસ્તિક છું.'

સંશયવાદથી અજ્ઞેયવાદ કંઈક આગળ વધે છે. અજ્ઞેયવાદ કહે છે કે ઈશ્વર જેવી ચીજ છે કે નહિ તેની તો અમને ખબર નથી, પણ

એટલું તો બરોબર જાણીએ છીએ કે જો ઈશ્વર હોય તો આપણી પાસે એવું કોઇ સાધન નથી કે જેના વડે આપણે તેને ઓળખી શકીએ. આમ ઇશ્વરની અજ્ઞેયતા વિષે તો આપણે નિશ્ચિત છીએ. તેનાં બે કારણો છે: એક તો એ કે મેં જોઈ લીધું કે ઈશ્વરની જેવી વ્યાખ્યા કરાય છે એ અનુસાર તેને ઓળખવાની આપણી બુદ્ધિની શક્તિ નથી. બીજું કારણ એ, કે આપણે ચોક્કસ જાણીએ છીએ કે બુદ્ધિ કરતાં વધુ સારું બીજું કોઇ એવું સાધન આપણી પાસે નથી કે જેના વડે આપણે ઇશ્વરને ઓળખી શકીએ. આ થઇ અજ્ઞેયવાદની ભૂમિકા.

નિઃસારવાદ કહે છે કે આ દુનિયામાં કોઈ મહત્ત્વની સારરૂપ ચીજ જ નથી. જે છે તે બધી સારરહિત છે. તેથી આપણે આપણી સામે કોઇ ધ્યેય કે આદર્શ રાખી જ નથી શકતા. દિવસ ઊગ્યો તે કોઈ પણ રીતે પૂરો કરવો, એ છે જીવનનું સ્વરૂપ. જે લોકો જીવનનું આથી કંઇ અધિક મૂલ્ય આંકે છે તેઓ ભ્રમમાં છે, ને એને કારણે તેઓ મૃગજળ પાછળ દોડીને નાહક હેરાન થાય છે. જેઓએ જીવનની નિઃસારતાને ઓળખી લીધી છે તેઓ ઓછામાં ઓછું એ ઝાંઝવાં પાછળ દોડવાની ભૂલ તો નહિ જ કરે. આવા લોકોને શુદ્ધ જ્ઞાનની શાન્તિ મળવી જ જોઇએ.

સ્યાદ્વાદ જૈનોનો આવિષ્કાર છે. કેટલાક લોકો સંશયવાદને જ સ્યાદ્વાદ કહે છે. 'સ્યાદ્'નો અર્થ 'શાયદ' કે 'કદાચ'. "કદાચ હશે, કદાચ નહિ હોય: નિશ્ચયપૂર્વક આપણે કશું કહી નથી શકતા." આ ભૂમિકાને તેઓ સ્યાદ્વાદ કહે છે. જૈનોની ભૂમિકા આ નથી. તેઓ કહે છે કે દરેક ચીજને અનેક પાસાં હોય છે. આપણે એ બધાં પાસાં એકસાથે નથી સમજી શકતા; એટલે આપણું જ્ઞાન એકાંગી જ હોય છે. તર્ક ચલાવીને એમણે બતાવ્યું કે આપણા જ્ઞાનની સાત બાજુ હોઇ શકે. આથી જ જૈનોના સ્યાદ્વાદને 'સપ્તભંગી ન્યાય' કહે છે. કૉલેજના દિવસોમાં જૈનોના આ સ્યાદ્વાદને વિષે હું કશું જાણતો નહોતો; જોકે એ વિષે પ્રો. ભાનુએ એક દિવસ કંઇક કહ્યું હતું ખરું.

ઈશ્વર પર વિશ્વાસ રાખવો, ધર્મના પ્રતિ આદર રાખવો અને સંતોને વિષે જે વાતો કહેવાતી તે પર અવિશ્વાસ ન કરવો, એ બધું નાનપણમાં સ્વાભાવિક હતું. પણ આગળ જતાં કંઇકંઇ શંકાઓ ઊઠવા માંડી. જો ક્યાંક વાંચવામાં આવે કે પ્રલયકાળ નજીક આવતાં આકાશમાં સૂર્યગ્રહણ અને ચંદ્રગ્રહણ બંને એક જ દિવસે થયાં તો તેના પર વિશ્વાસ રાખવો અશક્ય હતો. રાક્ષસોએ દેવપુત્ર કચને મારી નાખી તેના શરીરને ફૂંકી મૂક્યું અને તેની રાખ દારૂમાં મેળવી તે શુક્રાચાર્યને પાઇ દીધી, છતાં યે સંજીવની મંત્ર ભણીને તરત કચ પોતના ગુરુનું પેટ ચીરી બહાર આવ્યો...એવી એવી વાતો સાંભળવી સારી લાગતી હતી, પરંતુ તેના પર વિશ્વાસ તો ક્યારે યે જાગી શક્યો નથી. ઈશ્વર માટે કંઈ પણ અશક્ય નથી એ દલીલ તો નાનપણથી સાંભળતો આવ્યો હતો. 'સત્યયુગમાં જ એવા ચમત્કારો થઈ શકતા હતા, હવે તો કળિયુગ આવી ગયો છે એટલે હવે ચમત્કારો માટે સંભવ જ નથી' એવું જ્યારે લોકો કહેવા લાગ્યા, ત્યારે શરૂઆતમાં કળિયુગને વિષે તુચ્છતા લાગતી હતી. પછી વિચાર કરતાં લાગ્યું કે કળિયુગની બીજી વાતો ભલે ખરાબ હોય, પણ આ એક વાતમાં કળિયુગ જ સારો છે, કે એમાં કાર્યકારણ-ભાવની સ્થિરતા પર વિશ્વાસ તો કરી શકીએ છીએ. હવે કોઇ ઋષિ સૂર્યના ઉદય કે અસ્તના નિયમમાં અડચણ નથી નાખી શકતો, હવે ચંદ્રના ટુકડા પણ નથી થવાના, ને હવે શ્રીકૃષ્ણની મુરલી સાંભળી યમુનાનાં નીર પણ વહેતાં નથી અટકવાનાં. અદ્ભુત પ્રસંગોની દૃષ્ટિએ જોતાં પુરાણોનો જમાનો અને અરેબિયન નાઈટ્સનો જમાનો એક જ છે.

આ બધી ભૂમિકાની પાછળ મનોવ્યાપારના ક્ષેત્રની પૂરી ઉપેક્ષા હતી. ભૌતિક સૃષ્ટિ ઉપરાંત માનસિક, ભાવાત્મક, એવી એક જુદી સૃષ્ટિ છે એ વાતનો તો મેં વિચાર જ નહોતો કર્યો. પ્રાર્થના વડે મધ્યરાત્રીએ આપણે સૂર્યોદય નથી જોઈ શકતા, પણ પ્રાર્થના દ્વારા આપણે આપણા મનમાં જરૂર પરિવર્તન તો કરી જ શકીએ છીએ, અને મનની શક્તિની અસર ભૌતિક સૃષ્ટિ ઉપર પણ થઈ શકે છે. આ બધી વાતો મોડી ધ્યાનમાં આવી.

એક દિવસ ન્યાયમૂર્તિ રાનડેનું ધાર્મિક પ્રવચન વાંચી રહ્યો હતો. એમાં એમણે ભૌતિક સત્ય અને નૈતિક સત્યનો—physical certainty અને moral certaintyનો ભેદ બતાવ્યો હતો. એ વાંચતાંવાંચતાં મને એક નવી દૃષ્ટિ મળી ગઈ ને મારી નાસ્તિકતા ધીરેધીરે પીગળવા માંડી. મેં ન્યાયમૂર્તિ રાનડેના અંગ્રેજી ને મરાઠી નિબંધો વાંચ્યા. ભાગવતધર્મની એમની વ્યાખ્યા મને બહુ ગમી. સંતવાણીને હવે હું નવી દૃષ્ટિએ જોવા લાગ્યો. બાળપણમાં જે ભજનો કેવળ અંધશ્રદ્ધાથી ગાતો હતો તેનો મર્મ હવે ધ્યાનમાં આવવા લાગ્યો. અને મેં એ પણ જોયું કે સંતોનો ઉપદેશ સ્વર્ગપ્રાપ્તિને માટે નહિ, પણ ઇહલોકમાં જ જીવનને ઉન્નત કરવાની પ્રેરણા માટે છે. નાનપણમાં પ્રાર્થના-સમાજને વિષે જે કંઈ વાંચ્યું હતું એ બધું જાગ્રત થયું અને તેની ગંભીરતા ધ્યાનમાં આવવા લાગી. ન્યાયમૂર્તિ રાનડે પછી ડૉ. ભાંડારકરનું 'પ્રપન્ન-પ્રલપિત' મેં વાંચ્યું. સંતોના ભક્તિમાર્ગનું રહસ્ય ભાંડારકર દ્વારા હું સારીરીતે સમજવા લાગ્યો અને જીવનમાં આધ્યાત્મિકતા વધારવાની ભૂખ ફરી જાગ્રત થઈ.

આટલી પૂર્વતૈયારી પછી હું સ્વામી વિવેકાનંદ તરફ વળ્યો. અહીંથી મારા જીવનમાં એક નવો જ પલટો આવ્યો. પણ એના વિષે તો સ્વતંત્ર પ્રકરણ લખવું જ સારું છે. (ચાલુ)

સુંદર (પૃ. ૩૩૯થી ચાલુ) વસ્તુઓ સુંદરરીતે જોવા મળી. આંખ સ્પષ્ટ હોય પણ ચશ્માંના કાચ પર ડાઘ પડ્યો હોય, અથવા ચશ્માં સ્વચ્છ હોય છતાં આંખની કીકીમાં ફૂલુ પડ્યું હોય તો સુંદરને જોવાનું બિલકુલ સંભવિત ન બને.

મોઢાની સગાઇ બહુ ખરાબ લાગે; કારણ કે ત્યાં શબ્દો કેવળ હોઠમાંથી નીકળે છે, હૈયામાંથી નહિ. આલિંગન પણ ઉપરઉપરનું હોય તો તે માત્ર 'સ્પર્શ' છે. એને હૈયા સાથે હૈયાનું 'મિલન' ન કહેવાય. જ્યારે મનુષ્યની સાથે તેનું હૃદય પણ બહારની સાથે ભીતરનો સુંદર મનમેળ અનુભવે છે ત્યારે બહુ સારું લાગે છે.

હું કળાની સામગ્રીઓ સંઘરતો હતો ત્યારે એક ઇરાની કિતાબનાં એકાદ બે પૂઠાં હાથમાં આવ્યાં હતાં. ત્યાં પૂઠાં જ અંદર ને બહારનું સૌંદર્ય લઈ સામે ખડાં થતાં હતાં. એવી રીતે ફૂલની પાંખડી જેવા સમુદ્રના કેટલાયે શંખલા તેમનાં આશ્ચર્યકારક રંગ અને સૌંદર્ય સાથે નજરે ચડ્યા છે. દરેક વખતે મેં નોંધ કરી છે કે આંખ અને મન બંનેને જ તેમણે આકૃષ્ટ કર્યાં હતા. શાસ્ત્રમાં કેટલાંક લક્ષણો બતાવીને કહ્યું છે કે આટલું હોય તો 'રમણીય' કહેવાય. છતાં કેવળ આંખ વડે, દૂરવિક્ષણથી, કે અનુવિક્ષણથી યે જોવામાં આવે તોપણ, સુંદર વિષે છેવટની વાત સ્વર્ગ, મર્ત્ય કે પાતાળમાં ક્યાંયે શોધી મળતી નથી. આકાશમાં ઈન્દ્રધનુમાં જે સુંદર છે તે પૃથ્વીના રજકણમાં પણ છે, અને તે જ અતળને તળિયે એક નાનકડા શંખલાની અંદર તેમજ બહાર સર્વત્ર સમાનરીતે સૌંદર્ય વિકીર્ણ કરી રહ્યો છે.

है सबमें सबहीमें न्यारा।

નિ ર્બં ધિ કા

ભદ્રંભદ્ર-જયંતી

બકુલ ત્રિપાઠી

મને ખબર નથી કે મહાપુરુષોની જયંતી એમના જન્મ-દિવસે ઊજવાય કે અવસાનદિને. દાખલા તરીકે તમારી જયંતી ઊજવવાની છે, તો એ તમે જન્મ્યા હતા એ તિથિએ ઊજવવી કે તમારું...અરે, અરે, એમાં રાતાપીળા શું થઈ ગયા? આ તો 'દાખલા તરીકે' કહું છું. તમે તો સો વર્ષના થાઓ એવી મારી શુભેચ્છા છે. આ તો માત્ર એક 'દાખલા તરીકે...'. પણ જવા દો, તમને ન ગમતું હોય એવું કરવાની શી જરૂર?

આ જયંતીનો સવાલ તો એટલા માટે પૂછું છું કે આ સપ્ટેંબર માસમાં એક મહાપુરુષની જયંતી ઊજવવાની આપણને અમૂલ્ય તક છે. ઑગસ્ટમાં કૃષ્ણજયંતી આવી ગઇ. ઑક્ટોબરમાં ગાંધી જયંતી આવશે. તો આ સપ્ટેંબરમાં એવા જ એક મહાપુરુષ ભદ્રંભદ્ર-ની જયંતી કેમ ન ઊજવવી? આજથી બાવન વર્ષ પહેલાં ઇ. ૧૯૦૦ ના સપ્ટેમ્બર મહિનામાં સર રમણભાઇ નીલકંઠ દ્વારા ભદ્રંભદ્રની જીવનકથા પ્રગટ થઈ હતી, એતો ખબર છે ને?

પણ પાછા તમે કંઇ સમજ્યા કર્યા વિના પ્રશ્ન કરશો કે આમ ને આમ કેટલાકની જયંતી ઊજવશો? આજ ભદ્રંભદ્ર-જયંતીની વાત કરો છો, કાલ કોઇ 'કરણઘેલા'ની જયંતીની વાત કરશો, પછી કો'ક કહેશે શકુંતલાની કે પુરુરવાની જયંતી પણ—.અરરર, ભૂલ થઈ ગઈ! શકુંતલા ને પુરુરવાને તો લેખમાં ઉદાહરણ તરીકે ય સાથે બેસા-ડવાં ઠીક નહિ. દુષ્યંત પાછો ગુસ્સે થઇને, રામે સીતાનો ત્યાગ કરેલો એમ, ફરી બીચારી શકુંતલાનો ત્યાગ કરી બેસે તો નવાઇ નહિ! એ 'આર્યપુત્રો'નું ભલું પૂછવું! એટલે મારે સુધારીને કહેવું પડે છે કે કોઈ વળી શકુંતલા અને દુષ્યંતની જયંતી ઊજવવાની વાત કહેશે. આમ તમેય, (મંત્રી બનવાનું ન મળ્યાથી બંધારણના કોઈ ધૂળ જેવા મુદ્દા પર વાર્ષિક સભાના કલાકો બગાડતા કોઇ મંડળના સામાન્ય સભ્યની જેમ) કદાચ વાંધો કાઢશો કે ભદ્રંભદ્ર-જયંતી ઊજવવી જ શા માટે?

ભદ્રંભદ્ર મહાપુરુષ હતા માટે? તો પછી મહાપુરુષની વ્યાખ્યા શી? કોને મહાપુરુષ ગણવા ને કોને નહિ. અમારા લત્તાના લાલિ-યાને મ્યુનિસિપાલિટિવાળા પકડીને કોઈ ગામડે છોડી આવેલા, ત્યાંથી પણ એ ચાર દિવસે અમારો લત્તો શોધીને પાછો આવી ગએલો અને ત્યારથી અમારા કેટલાક પડોશીઓ એને મહાપુરુષ ગણે છે. બીજી બાજુ જવાહરલાલ નેહરૂને પણ કેટલાક લોકો મહાપુરુષ નથી ગણતા. ઘણા પોતાની જાતને મહાપુરુષ માને છે, પણ દુષ્ટ દુનિયા એમને મહાપુરુષ નથી ગણતી. કેટલાક મહાપુરુષો બીજા મહાપુરુષોને મહાપુરુષો નથી ગણતા, કારણકે એ મહાપુરુષો આ મહાપુરુષોને મહાપુરુષો નથી ગણતા. કેટલાક મહાપુરુષો પોતાને એટલા માટે મહાપુરુષ ગણે છે કે પોતે કોઇને મહાપુરુષ ગણતા નથી. જ્યારે કેટલાક મહાપુરુષો બીજા કોઈને મહાપુરુષ ગણતા નથી કારણકે એ મહાપુરુષો પોતાને જ ખરા મહાપુરુષો માને છે.

આમ, કોને મહાપુરુષ ગણવા અને કોને નહિ એ ભારેનું વિકટ કામ છે. પણ હા, મહાપુરુષોની એક અગત્યની કસોટી છે ખરી. અને એ રીતે ભદ્રંભદ્રને મહાપુરુષ ગણ્યા વિના છૂટકો નથી. સૌ જાણે છે કે ભદ્રંભદ્ર ખૂબ ઘોંઘાટિયા હતા. ટ્રેનમાં, માધવબાગમાં, જ્ઞાતિભોજનમાં, કોર્ટમાં, સર્વ સ્થળે એમણે અવાજનું ઉત્પાદન વધાર-વામાં સક્રિય ફાળો આપેલો એ દૃષ્ટિએ એ મહાપુરુષ હતા. કારણ કે હવે મને સમજાઈ ગયું છે કે ઘોંઘાટ કરવો એ જ મહાપુરુષોનું મુખ્ય લક્ષણ છે. અરે હું જ શું કામ, આપણે સૌ જાણ્યેઅજાણ્યે એમ જ માનીએ છીએ. એટલેસ્તો જાહેર સભામાં આભાર માનવાને બહાને કે પછી 'ભાઇઓ શાંતિ રાખો' એમ કહેવાને બહાને પણ લાઉડસ્પીકર ઝડપી લઈ હવાને ધ્રુજાવી જનારને—સભાને ગજાવી જનારને આપણે મહાપુરુષત્વને પંથે ચડી ગએલા ગણીએ છીએ. મૂંગો સેવક હોઈ શકે, પણ કદી મૂંગો મહાપુરુષ કદી જાણ્યો છે? એટલે ભદ્રંભદ્રને, બીજુ બધું તો જાણે ઠીક, પણ એમની 'ધ્વનિ-ઉત્પાદન-શક્તિ' જોતાં પણ મહાપુરુષ ગણવા જ પડે એમ છે.

અને નહિ તોય, મહાત્માજી કરતાં ભદ્રંભદ્ર વધુ મહાન હતા એ સાબિત કરવું સહેલ છે. મહાત્માજીની પ્રશંસા ભલે આખું જગત કરતું હોય, પણ એમને અનુસરે છે કેટલા? ત્યારે અમારા ભદ્રંભદ્ર-ના અનુયાયીઓનો તો પાર નથી! મહાત્મા ગાંધી કરતાં મહાત્મા ભદ્રંભદ્ર આપણા જીવનમાં વધુ વ્યાપી રહ્યા છે. આપણા વિચારોમાં ને કાર્યોમાં પ્રગટતી ભદ્રંભદ્રિતાની ફોરમ જ્યાં સુધી આ સૃષ્ટિને સૌરભવંતી બનાવી રહેશે ત્યાં સુધી ભદ્રંભદ્રને મહાપુરુષ તરીકે સ્વીકાર્યા વિના છૂટકો નથી—મારો, તમારો કે માનવજાતનો.

તો મંજૂર? ભદ્રંભદ્ર મહાપુરુષ હતા. તો તો પછી એમની જયંતી ઊજવવી જ જોઈએ. તે કેવી રીતે? સભા ભરીને? ભાષણો કરીને? શાસ્ત્રાર્થ કરીને? ભાંગ પીને? વંદાઓનો વધ કરીને? કોર્ટમાં સૌને નાસ્તો આપીને? જ્ઞાતિભોજનો ગોઠવીને?

હા, એ સરસ! જ્ઞાતિભોજનો ગોઠવીને! કે પછી સમૂહભોજન-ના સમારંભો ગોઠવીને! મને લાગે છે આપણા દેશમાં સૌકોઈ આ જ વિચાર વધાવી લે એમ છે. ઉત્સવો ઊજવવાની આપણી પુરાણી રીત જ ભોજન કરીને એ ઊજવવાની છે. આપણો એકેએક તહેવાર મિષ્ટાન્ન સાથે સંકળાએલો છે. સંક્રાંતિના લાડુ, નાગપંચમીનાં ખાજાં, શીતળા સાતમની બાસુદી, દશેરાની જલેબી, ધનતેરશનો કંસાર, કાળીચૌદશનાં ખીરવડાં, અગિયારશનો ફરાળી ચેવડો—જવા દો, તમારા મોંમાં પાણી આવશે. ટૂંકમાં, તહેવાર એટલે જ મિષ્ટાન્ન એ સિદ્ધાંત આપણા મનમાં ઠસી ગયો છે. તહેવારને દિવસે સવાર આખી આપણે આગામી મિષ્ટાન્નની મધુર પ્રતીક્ષામાં ગાળીએ છીએ, બપોર એ જમીને પચાવવાના નિષ્ફળ પ્રયત્નમાં ગાળીએ છીએ, સાંજ ભોજનના બીજા હપ્તાની તૈયારીમાં વિતાવીએ છીએ અને રાત્રે વીતેલા ભોજનનાં સ્વપ્નાં જોઈએ છીએ. અને તહેવારો જ શું કામ? ક્રિકેટ મૅચથી માંડીને વડાપ્રધાનના પ્રવચન સુધીના સમારંભોમાં નાસ્તાપાણીનું સ્થાન ખુદ ખેલાડીઓ અને વડાપ્રધાનથી પણ વધુ મહત્ત્વનું નથી હોતું? જપાનના ઉત્સવોનું રાષ્ટ્રીય પ્રતીક ફૂલો છે, ચીનમાં કાગળનાં રમકડાં છે, તેમ આપણે ત્યાં ભોજનની વાનગી-ઓ છે. હું તો એવા દિવસની રાહ જોઈને બેઠો છું કે જ્યારે આપણે ગાંધી જયંતીને દિવસે ખજૂર ને બકરીનું દૂધ, ટાગોરજયંતીને દિવસે સંદેશ અને રસગુલ્લાં અને તિલક જયંતીને દિવસે ચટણી ખાઇને જ એ જયંતીઓ ઊજવવાનો સંતોષ લઈ શકીશું. એ તો થાય ત્યારે, પણ ભદ્રંભદ્ર જયંતીને દિવસે કંઇ પણ મિષ્ટાન્ન બનાવીને એનું ભોજન કરવું એ આખા દિવસના કાર્યક્રમનું મુખ્ય અંગ રહેવું જોઇએ.

મૂંગો સેવક હોઈ શકે, પણ મૂંગો મહાપુરુષ કદી જાણ્યો છે?

પણ એટલેથી જ કંઇ પતે? ભદ્રંભદ્ર જેવા સંસ્કારી આત્માના સ્મરણમાં ભોજન ઉપરાંત પણ કંઈ ચિરંજીવ મૂલ્યવાળું કાર્ય કરવું જોઇએ. દાખલા તરીકે આપણે તે દિવસે પ્રતિજ્ઞા લઇએ કે સપ્ટેમ્બર આખો એકે અંગ્રેજી શબ્દ બોલવો નહિ સાંભળવો નહિ કે વાંચવો નહિ, તો કેવું? અરે, એમ જ પ્રતિજ્ઞા લઇ લઇએ કે જિંદગીમાં કદી જ અંગ્રેજી વાંચવું નહિ અને શાળાકૉલેજોમાંથી યે—Sorry, શાળા-મહાશાળાઓમાંથી પણ અંગ્રેજીને ભગાડી મૂકવું, તો તો એથી યે સરસ. 'નહિ જોઈએ આંગ્લભાષા' એ પોકાર પાડવાનું, અને અભ્યાસ-ક્રમમાં પહેલાં ત્રણ જ ધોરણમાંથી અંગ્રેજી કાઢી નાખવાનું ઢીલું પગલું ભરનાર આપણી સરકારને એક સપાટે સદંતર અંગ્રેજી બંધ કરવાનો અનુરોધ કરવાનું શુભ ટાણું આના જેવું બીજું કયું જડશે?

તમે માનશો? કેટલાક ક્ષુદ્રાત્માઓ તો અંગ્રેજી ભાષાને કાઢવાની વાતથી જ ગભરાઈ જાય છે! અને પાછા દલીલ કરે છે કે કંઇ નહિ તો એના સાહિત્ય ખાતર પણ અંગ્રેજી રાખવી જોઇએ! સાહિત્ય? સાહિત્ય વળી અંગ્રેજીમાં છે જ ક્યાં? હા, શૉ શેલી કે કે શેક્સપિયર જેવા કેટલાકે કંઈક લખ્યું છે ખરું. પણ હું કહું છું, અમે ગુજરાતના સાહિત્યકારો મરી પરવાર્યા છીએ કે તમારે એ લોકોનાં પુસ્તકો વાંચવાં પડે? અમે એમનાથી સારું નહિ તો એમના જેવું તો લખીએ જ છીએ. હા, હા, સરખાવી જોજોને! ઘણી વાર તો વાક્યેવાક્ય મળતાં આવે છે. (અઘરાં વાક્યો, અલબત્ત, છોડી દેવાં પડે છે!)

એક વાર અંગ્રેજી જાય પછી તો આપણે એક રસ્તો કરીશું. આપણે કહેવા માંડીશું કે અમુકભાઈ તો ગુજરાતના સમરસેટ મૉમ છે, તમુકભાઈ તો ગુજરાતના શેક્સપિયર છે. ચારપાંચ જણા આવું બોલશે એટલે પેલા ભાઈ પોતે જ પોતાને મૉમ માનતા થઈ જશે. થોડા વખત પછી લોકો યે એમ માનતા થઈ જશે. ને પછી? પછી તો ચલી! એ ખરેખર મૉમની કક્ષાએ પહોંચે કે નહિ એ કોઇ પૂછવાનું નથી, પૂછવાની જરૂરે ય નથી. આમ આપણા દરેક સાહિત્યકારને ઇંગ્લંડ–અમેરિકાના એક એક સાહિત્યકારનું નામ આપી દઇએ તો આપણે ત્યાં જ અંગ્રેજી સાહિત્યની સૃષ્ટિ ઊભી થઇ જાય. પછી ધક્કામુંચાવની ભાષા વાંચીને કે શીખી–શીખવીને જીવનની અમૂલ્ય પળો વેડફી નાખવાની કઇ જરૂર? એટલે જયંતીદિનના કાર્યક્રમમાં અંગ્રેજીના સંપૂર્ણ બહિષ્કારને અગત્યનું સ્થાન આપીએ તો એ ઊજવણી શોભી ઊઠે એ ચોક્કસ.

પણ પછી? પછી શું? હં, પછી ભાંગ પીવી! નહિ નહિ, ભાંગ પીવાને બદલે દરેક જણે પોતે નેતા હોય એમ વર્તવું! કારણકે એ બંને સરખાં છે: ભાંગ પીવી અને નેતા થઈ જવું એ બન્નેની અસર સરખી જ છે. મહાપુરુષત્વની સચોટ કસોટી ઘોંઘાટ એ ભાંગ-ભક્ષણ અને નેતાગીરી બન્નેને પરિણામે સર્જી શકાય છે. બેમાંથી ગમે તે એક જ્યારે આપણો કબજો લઈ લે છે ત્યારે આપણે જાણે ધરતીથી બે વેંત અદ્ધર ચાલતા હોઈએ એમ લાગે છે, સૃષ્ટિ આખી આપણને મધ્યબિંદુ તરીકે રાખીને ઘૂમતી હોય એમ લાગે છે, બેચાર દીવાની રોશની પણ આપણને બત્રીસ દીવાની દીપમાળા જેવી દેખાય છે! એટલે ઉત્સાહી ભાઇઓ વિજયાનું પાન કરવાને બદલે નેતા બનવાનો પ્રયોગ કરે તો ય ભદ્રંભદ્રના આત્માને સંતોષ થશે.

એકાદ ઉત્સાહી ભાઈ એમ પણ સૂચવશે કે આપણે માધવબાગ જેવી પ્રચંડ સભાઓ ભરવી, તો કોઈ બુદ્ધિશાળી કહેશે 'એમ નહિ, એના કરતાં તો ભદ્રંભદ્ર-જયંતી નિમિત્તે આપણે સંખ્યાબંધ ઉદ્ઘાટન-સમારંભો ને શિલારોપણ-સમારંભો યોજવા. ગાંધીજયંતીને દિવસે સંસ્થાઓ અને સ્મારકો ખુલ્લાં મૂકવાના સમારંભો થાય છે એવા!' આમ, સૌ પોતપોતાની મતિ, નીતિ, રીતિ, પ્રીતિ, ભીતિ મુજબ ભદ્રંભદ્ર-જયંતીએ શું કરવું એ સૂચવશે, તો કોઇ ભદ્રંભદ્રને મૂળ સ્વરૂપે પૂજવાનું કહેશે. કોઇ વળી કહેશે કે નવા ભદ્રંભદ્રો શું ખોટા છે? ગમે તે માર્ગ લો, બધી નદીઓ સમુદ્રને જ મળે છે.

આ બધું તો હોશિયાર, શક્તિશાળી માણસો માટે છે. પણ જેને અપચો થયો હોય અને મિષ્ટાન્નની મોજ માણી શકે એમ ન હોય એવા લોકોએ ભદ્રંભદ્ર-જયંતી નિમિત્તે શું કરવું? ઘાંટો બેસી ગયો હોય અને ઘોંઘાટ ન કરી શકે એમ હોય એણે શું કરવું? દિલ્હી થઇને અમેરિકા જવા જેટલી લાગવગ ન હોય એણે શું કરવું? ઉદ્ઘાટન-સમારંભોમાં આમંત્રણ મેળવવા જેટલી આબરૂ ન જમાવી હોય એણે શું કરવું? નેતા બનવા જેટલી ચાલાકી ન હોય એણે શું કરવું?

એવા ક્ષુદ્રજનોએ મારી જેમ બેઠાં બેઠાં શ્રી ભદ્રંભદ્રના જીવન વિષે ચિંતન કરવું, મનન કરવું, સંશોધન કરવું, આંખો ઉઘાડી રાખી ઊંઘવાનો પ્રયત્ન કરવો યા તો આંખો મીંચીને જાગતા રહેવા મથવું. ચિંતન કરવું—સતત ચિંતન કરવું અને એ રીતે આત્માની ઉન્નતિ સાધવી. દાખલા તરીકે ગઇ કાલે જ મેં છાપાંમાં એક મહાપુરુષ ને એમનાં પત્નીનો ફોટો જોયો કે તરત જ મને ભદ્રંભદ્ર યાદ આવ્યા અને મારું ચિંતન શરૂ થઇ ગયું. મને થયું કે ભદ્રંભદ્ર આવા મહાન પુરુષ હતા તો એ પરણેલા ખરા કે નહિ? પરણેલા તો, રમણભાઇએ એની નોંધ કેમ નથી કરી? નહોતા પરણ્યા, તો કેમ નહોતા પરણ્યા? જગતના ઘણાખરા મહાપુરુષો તો પરણેલા હોય છે, તો પછી ભદ્રંભદ્ર અવિવાહિત કેમ રહ્યા હશે? કે એ બાળવિધુર હશે? તો પછી એમણે પુનર્લગ્ન કેમ નહિ કર્યાં હોય? એમના જેવા—એટલે કે ભદ્રંભદ્ર જેવા—મહાનુભાવને પોતાના પિતૃઓને પિંડ કોણ દેશે એ પ્રશ્ન જ નહિ થયો હોય? એમ બને જ કેમ? કે પછી કન્યા નહિ મળી હોય? એ તો ન બને. ભદ્રંભદ્રમાં શી ઊણપ હતી કે કોઇ પણ ધર્મભાવના-વાળો અસુર એમને ઝડપી લેતાં વાર લગાડે? પરણવામાં ભદ્રંભદ્રને ધાર્મિક બાધ તો હોઈ શકે જ નહિ. ભોળા શંભુ પણ પરણ્યા હતા; ભગવાન વિષ્ણુ પણ પરણ્યા હતા. બેચાર 'રહી ગએલાઓ' સિવાય દેવો પણ બધા પરણેલા છે. પરણવું એ તો આપણા ધર્મનો પાયો છે. તો પછી ભદ્રંભદ્ર કેમ નહિ પરણ્યા હોય? શા માટે નહિ પરણ્યા હોય? કયા કારણથી નહિ પરણ્યા હોય? શા ઉદ્દેશે નહિ પરણ્યા હોય?...

ખરેખર, ગહન છે મહાપુરુષોની જીવનલીલા! કોણ પાર પામી શક્યું છે એમનાં અંતરના ઊંડાણોનો! કવિ નાનાલાલે જ નથી કહ્યું કે 'પુણ્યાત્માનાં ઊંડાણો તો આભ જેવાં અગાધ છે!' એમનું ઋણ અદા કરવા તો જયંતીઓ પણ પૂરતી નથી.

આપણે ક્ષુદ્રાત્માઓએ તો એટલું સમજીને જ સંતોષ માનવો કે

Lives of great men all remind us,
We can make our lives sublime;
—as Bhadrambhadra did!

હત્તારીની! દળી દળીને ઢાંકણીમાં?! મહાપુરુષોના મહાપુરુષ શ્રી ભદ્રંભદ્ર ખાતર આટલું લખ્યું, આટલું વિચાર્યું, આટલી શાહી બગાડી, આટલા કાગળ બગાડ્યા, આટલો સમય બગાડ્યો ને અંતે આંગ્લ ભાષાના વાક્યથી એની પૂર્ણાહુતિ? ધૂળ પડી મારા લખ્યામાં! અને તમારા વાંચવામાં! धिक् माम् च त्वाम च...!

પચ્ચીસ વર્ષ પહેલાં

ભાદરવો-આસો '૮૩ અંક ૪૪-૪૫માંથી

ભાદરવો આસો બે માસનો અંક સંયુક્ત કાઢેલો, એટલે બેરંગી છપાઈ અને વિવિધ-સમૃદ્ધ લેખસામગ્રીથી ભરેલા એના વાચનમાંની બે વાનગી આ મહીને આપીએ છીએ: બીજી આવતે મહીને.

અવનીન્દ્રનાથ પછી આજે ભારતના સર્વશ્રેષ્ઠ ને પીઢ કલાકાર નંદલાલ વસુનો પરિચય એમની પાસે ત્યારે શીખવા ગએલા શ્રી કનુ દેસાઇએ એમાં લખેલો તેમાંની આછી રેખા અહીં ઉતારીએ; ને પહેલે પાને શ્રી દેશળજી પરમારના આવેલા 'દીપક' ઉપના ભાવના-લેખનું અવતરણ સામે રજૂ કરીએ છીએ.

"શ્રી રવીન્દ્રનાથ ઠાકુરની કાવ્યપ્રતિભાએ બંગાળી સાહિત્યને નવો પ્રકાશ આપીને જેમ ભારતીય સંસ્કૃતિનું તેજપૂર્ણ દર્શન કરાવ્યું તે જ પ્રમાણે, ભારતની કળાએ શ્રી અવનીન્દ્રનાથ ઠાકુર દ્વારા પુનર્જન્મ લીધો ને એ અદ્ભુત ઉપાસકની તપશ્ચર્યાથી જે થોડા નવયુવાનોમાં એ કળા સંચાર પામી તેમાં શ્રી નંદલાલ વસુનું નામ અગ્રસ્થાને છે.

બંગાળના મુંગેર પ્રાંતના ખડગપુર ગામના એક મોટા જમીનદારના કારભારીને ત્યાં તેમનો જન્મ થયો. ત્યાર પછી પિતાની નોકરી દરભંગા રાજ્યમાં થઈ ત્યાં નંદલાલનો અભ્યાસ હિંદીથી જ શરૂ થયો અને અંગ્રેજી ત્રીજા ધોરણ સુધી ત્યાં જ અભ્યાસ કર્યો. આજે પણ હિંદી ભાષા ઉપર નંદબાબુનો સારો કાબૂ છે તેનું મૂળ કારણ આ જ.

ત્રીજું ધોરણ પૂરું થયા પછી કલકત્તાની હાઈસ્કૂલમાં મૂકવામાં આવ્યા, જ્યાં બીજા અભ્યાસની સાથે ચિત્રકળાનો પણ આગળ આરંભ કર્યો. ત્યાં એમની ઊગતી આ આંગળીઓ ચિત્રકળા ઉપરાંત માટીનાં રમકડાં અને કાગળ–કાતરની આકૃતિઓ પર પણ નાચવા માંડી. દુર્ગાપૂજાના વખતમાં એ માટીનાં દુર્ગાદેવી બનાવતા; મોહર્રમના તહેવારોમાં તાબૂત પણ બનાવતા.

ધીમેધીમે કળાની તૃષા વધતી ગઈ અને બજારમાંથી વિવિધ છબિઓ, ચિત્રોવાળાં પોસ્ટકાર્ડ વગેરે વીણીવીણીને લાવવા માંડ્યું. છબીઓવાળાની દુકાને તો રોજનો એકાદ આંટો હોય જ. આ સમયે રાજા રવિવર્માનાં ચિત્રો હિંદભરમાં બહુ જ પ્રચલિત થયાં હતાં. નંદબાબુને એ વખતે તેમનાં ચિત્રો બહુ ગમતાં; અને હજી પણ એ વખતે ખરીદાએલાં થોડાં ચિત્રો નંદબાબુની કુટિરમાં છે. આ જ વખતમાં પોતાના એક મિત્ર પાસેથી ગ્રીક કળાના પણ કેટલાક નમૂના મેળવી તેની નકલો કરી અભ્યાસ કરેલો.

મૅટ્રિક પાસ થયા પછી પિતાએ નંદલાલને કૉલેજમાં બેસાડ્યા. પણ ભાઇને તો કળાની જ ધૂન લાગેલી, એટલે પ્રીવિયસમાં નાપાસ થયા, ને બે વાર ફરીથી પ્રયત્ન કરવા છતાં પણ એનું એ જ પરિણામ આવ્યું!

કૉલેજમાં જોડાયા પહેલાં લગ્ન થઇ ગયાં હતાં. સસરાજીએ 'કૉમર્સ' શીખવા બીજે મૂક્યા તેમાં યે છ મહિના બગાડ્યા જ. પણ બીજી બાજુ કળાનો અભ્યાસ તો વધુ ને વધુ ધ્યાનપૂર્વક આગળ ધપાવતા જ ગયા. અ-વામાં નંદલાલને કાને એક દહાડો અવનીબાબુનું નામ પડ્યું. પડોશમાં જ રહેતો એક વિદ્યાર્થી એમની કળાશાળામાં શીખવા જાય છે એ માલૂમ પડ્યું, અને એક સવારે પોતાનાં થોડાં ચિત્રો લઈ પડોશી મિત્રની સાથે ઊપડ્યા. એનાં ચિત્રોમાં અવનીબાબુએ ભાવિ પ્રતિભાનો ચમકાર જોયો. નંદલાલ અવનીન્દ્રનાથના શિષ્ય થયા.

અહીં દાખલ થતી વેળા નંદબાબુને હિંદી અને પશ્ચિમની કળા વચ્ચેના ભેદનું ઝાંખું દર્શન ન હતું. તેમની દૃષ્ટિ હવે ધીમેધીમે વિકસતી ગઈ, અને ભારતીય કળાની પાછળ રહેલો ભવ્ય પ્રાણ આછોઆછો ડોકાવા લાગ્યો.

'સરસ્વતી'નું તેમનું પ્રથમ ચિત્ર પ્રગટ થતાંવાર જ સમાજે આ નવા કળાકારને વધાવી લીધો. ત્યાર પછી તો રામાયણ–મહાભારતના પ્રસંગો ઉપરનાં તેમનાં ચિત્રો એક પછી એક પ્રજાના ખોળામાં પડવા લાગ્યાં અને જોતજોતાંમાં પ્રજાના એ લાડીલા કળાકારનું નામ એના ગુરુ અવનીન્દ્રનાથની જોડાજોડ ઉચ્ચારાવા લાગ્યું.

આ અરસામાં ઇંગ્લંડથી લેડી હૅરિંગહામ નામની એક અંગ્રેજ કળાકાર બાઈ અજંતા ગુફામાંનાં ભીંતચિત્રોનો અભ્યાસ તથા નકલો કરવા માટે હિંદ આવી તેની મંડળીનો સાથ સાંધી અવનીન્દ્રનાથે નંદબાબુ તથા અસીત હલધરને પોતાને ખર્ચે અજંતા મોકલ્યા. ત્યાં રહી નંદબાબુએ હિંદની એ પ્રાચીનતમ કળાનો ખૂબ અભ્યાસ કર્યો, તેની પાછળ રહેલી ભારતીય ચિત્રપ્રણાલિના આત્માનું અવગાહન કર્યું અને પ્રેરણામત્ત થઈ પાછા ફર્યા.

ઇ. સ. ૧૯૧૩માં રવીન્દ્રનાથ ઠાકુરને નોબેલ પ્રાઇઝ મળ્યું. અને એમણે પોતાના પિતાના સ્થાપેલા શાંતિનિકેતનના ધામને એ આખી યે રકમ વિશ્વભારતી વિદ્યાપીઠના આજના સ્વરૂપે ઘડવા પાછળ રોકી એ નૂતન વિદ્યામંદિરમાં કળાદેવીની પ્રતિષ્ઠા કરવા નંદલાલ બસુને આમંત્રણ આપ્યું.

આ જ વખતે લખનૌની નવી હિંદી કળા-



નંદલાલ વસુ: આજથી પચીસ વર્ષ પહેલાં

દીપક ઉપયોગી છે, કેમકે એ આંખનો ભોમિયો છે. દીપક પાવનકારી છે, કેમકે એ મેલને દેખાડે છે ને દૂર કરે છે. દીપક મધુર છે, કેમકે એમાં સ્નેહનો બલિ હોમાએલો છે. દીપક ભવ્ય છે, કેમકે પોતે બળીને બીજાને પ્રકાશિત કરવાનો એનો સદ્‌સંકેત છે. દીપક સૌમ્ય ને નાનો છે છતાં એ અંધકારના મહાકાય રાક્ષસ સામે પોતાનું તેજ ને અસ્તિત્વ સાચવે છે.

અખંડ દીવો બાળવાની હિંદુ ભાવના બહુ ઊંચી છે. દૃષ્ટિ સામે એક જ્યોત જલતી રાખી જાગરણ કરવું એ કઠોર જીવનવ્રત છે. આજના અંધકાર વચ્ચે જો દેશપુત્રોની એવી અખંડ દીપમાળ પ્રગટાવી શકો એ તો સાચા સ્વરાજ્યનો ઉત્સવ બહુ દૂર નહિ હોય. — દે. પ.



શાળા તરફથી પણ રૂા. ૯૦૦ના પગારે આચાર્ય તરીકે નંદબાબુની માગણી થઇ. ત્યારે ઓરીએન્ટલ આર્ટ સોસાયટીમાંથી તેમને ૩૦૦નું વેતન મળતું. શાંતિનિકેતનનું કળામંદિર જરૂર કરતાં વધુ આપી શકે તેવું ન હતું. પણ ત્યાં શાંત ને ભાવનાપ્રેરક વાતાવરણમાં સ્થિર ચિત્તે કળાની ઉપાસના થઈ શકે તેવા સંજોગો હતા. લક્ષ્મીને બહુ જ સરળતાથી જતી કરી નંદબાબુએ કળાની એકાન્ત ને પ્રબળ ઉપાસનાને અનુકૂળ વાતાવરણવાળું શાંતિનિકેતન પસંદ કર્યું, ને માત્ર રૂા. ૨૦૦ના દરમાયાથી ત્યાંનું કળામંદિર સંભાળી લીધું.

ચિત્રસર્જનનો એમનો પ્રવાહ એટલો અખંડિત વહ્યા કર્યો છે કે એક ચિત્ર પૂરું થઈ ગયા પછી ભાગ્યે જ એ તેની સામે જુએ છે. નવી કલ્પના, નવી ઢબ ને નવી રચનાનાં ચિત્રો એક પછી એક જાણે ફૂટતાં જ જાય છે, બધાં એકએકથી વિભિન્ન ને ચડિયાતાં.

પોતાનાં ચિત્રો એમણે અનેકવિધ શૈલીમાં કર્યાં છેઃ કોઇ મુઘલ, કોઈ રાજપુત તો કોઈ અજંતા ઢબે; કોઇ જાપાની તો કોઇ ઇરાની શૈલીમાં. એકવાર વળી ગમ્મત ને વૈવિધ્ય ખાતર બાઘ ગુફામાંથી એમણે એક પોસ્ટકાર્ડ ચીતરી મોકલેલું તે રંગને બદલે ગુફામાંની માટી પલાળીને, પીંછીને બદલે આંગળીથી જ ચીતરીને!

માત્ર ચિત્રકળામાં જ એમની કળાવૃત્તિ સમાઈ રહેતી નથી. લાકડા પર ચિત્રો કોતરવાની કળા, માટીકામ ઈત્યાદિ નાની-નાની હસ્તકળાઓ પણ એમને સુસાધ્ય છે. પોતાના પ્રત્યેક ચિત્રમાં એ પોતાના નામની હાથે કોતરેલી એક મુદ્રાની છાપ મારે છે. ઘણીવાર મુસાફરીમાં આવી મુદ્રા પાસે ન હોય, તે વખતે જુદીજુદી ચીજોમાંથી એમણે મુદ્રાઓ કોતરી લીધી છે. ચીની પ્યાલાના કટકામાંથી, બાઘ ગુફામાં ઇંટના ટુકડામાંથી, સફરમાં જાપાની લાકડાના કટકામાંથી તો કદીક કોલસામાંથી પણ બનાવી લીધેલી.

સામાન્ય દૈનિક જીવનમાં પણ એમની કળાનાં રસછાંટણાં જણાયા કરે. એકવાર આશ્રમના વિધુશેખર શાસ્ત્રીજીએ મજાકમાં એમની જોડે એવી શરત કરી કે નંદબાબુએ તો હાજરીપત્રકના પોતાના નામ સામેના ખાનામાં હાજરીનો એકડો ન માંડતાં હમેશાં કંઈક ચિત્ર માંડી આપવું. આજની ઘડી સુધી નંદબાબુએ એ શરત અખંડિતરીતે પાળી છે!

શાંતિનિકેતન જઇ આવેલા સૌ યાત્રીઓ જાણે છે કે રવીન્દ્રનાથ પછી મહત્ત્વનું વ્યક્તિત્વ ત્યાં નંદબાબુનું જ છે ને ત્યાં સૌથી સજીવ પ્રવૃત્તિ કળા-ભવનની લાગે છે.




ઉપર: 'ક્લાન્ત શિવ'—પાર્વતીના મૃત્યુ પર શોકાકુલ શિવનું આ ચિત્ર નંદબાબુની અનેક નામચીન કૃતિઓ પૈકીની એક છે. મોટા કદના મૂળ ચિત્રમાં શિવના ચહેરા ઉપર કરુણ પણ પૌરુષભર્યા વિષાદનું જે ભાવાલેખન છે તેની ગણના જગતનાં ખ્યાત ભાવાલેખનોમાં થાય છે. જમણી બાજુઃ ઇલોરાની 'દશાવતાર ગુફા'માં આવેલી 'નટરાજ શિવ'ની શિલ્પમૂર્તિને આધાર તરીકે લઇને પ્રવાહી રેખાઓમાં આલેખેલા, નૃત્યલીન શિવના આ ચિત્રમાં ત્રિભંગ દેહમાં આઠ હાથનું ખૂબીભર્યું પ્રમાણભાર સાચવતું સંયોજન અને કોમલતા સાથે આવેગ સાધતી રેખાઓ એક ઉત્તમ ચિત્ર સર્જી રહે છે. શ્રી નંદબાબુએ આ ચિત્ર પોતાના સૂવાના ઓરડામાં રાખ્યું છે.



જેના પર આપણા જીવનનો સૌથી મોટો આધાર છે તે

જ્ઞાનેન્દ્રિયોમાં શ્રેષ્ઠ આંખ



[કાયાની કરામત : ૨૪]

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

આપણને શરીરના વિવિધ ભાગોની સ્થિતિનું અને બહારના જગતનું જ્ઞાન જ્ઞાનતંત્ર દ્વારા થાય છે. એ જ્ઞાન મગજને કરાવનાર જ્ઞાનતંતુઓનું આખું જાળું શરીરની સપાટી ઉપર પથરાએલું છે. આપણને થતી બધી સંવેદના એ જ્ઞાનતંતુઓ (Attern1 nerves) મગજમાં આવેલાં જુદાંજુદાં કેન્દ્રોમાં પહોંચાડીને ત્યાં ઉત્તેજના ઉપજાવે છે, જેને પરિણામે આપણને તે સંવેદનાનું જ્ઞાન થાય છે. એટલેકે જ્ઞાનપ્રાપ્તિ માટે નીચે દર્શાવેલી રચના શરીરમાં જરૂરી છે: (૧) જ્ઞાન ગ્રહણ કરવા માટે શરીરની સપાટી ઉપરનો અવયવ (૨) તે જ્ઞાનને મગજમાં લઇ જવા માટે જ્ઞાનતંતુઓ અને (૩) તેને સમજવા માટે મગજમાં કેન્દ્ર.

ઇન્દ્રિયજન્ય જ્ઞાન (Senses) બે પ્રકારનાં છે : (૧) સામાન્ય ને (૨) વિશિષ્ટ. શરીરના ચોક્કસ ભાગમાં જેનું સ્થાન નક્કી ન થઇ શકે એવું જ્ઞાન પહેલા પ્રકારનું છે. આમાં થાક, બેચેની, નબળાઈ, ભમાટ, સંતોષ, ભૂખતરસ, મળોત્સર્ગ કે પેશાબ કરવાની ઈચ્છા અને કામેચ્છા વગેરેનો સમાવેશ થાય છે. ભૂખતરસમાં અસ્વસ્થતા ઉપરાંત કેટલાક લોકોને હોજરી કે ગળામાં સ્પષ્ટ સંવેદના પણ થાય છે. આ ઉપરાંત ખરજ, સળવળાટ, ગલીપચી, ઝણઝણી, બળતરા અને દુખાવો વગેરે પણ એ કોટિમાં છે. જોકે આ સામાન્ય જ્ઞાનને સ્પર્શજન્ય જ્ઞાન પણ કહી શકાય એટલું તેના નિકટ સંબંધમાં એ છે. એ બંનેની વચ્ચે મર્યાદા આંકવી મુશ્કેલ છે.

વળી એક 'મસલ્સ સેન્સ' પણ આ પ્રકારમાં આવે છે. તેની સાથે સ્નાયુબંધન અને સાંધાઓનું જ્ઞાન પણ ગણાય ખરું. આ જ્ઞાનના પ્રતાપે જ આપણે માંસપેશીઓની સ્થિતિથી વાકેફ રહીએ છીએ અને તેમને ઊભવા, ચાલવા, પકડવા વગેરે જુદીજુદી ક્રિયાઓમાં યોજવાનું જ્ઞાન મેળવીએ છીએ. જુદાંજુદાં વજનોને ઊંચકવામાં માંસપેશીઓને પડતી મહેનતને લીધે આપણે વજનનો આશરો કાઢવાની શક્તિ પ્રાપ્ત કરીએ છીએ. ધ્યાનમાં રાખવા જેવું છે કે આ જ્ઞાન સ્પર્શ અને દબાણથી મળતા જ્ઞાન કરતાં જુદું છે. સીધા ઊભા રહેતી વખતે પગનાં તળિયાંના સ્પર્શથી જમીન પરખાવી અને શરીરના વજનને લીધે જમીન ઉપર પગ દબાવાથી દબાણનું ભાન થવું એ તો પગનાં તળિયાંની ચામડી દ્વારા થાય છે. પણ જ્યારે આપણે પગની આંગળીઓ ઉપર ઉભીએ છીએ ત્યારે પગની પીંડીઓની માંસપેશીઓની મહેનતનો આપણને ખ્યાલ આવે છે. આ ઘટના 'મસલ્સ સેન્સ' કહેવાય છે.

આ ઉપરાંત એક રહસ્યમય જ્ઞાન તો આપણને અણજાણી–અણદેખી વસ્તુઓ બતાવી દેવાનું કે મૃત્યુ અથવા ભયની આગાહી કરવાનું છે. આને આંતરદૃષ્ટિ કહેવામાં આવે છે. આ જ્ઞાનશક્તિને છઠ્ઠી ઇંદ્રિય તરીકે સ્વીકારવામાં આવી છે.

ઈંદ્રિયજન્ય જ્ઞાન વિષે જાણતી વખતે એક મહત્ત્વની બાબત એ યાદ રાખવાની છે કે જ્ઞાનનું સ્થાન (sensorium) મગજમાં છે, નહિ કે જે ઇંદ્રિય એને ગ્રહણ કરે છે તેમાં. સામાન્યરીતે આપણે એમજ માનીએ છીએ કે આપણે આંખથી જોઈએ છીએ અને કાનથી સાંભળીએ છીએ. પણ આ ખોટું છે. સાચી રીતે આ અવયવો તો જ્ઞાન ગ્રહણ કરનારાં સાધનો માત્ર છે. અહીંથી જ્ઞાન. સંવેદનાવાહક જ્ઞાનતંતુઓ દ્વારા મગજમાં જવાથી જ જ્ઞાન પ્રાપ્ત થાય છે. દૃષ્ટિનું જ્ઞાન વહન કરનારો નેત્રતંતુ (optic nerve) જો કાપી નાખવામાં આવે તો આંખ પર વસ્તુની છાપ પડવા છતાં યે તે મગજના કેન્દ્રમાં નહિ પહોંચે, અને પરિણામે છાપ આપણી નજરે નહિ પડે.

જ્યારે આપણને કંઈ પણ જ્ઞાન થાય ત્યારે નક્કી સમજવું કે મગજનો કોઈ પણ ભાગ ઉત્તેજના પામ્યો છે. એમાં જો ઉત્તેજના આણનાર બહારની દુનિયાનો કોઈ પદાર્થ હોય તો તે જ્ઞાન 'વસ્તુલક્ષી' (objective sense) છે. જ્યારે મગજમાંથી જ ઉત્તેજના મળવાથી પ્રાપ્ત થતું જ્ઞાન 'આત્મલક્ષી' (subjective) છે. પણ આપણું મન વસ્તુલક્ષી જ્ઞાન માટે એટલું બધું ટેવાઈને રીઢું થઇ ગયું છે કે આપણે આત્મલક્ષી જ્ઞાનને પણ સદા વસ્તુલક્ષી જ લેખીએ છીએ. આના પરિણામે ભ્રમ (illusion–આભાસ) ઉત્પન્ન થાય છે.

દાખલા તરીકે કવચિત કાનમાં ગણગણાટ, સંગીતના સરોદ કે ઘોંઘાટ સંભળાય છે. આમાં બહારનું કોઇ કારણ તો હોતું જ નથી, પણ વસ્તુતઃ શ્રવણના જ્ઞાનતંતુ કે કેન્દ્રના દાહને લીધે આવો ભ્રમ થાય છે. આવી રીતે કોઇવાર બિલાડી, ઉંદર, સર્પ કે પાણીનાં ઊછળતાં મોજાં જોવાનો પણ આભાસ થાય છે. આવા ભ્રમ થવાનું કારણ મગજની કેશવાહિનીઓમાં થતો લોહીનો ભરાવો પણ હોય છે. આના લીધે બધી જ્ઞાનેન્દ્રિયોના જ્ઞાનતંતુઓ ઉત્તેજાવાથી આંખો બંધ હોવા છતાં પ્રકાશ ને તેજરેખા દેખાવાં, કાનમાં અવાજ થવા અને વિચિત્ર ગંધ આવવી વગેરે ભ્રમો પેદા થાય છે!

સામાન્ય ઇંદ્રિયજન્ય જ્ઞાનથી શરીરના જુદાજુદા ભાગોની કેટલીક સ્થિતિનું આપણને જ્ઞાન થાય છે, જ્યારે વિશિષ્ટ ઇંદ્રિયજન્ય જ્ઞાનથી આપણને બહારના જગતનું અને પરિસ્થિતિનું જ્ઞાન થાય છે.

આ જ્ઞાન પાંચ પ્રકારનું છે: દર્શન, શ્રવણ, સ્પર્શ, સ્વાદ ને ગંધ. આને માટેની જ્ઞાનેન્દ્રિયો અનુક્રમે આંખ, કાન, ચામડી, જીભ અને નાક છે આ અવયવો દ્વારા મેળવેલી માહિતીથી આપણે જ્ઞાન-સમૃદ્ધ બનીએ છીએ. બહારની દુનિયાથી આપણા મધ્યસ્થ જ્ઞાનતંત્રને સતત વાકેફ રાખનારાં આ પાંચ થાણાં છે. તે દ્વારા મેળવેલી માહિતી અનુસાર આપણે જીવન જીવીએ છીએ. જીવનની વ્યાખ્યા આપતાં હર્બર્ટ સ્પેન્સર નામે વિદ્વાન કહે છે કે Life is a continuous adjustment of internal to external relationships. આ ઇંદ્રિયજન્ય જ્ઞાન ઘણા પ્રકારનાં છે. આપણે માનીએ છીએ તેમ માણસોને પાંચ જ જ્ઞાનેન્દ્રિયો નથી, પણ સાત, આઠ કે એથી પણ વધારે છે. હવે તે પૈકી આપણે બહુ પરિચિત પાંચ જ્ઞાનેન્દ્રિયો સંબંધે જોઈએ.

આંખ

મનુષ્યની બધી જ્ઞાનેન્દ્રિયોમાં આંખનું સ્થાન સર્વોપરિ છે, કારણ કે આપણા જીવનનો મોટો આધાર દૃષ્ટિ ઉપર છે. તે જ્ઞાનનું મોટું દ્વાર છે, મનની જ્યોત છે. એની સહાયથી જ માનવીએ સૃષ્ટિ 'શોધી' ને એના વિપુલ ભંડાર તથા કુદરતી શક્તિઓનો ઉપયોગ કર્યો. માનવકુળની પ્રગતિ ને વિકાસ તેના બીજા અવયવો તથા મગજને આધારે છે એ વાત ખરી, પણ જો આંખની જ્યોતે એના માર્ગને પ્રકાશિત ન કર્યો હોત તો તે અંધારામાં જ અટવાતો હોત.

આંખોની પ્રાપ્તિ એ માનવજાતનો ખાસ અધિકાર છે; કેમકે ઘણી જાતનાં પ્રાણીઓને આંખો હોતી નથી, અને જેમને હોય છે તે માત્ર અંધારું-અજવાળું કે બહુ તો વસ્તુનો આકાર જ પારખી શકે છે, પણ તેનો રંગ તો નથી જ પારખી શકતાં. જીવસૃષ્ટિમાં સૌથી નાનામાં નાના અત્યંત સૂક્ષ્મ એકકોષી જીવ 'ઍમીબા'ને આંખો નથી હોતી, પણ એના શરીરનું અણુ યે અણુ તેજ જોઈ શકે છે. જંતુસૃષ્ટિમાં માખીની દરેક આંખમાં ચાર ચાર હજાર નાની આંખો સમાએલી છે, પણ તે ઘડિયાળમાં જડેલા હીરાની જેમ સ્થિર રહે છે અને એક જ દિશામાં એક ઇંચથી માંડી માત્ર ત્રણચાર વાર જેટલે જ દૂર જોઇ શકે છે. કરોળિયાના માથામાં તો આંખો જ આંખો હોય છે. જેમાંથી તે એક તરફ જાળમાં ફસાએલા મગતરાને જૂએ છે, તો બીજી આંખે નવા શિકાર તરફ તાકી રહે છે. પણ તેની આંખો યે સ્થિર જ રહે છે; હલનચલન નથી કરી શકતી.


કરોડવાળાં પ્રાણીઓમાં આંખો ફરતી હોવાથી તેમની દૃષ્ટિ કેન્દ્રિત (focus) થઇ શકે છે. માછલીની આંખો વિવિધ રંગોના ભેદ પારખી શકે છે, પણ રંગ જોઇ શકતી નથી. સાપની દૃષ્ટિ તો ઘણી જ ઓછી હોય છે. હા, આ વંશમાં આવતાં પક્ષીઓની દૃષ્ટિ અતિ તીવ્ર હોય છે. આંચળવાળાં પ્રાણીઓની આંખો ગોળાકાર દેખાય છે, ત્યારે મનુષ્યની આંખો બંને છેડે અણિયાળી બની બદામ જેવા આકારની સુંદર ઘાટની હોય છે. આના વડે તે મોટી કે નાની, આઘેની કે પાસેની વસ્તુના આકાર, રંગ, કદ, ઊંડાઈ અને અંતરનું જ્ઞાન પામે છે. આપણી માનવ આંખની અદ્‌ભુતતા તો એ છે કે તે પ્રકાશનું પણ પૃથક્કરણ કરી શકે છે. પ્રકાશને તે છિન્નભિન્ન કરી શકે છે. આથી જ આપણે જુદાજુદા રંગો જોઈ શકીએ છીએ. આવી અદ્‌ભુત આંખની કામગીરી જાણવા માટે પ્રથમ તેની રચના જાણવી જરૂરી છે.

આંખના ડોળાનો માત્ર સપાટી સાથેનો થોડો જ ભાગ આપણી નજરે પડે છે. બાકી તો તે આખો ગોળો છે અને એનો વ્યાસ એક ઇંચ જેટલો છે. લાલ ડૂંગળીના નાનકડા દડા સાથે એને સરખાવી શકીએ. ડૂંગળીના મૂળનો સપાટ ભાગ એ જાણે કે આંખની કીકીના સ્થાને છે અને પૂંછડીનો ભાગ તે નેત્રતંતુના સ્થાનને મળતો આવે છે.

ખોપરીમાં આવેલા આંખના ગોળ ખાડા (socket)માં આંખનો ડોળો ગોઠવાએલો છે. એ ખાડાની દીવાલો માથા અને મોઢાનાં સાત હાડકાંથી બનેલી છે. હલનચલન વખતે ઘર્ષણથી આંખને નુકસાન ના થાય એ માટે ડોળાની આસપાસ હાડકાંની એ દિવાલ સાથે ચરબીના થર આવેલા છે. ત્યાં આંખના સતત પોષણ માટે લોહીની નળીઓ છે, ને તેના સંચાલન માટે જ્ઞાનતંતુઓ છે. વળી બધી દિશાઓમાં ડોળાનું હલનચલન થઈ શકે તે માટે ચાર સીધી ને બે ત્રાંસી માંસપેશીઓની ચાતુર્યભરી ગોઠવણી પણ ત્યાં છે. આ માંસપેશીઓનાં મૂળ આંખના ખાડાના હાડકાંમાં ને બંધ ડોળા ઉપર આવેલાં છે.

આંખ એવો તો ઉપયોગી અને અતિ આવશ્યક અવયવ છે કે લોકભાષામાં તેને 'રતન'ની ઉપમા આપવામાં આવેલી છે. કુદરતને પણ જાણે આ મંજૂર હોય તેમ તેણે એના રક્ષણ કાજે અજબની કરામતો કરેલી છે. આપણા શરીરની સપાટી ઉપર ઊઘડતા આંખના ભાગના રક્ષણ કાજે બે અંગો આવેલાં છે: એક તો પોપચાં ને પાંપણ; અને બીજું અશ્રુપિંડ. વળી આંખ ઉપરનો હાડકાંનો છજા જેવો આગળપડતો ભાગ પણ આંખના રક્ષણ માટે જ છે.

આપણું ઉપલું પોપચું કપાળની ચામડીના અનુસંધાનમાં છે,



માણસ, માછલી અને પંખીની દૃષ્ટિમર્યાદા સચોટરીતે સમજાવી દેખાડતા આલેખ : કલ્પના એવી કરી છે કે એક મોટા વાસણમાં માણસ ઊભો રહે, તો તેની આંખ વડે તેનો કેટલો ભાગ દેખાય, તે પહેલા ચિત્રમાં સફેદ રાખીને બાકીનો કાળો બતાવ્યો છે. એ ચિત્ર વાસણની સન્મુખનું દૃશ્ય બતાવે છે. પણ એ જ વાસણના મથાળેથી તેના મોઢામાંથી આપણે નજર કરીએ, તો અંદર ઊભેલા માણસની દૃષ્ટિમર્યાદા બંને પડખે કેટલી વિસ્તરેલી દેખાય તે બીજા ચિત્રમાં દર્શાવ્યું છે. તેમાં વચ્ચે માણસનું માત્ર માથું દેખાય છે અને તેની સન્મુખ તથા પડખેનો દૃષ્ટિમર્યાદાનો ભાગ સફેદ કરી બતાવ્યો છે. એ જ રીતે ત્રીજા અને ચોથા ચિત્રમાં માછલીની દૃષ્ટિમર્યાદાઓ (વાસણની સન્મુખેથી તથા મથાળેથી) બતાવી છે. માણસ કરતાં માછલીની આંખ વધારે આગળપડતી હોઈ તે માણસના પ્રમાણમાં બંને પડખે વધારે વિસ્તાર ઉપર-છેક પાછળ સુધી-જોઇ શકે છે. પાંચમા અને છઠ્ઠા ચિત્રમાં એ જ પદ્ધતિએ પક્ષીની દૃષ્ટિમર્યાદાઓ બતાવી છે, જે માણસ ને માછલાં બંનેની દૃષ્ટિમર્યાદાઓ કરતાં વધારે વિસ્તારવંતી છે. ('સાયન્સ ઑવ સીઇંગ'ના સૌજન્યસ્વીકાર સાથે)


જ્યારે નીચલું મોંઢાની ચામડીનું બનેલું છે. એ પોપચાંને ઘાટ અને કઠિનતા આપવા માટે તંતુમય ચીપટો છે; હલનચલન માટે માંસપેશીઓ, પોષણ માટે લોહીની નળીઓ, સંચાલન માટે જ્ઞાનતંતુઓ અને ભયના ત્વરિત જ્ઞાન માટે પાંપણો છે. પાંપણોના ટૂંકા અને વળેલા વાળ આંખમાં પ્રવેશતાં રજકણ કે જંતુને ઝડપી લેવાનું કે આઘાં ફંગોળી દેવાનું કામ કરે છે. ભમ્મરના વાળ ચહેરાને કમનીયતા અર્પવા ઉપરાંત કપાળ ઉપરનો પરસેવો આંખમાં જતો અટકાવે છે. પોપચાં રૂપી બારણાં વડે હવામાં ઊડતાં ને ઘૂમતાં રજકણો તથા જીવાણુઓના હુમલાથી આંખનું રક્ષણ થાય છે. વળી તે ઊંઘતી વખતે આંખોને ઢાંકે છે અને દિવસમાં વારંવાર પલકારા મારી આંખને ક્ષણિક આરામ પણ આપ્યા કરે છે. સામાન્યરીતે દર છ સેકન્ડે આંખનો એક પલકારો થાય છે. આ ક્રિયા આપણે એવી તો અવિરતરીતે કર્યા કરીએ છીએ કે તે કરતા હોવાનું જ્ઞાન આપણને રહેતું નથી.

ડોળા સાથે પોપચાંને જોડતું એક પાતળું આંતરત્વચાનું પડ છે, જેને નેત્રાવરણ (conjunctive) કહે છે. આ પડનું અસ્તર પોપચાના અંદરના ભાગમાં થઈ આખા આંખના ડોળા ઉપર આવેલું છે અને ત્યાં રક્ષણાત્મક બખ્તરની ગરજ સારે છે. વળી તે લોહીની નળીઓથી ભરપૂર અને કીકી પર તો તદ્દન પારદર્શક છે.

દરેક પોપચાની ધાર પર ૨૦ થી ૩૦ જેટલી નાની મેદરવી ગ્રંથીઓ (Meibomian Follicles) આવેલી છે, જે પોપચાં બંધ થતી વખતે દબાવાથી તેમાંથી ચીકણો રસ નીકળે છે. આને લીધે ચીકટ પામેલાં પોપચાંની ધાર તથા પાંપણો નથી સુકાતાં કે નથી બરડ બની જતાં. કોઈ કારણથી તે આવરણમાં જ્યારે સોજો આવે છે ત્યારે આ પીળો સ્રાવ અતિ ઘણો વધી પડે છે, જેને આપણે ચીપડા કે પીઆ કહીએ છીએ. ને રાતના તે સુકાઇ જવાથી પોપચાં એકબીજા સાથે સજ્જડ ચોંટી જાય છે. આથી આંખો ઉઘાડતાં મુશ્કેલી ને દુઃખ પડે છે. આ ગ્રંથીઓમાં સ્ટેફીલોકૉકસ નામના જીવાણુઓનો વાસ થવાથી ત્યાં ફોલ્લી થાય છે, જેને આંજણી કહે છે.

હવાની અસરથી આંખનો ખુલ્લો ભાગ સદા સુકાયા જ કરે છે. તેને હલનચલનની ક્રિયાઓ માટે સ્નિગ્ધ રાખવા તેમજ નુકસાનકારક રજકણો ને જીવાણુઓથી તેને સાફ રાખવા માટે આંખમાં અશ્રુપિંડની ગોઠવણી છે. દરેક આંખના ઉપરના ભાગના લગણા બાજુના ખૂણામાં એક અશ્રુપિંડ આવેલો છે. આમાંથી નલિકાઓ દ્વારા આંસુ સ્રવીને ઉપલા પોપચાંમાં તથા ડોળા ઉપર થઈ, આંખના અંદરના ખૂણા ઉપર આવેલાં બે છિદ્રો દ્વારા અશ્રુથેલીમાં જાય છે, ને ત્યાંથી તે નાકના અંદરના હાડકા ઉપર પથરાય છે. અહીં શ્વાસોચ્છ્વાસની ગરમ હવાને લીધે વરાળ રૂપ બની જઈ તે નાક બહાર નીકળી જાય છે.

પોપચાના પલકારા થવાની સાથે જ આ અશ્રુપિંડોની નલિકાઓ ઉપર શોષણ થાય છે, તેથી થોડાં આંસુ સતત સ્રવ્યા જ કરે છે. તે આંખના ડોળાને સાફ કરે છે, નાનાં રજકણો કે જીવાણુઓને ધોઈ નાખે છે અને ડોળાને ભીનો પણ રાખે છે. આ આંસુમાં એવાં જંતુનાશક દ્રવ્યો છે જે જીવાણુઓનો વિકાસ થતો પણ અટકાવે છે.



માખીની દરેક આખમાં ચારચાર હજાર જેટલી સૂક્ષ્મ આંખો (લેન્સ) હોય છે. તે કેવી હોય છે તે ઉપરના ચિત્રમાં માત્ર તેના એક અત્યંત સૂક્ષ્મ ભાગને અતિગણો મોટો કરીને દર્શાવ્યું છે. ઉપલા ચિત્રને નીચલે ખૂણે મૂકેલી મૂર્તિ માખીની આંખના એ લેન્સોમાં કેવી દેખાય તે આ નીચેના ફોટોઆફમાં દર્શાવ્યું છે.



આમ મૂળે તો આંસુ એ આંખ ચોખ્ખી રાખવાનું કુદરતી સાધન છે, પણ વિચાર કરવાની શક્તિવાળા અને લાગણીપ્રધાન માનવીએ એને લાગણી વ્યક્ત કરવાનું અનેરું સાધન પણ બનાવ્યું છે! રડતી વખતે (અને હસતી વખતે પણ) માંસપેશીઓના તાણભર્યા સંકોચથી અશ્રુપિંડો દબાવાથી વધારે પ્રમાણમાં આંસુ પડે છે જે આંખોમાંથી ઊભરાઇ જઈ ગાલ ઉપર વહેવા માંડે છે. માનવી જ્યારે વિચાર કે ભાષા દ્વારા મનોભાવ બરાબર વ્યક્ત ન કરી શકે, બોલી ન શકે યા બીજાને સંભળાવી કે સમજાવી ન શકે ત્યારે તે રડવાનો આશરો લે છે. વળી અન્યમાં દયા કે અનુકંપા ઉપજાવવાનું (ખાસ કરી સ્ત્રીઓ ને બાળકોનું) એ અમોઘ શસ્ત્ર છે. માનવી એકલો જ વિચાર કરનારો અને સંવેદનશીલ હોવાથી તે આંસુ સારી શકે છે. બાળક પણ જ્યારે વિચાર કરતું થાય છે ત્યાર પછી જ ખરું 'રડવા' માંડે છે. નાનું બાળક બરાડા પાડે છે—આરડે છે પણ 'રડતું' નથી. (ચાલુ)

ટિકિટસંગ્રહ

આ યુગનો એ સંસારવ્યાપી શૉખ કેમ કેળવવો તેની તથા ટિકિટોના ઇતિહાસ, પરિચય વગેરે બીજી ઉપયોગી માહિતી આપતો વિભાગ



ભારતની નવી ટિકિટો


આ વતી પહેલી ઑક્ટોબરે ગાંધીજીની જન્મતિથિને આગલે દિવસે ભારતની જે છ નવી ટિકિટો બહાર પડશે તેનું ચિત્ર ઉપર આપ્યું છે. સ્વતંત્ર ભારતની સૌ પહેલી નીકળેલી ગાંધીજીની ટિકિટ પેઠે તે 'ફોટોગ્રેવ્યોર' મુદ્રણપદ્ધતિથી છપાશે; પણ ગાંધીજીની ટિકિટ સ્વિટ્ઝર્લૅંડમાં છપાઇ હતી; જ્યારે આ ટિકિટો ભારતમાં એ પદ્ધતિએ પહેલીવાર છપાશે. તેના પર ભારતના છ નામી કવિઓની છબિઓ આવશે. પોણા આનાની ટિકિટપર કબીરની (લીલી), એક આનાની ટિકિટ પર તુલસીદાસની (ગુલાલ રંગી), બે આના પર મીરાંબાઈની (લાલ), ચાર આના પર સૂરદાસની (આસમાની), સાડાચાર આના પર ઉર્દૂ કવિ ઘાલિબની (ગુલબાસ) અને બાર આનાની ટિકિટ પર નોબેલ-પુરસ્કાર વિજેતા જગનામી કવિવર રવીન્દ્રનાથ ઠાકુરની (ઘેરા તપખીરિયા રંગની) છબિઓ હશે.

આમાંના પહેલા ચાર મધ્ય યુગના સંત-કવિઓની છબિઓ પરંપરાપ્રાપ્ત તસ્વીરો પરથી લીધી છે. કબીરની છબિ લંડનના બ્રિટિશ મ્યૂઝિયમના ચિત્રની લખનીના સંગ્રહસ્થાનમાંની નકલ પરથી છે; તુલસીદાસની છબિ મુઘલ શૈલીના કલાકાર ઉસ્તાદ રામપ્રસાદે આલેખેલી તસ્વીર પરથી, મીરાંનું ચિત્ર કિશનગઢના જૂના રાજચિત્રકાર નિહાલચંદની કૃતિ પરથી, અને સૂરદાસની છબિ ભારત સરકારના પુરાતત્ત્વ ખાતાના સંગ્રહમાંનાં પુરાણા ચિત્ર પરથી તૈયાર કરી છે, ઘાલિબની તસ્વીર અલીગઢના મર્હૂમ નવાબ સરદાર યારજંગના પુસ્તકાલયમાંના એક વિરલ ચિત્ર પરથી લીધી છે, કવિવર ટાગોરની છબિ જર્મનીમાં પડાવેલો ફોટોગ્રાફ છે. ટિકિટ શૉખીનો આવી રસમય ટિકિટો મેળવવી ન ચૂકે. આ પ્રસંગે એક ફર્સ્ટ-ડે કવર તથા ફોલ્ડર પણ બહાર પડનાર છે અને જે શહેરમાં ફિલૅટેલિક બ્યૂરો હશે ત્યાં ખાસ રદ્દીકરણની છાપની વ્યવસ્થા પણ થશે.


આ પછી ભારતના ખેતી ને ઉદ્યોગોના વિકાસને લગતાં ચિત્રોવાળી ટિકિટો નીકળશે. ઉપરાંત હિંદમાં પ્રથમ ટપાલની ટિકિટ બહાર પડયાની, ભારતના પ્રથમ તારવ્યવહારની, પ્રથમ પોસ્ટ-ઑફિસની તથા પ્રથમ રેલવેની શતાબ્દીઓ આવે છે તેની પણ ટિકિટો બહાર પડશે.

મુદ્રણના પ્રકાર

નવી બહાર પડનારી કવિઓની ટિકિટો હિંદમાં પહેલી જ વાર 'ફોટો-ગ્રેવ્યોર' મુદ્રણ પદ્ધતિથી છપાવાની છે. મુદ્રણના ત્રણ પ્રકાર છે: (૧) ઉપસેલી બીબાં પદ્ધતિ (લાઇનીઅર કે રીલીફ પ્રિન્ટિંગ): જેમાં બીબાંની માફક, છાપવા માટેની આકૃતિ બહાર ઉપસી આવેલી હોય, અને તેના ઉપર શાહી લાગીને કાગળ તેને દબાવાથી કાગળ પર તેની છાપ પડે. આપણાં છાપાં, પુસ્તકો તથા ચાલુ ટિકિટો એ પદ્ધતિથી છપાય છે. (૨) માત્ર સપાટી પર થતું મુદ્રણ (પ્લેનોગ્રાફિક અથવા લીથોગ્રાફિક પ્રિન્ટિંગ–શિલાછાપ): જેમાં લીસા પત્થરની સપાટી પર પાડેલી શાહીની છાપ ઉપર કાગળ દબાઇને કાગળની સપાટી પર જ મુલાયમ છાપ પડે. પહેલી પદ્ધતિમાં વધારે દબાણથી કાગળમાં ગોબા પડીને પાછલી બાજુ ઉપસી આવે; પણ આમાં તેમ ન બને. નકશાઓ આ પદ્ધતિથી છપાય છે. (૩) ગ્રેવ્યોર એટલેકે ખોદાણ પદ્ધતિમાં, છાપવાની આકૃતિ બીબાંની પેઠે ઉપસેલી નહિ, પણ પતરાની અંદર કોતરેલી હોય. તેના ઉપર શાહીનો રોલર ફરે એટલે એ ખોદાણમાં શાહી ભરાઇ જાય. પછી તરત જ એક તીક્ષ્ણ છરી પતરા પર ફરી વળીને સપાટી પરની વધારાની શાહીને લૂછી નાખે અને કોતરાએલી આકૃતિમાં જ શાહી ભરાઇ રહે. તેના પર પછી કાગળ દબાય, એટલે તેના ઉપર છાપ ચોંટી આવે. આમાં પણ ગોબો ન પડે. અને જો શાહી પ્રમાણ બહાર લાગીને લોચા પેઠે વધારે પડતી ચોંટી ન આવે તો આની પણ છાપ મુલાયમ લાગે. આમાં પતરા ઉપર ફોટોગ્રાફિક પદ્ધતિથી કોતરવામાં આવતું હોઇ તેને 'ફોટોગ્રેવ્યોર' કહે છે. આ નીચેની આકૃતિમાં બીબાં છાપની પદ્ધતિ સમજાવી છે.



તેમાં પ્લેટમાંથી ઉપસી આવેલી છાપવાની વસ્તુને શાહી લાગીને તે કાગળ પર દબાવાથી છાપ પડે છે. ડાબી બાજુએ ઍન્ગ્રેવર પદ્ધતિની ક્રિયા સમજાવી છે તેમાં, પ્લેટમાં ઊંડી કોતરાએલી આકૃતિના ખોદાણમાં ભરાઈ રહેલી શાહી, પોતાના સંસર્ગમાં આવતા કાગળ પર ચોંટી આવીને આકૃતિ પાડે છે.



ગગનવિહારી મહેતા (અનુ. પૃ. ૩૪૪થી) સરકારની આર્થિક, નાણાંવિષયક અને ઔદ્યોગિક નીતિને લગતી બાબતો પરત્વે પ્રધાન મંડળની આર્થિક સમિતિ પણ આયોજનપંચની સલાહ લેતી હતી.

આયોજનપંચનું મુખ્ય કામ કેન્દ્ર સરકારે તથા રાજ્યોની સરકારોએ તૈયાર કરેલી આર્થિક અને ઔદ્યોગિક વિકાસની બહુવિધ યોજનાઓને તપાસી, તેનો પ્રથમાનુક્રમ ગોઠવી અને તેના ખર્ચના અંદાજોની સમીક્ષા કરીને સમગ્ર દેશ માટે સમગ્રથિત યોજના તૈયાર કરવાનું હતું. આ કામ ઘણું સંકુલ અને મુશ્કેલ હતું. છતાં પંચે લગભગ પંદર મહિનામાં પંચવર્ષીય યોજનાનો મુસદ્દો તૈયાર કરીને બહાર પાડ્યો છે અને થોડા જ સમયમાં અંતિમ યોજનાનો અહેવાલ બહાર પડશે. આ યોજનામાં વેપાર અને ઉદ્યોગોને લગતા વિભાગોના મુખ્ય વિધાયક શ્રી ગગનભાઇ છે એ સુવિદિત છે.

સરકારી ફરજો ઉપરાંત શ્રી ગગનભાઈ અન્ય કેળવણીવિષયક અને વૈજ્ઞાનિક સંસ્થાઓ તથા સમિતિઓના સભ્ય તરીકે પણ કામ કરે છે. 'ઑલ ઇન્ડિયા કાઉન્સિલ ઑવ ટેકનીકલ એડ્યુકેશન' અને 'ગવર્નિંગ બૉડી ઑવ કાઉન્સિલ ઑવ સાયન્ટિફિક ઍન્ડ ઇન્ડસ્ટ્રિયલ રીસર્ચ'ના તેઓ સભ્ય છે. 'નફીલ્ડ ફાઉન્ડેશન ઈન્ડિયન ઍડવાઇઝરી કમિટી'ના તેઓ પ્રમુખ છે. 'ઇન્ડિયન ઈન્સ્ટીટ્યૂટ ઑવ સાયન્સ, બૅંગલોર'ની કાઉન્સિલના પણ તેઓ સભ્ય છે.

આયોજનપંચનું મુખ્ય કામ હજુ ચાલુ હતું ત્યાં આ વર્ષની શરૂઆતમાં નવા કાનૂન અનુસાર સરકારે 'ટૅરિફ કમિશન'ની નિમણૂક કરી ત્યારે ફરી શ્રી ગગનભાઇને તેના પ્રથમ પ્રમુખ તરીકે નીમ્યા. પરંતુ સાથેસાથ એમને આયોજન પંચના સભ્ય તરીકે પણ કામ ચાલુ રાખવા વિનતિ કરવામાં આવી; એટલે તેઓ થોડો સમય દિલ્હીમાં આયોજન પંચના કાર્ય માટે અને બાકીનો વખત મુંબાઈમાં ટૅરિફ કમિશનના કામને અંગે ગાળતા હતા. દરમિયાન જૂન માસમાં એમની અમેરિકા ખાતે હિંદના રાજદૂત તરીકે નિમણૂક કરવામાં આવી. આપણે ત્યાં ઉચ્ચ અને મહત્ત્વનાં સ્થાનો માટે કાર્યદક્ષ, અનુભવી અને સત્યનિષ્ઠા વાળા માણસો થોડા છે, એટલે જ્યારે આવા ઉચ્ચ પદ માટે નામો વિચારાય ત્યારે શ્રી ગગનભાઇનું નામ વારંવાર સૂચવવામાં આવે છે. ઘણાને યાદ હશે કે ૧૯૪૬માં સીમલા કૉન્ફરન્સ વખતે અને ત્યાર પછી ઘણીવાર કેન્દ્ર સરકારની કારોબારીમાં પ્રધાન તરીકે એમનું નામ સૂચવવામાં આવેલું છે. વર્તમાન સમયમાં અગત્યની આંતરિક જગ્યાઓ કરતાં પણ અમેરિકામાં હિંદના પ્રતિનિધિનું કાર્ય વિશેષ મહત્ત્વપૂર્ણ બન્યું છે એ નિર્વિવાદ છે; અને એ કાર્ય માટે સૌથી લાયક વિશિષ્ટ જન તરીકે એમની પસંદગી થઇ છે. અત્યારે અમેરિકા સાથેના આપણા સંબંધો બહુ જ મહત્ત્વના છે. ત્યાં આપણા પ્રતિનિધિ તરીકે હિંદી સરકારની વિદેશનીતિની સંપૂર્ણ સમજ, સમભાવ અને અસાધારણ કુનેહથી રજૂઆત કરે અને ત્યાંનાં આંદોલનોનો મર્મ આપણી સરકાર તથા દેશબાંધવોને સમજાવે એવા વિચક્ષણ રાજપુરુષની આજે જરૂર છે. વળી યુદ્ધોત્તર કાળમાં પ્રજાસત્તાક રાજ્યો અને સામ્યવાદી સરકારો વચ્ચે જે 'ઠંડું યુદ્ધ' જામ્યું છે તેના અસરકારક પ્રતિકાર માટે એવી નીતિ સૂચવવામાં આવી છે કે દુનિયાના બધા ભાગોમાં પ્રજાસત્તાક બળોને એવી રીતે દૃઢ અને ચિરસ્થાયી બનાવવાં કે જેથી સામ્યવાદનું આકર્ષણ આપમેળે ઓછું થઇ જાય. આ નીતિ અનુસાર આર્થિક દૃષ્ટિએ અલ્પવિકસિત પ્રદેશોની પ્રજાઓનાં આજીવિકાધોરણ ઊંચાં લાવવા માટે આર્થિક અને ઔદ્યોગિક વિકાસની યોજનાઓનો સત્વર અમલ કરવા યોજાયું છે. આવા દેશોમાં દક્ષિણ અને અગ્નિ-એશિયાનો પ્રદેશ મહત્ત્વનું સ્થાન ભોગવે છે, અને એમાં હિંદનું સ્થાન કેન્દ્રવર્તી છે. આ પ્રદેશમાં આવેલા સાંસ્થાનિક સભ્યોના દેશો માટે 'કોલંબો યોજના' રચવામાં આવેલી છે. અને હિંદે પોતાની 'પંચ વર્ષીય યોજના' તૈયાર કરી છે. આ વિકાસ–યોજનાઓના અમલ માટે આપણી આંતરિક સંપત્તિ અને સાધનો પૂરતાં ન હોવાથી બાહ્ય નાણાંકીય મદદ માટે સારા પ્રમાણમાં જરૂર રહે છે. સાંસ્થાનિક પ્રદેશો, ઑસ્ટ્રેલિયા, કૅનેડા વગેરે તરફથી અમુક પ્રમાણમાં મદદ મળી છે; પણ અત્યારે દુનિયામાં સૌથી સમૃદ્ધ, વિપુલ સંપત્તિ અને સાધનોવાળો તથા ઉચ્ચ વૈજ્ઞાનિક અને ઇજનેરી શિલ્પવિષયક જ્ઞાન તથા અનુભવ ધરાવતો દેશ અમેરિકા છે. એના તરફથી આપણી વિકાસ-યોજનાઓને જેટલી મદદ મળે તે અત્યંત ઉપકારક અને ફળદાયી નીવડે. અમેરિકન સરકાર તરફથી 'પૉઈન્ટ ફોર' અનુસાર નાણાંકીય મદદ મળેલી છે અને બીજી સહાય મળશે એવી આશા છે. અમેરિકાની સરકાર અને સામાન્ય પ્રજા આપણી યોજનાની જરૂરિયાતો વિશેષ સમભાવથી સમજે અને આપણને યોગ્ય મદદ કરવા પ્રેરાય એ માટે બે વસ્તુઓની ખાસ જરૂર છે: (૧) સામાન્ય રીતે બંને દેશોના રાજકીય અને સાંસ્કૃતિક સંબંધો દ્વારા સહાનુભૂતિ અને મૈત્રીભર્યું વાતાવરણ ઊભું કરી એ સંબંધોને ચિરસ્થાયી બનાવવા અને (૨) આપણી વર્તમાન આર્થિક પરિસ્થિતિ તથા જરૂરિયાતો સંબંધી સત્ય હકીકતથી વાકેફ કરી અમેરિકા પાસેથી શક્ય રીતે અને યોગ્ય શરતોએ આર્થિક મદદ મેળવવી. આ 'પરદેશી આર્થિક સહાય'નો પ્રશ્ન ઘણો નાજુક અને વિવાદાસ્પદ છે, એટલે એનું નિરૂપણ બન્ને પક્ષે અસાધારણ કુનેહ અને વિચક્ષણતા માગી લે છે. આ બને કાર્ય માટે શ્રી ગગનભાઈની પસંદગી સંપૂર્ણરીતે યોગ્ય અને ઉત્તમ છે. રાજકીય અને સાંસ્કૃતિક ક્ષેત્રમાં તેઓ પ્રતિભાસંપન્ન, કુશળ, સત્યનિષ્ઠ, પરિપક્વ ને બહુશ્રુત રાજપુરુષ છે, એટલે સાંપ્રત આંતરરાષ્ટ્રીય પ્રવાહો ને આંદોલનોનો અભ્યાસ કરી હિંદની 'તટસ્થ' વિદેશનીતિનું અમેરિકન સરકાર તથા જનતા સમક્ષ પ્રભાવશાળી નિવેદન તે કરી શકશે; આર્થિક ક્ષેત્રમાં તેઓ પંચવર્ષીય યોજનાના એક પ્રણેતા હોઈ આપણા વર્તમાન આર્થિક સંયોગો અને અગત્યની જરૂરિયાતોનું એમને તલસ્પર્શી જ્ઞાન છે. તાજેતરમાં વિશ્વબૅંક અને અમેરિકાના વેપારી પ્રતિનિધિઓ સાથેની વાટાઘાટોમાં શ્રી ગગનભાઈ એક મુખ્ય પ્રતિનિધિ હતા; એટલે આ કાર્યક્ષેત્રમાં તેઓ સંપૂર્ણ રીતે પારંગત છે.

જીવનની બધી પ્રવૃત્તિઓમાં દીપ્તિ પૂરતું શ્રી ગગનભાઈનું વ્યક્તિત્વ પ્રતિભાશાળી, સંસ્કારી, ગૌરવશીલ અને અત્યંત મોહક છે. ખાદીનાં શ્વેત અચકન, સુરવાલ ને ગાંધી ટોપીથી સજ્જ અને આભિજાત્યની રેખાઓથી અંકિત શાંત ને ખૂબસૂરત મુખમુદ્રાવાળા, ટટાર અદાથી ઊભેલા કે ફરતા શ્રી ગગનભાઇ ગમે તેવી માનવમંડળીમાં સહેજે તરી આવે છે. પરિચિત વ્યક્તિને મળતાં એમની આંખોમાં ચમક

આવે છે તથા મોં પર સ્મિત ફરી વળે છે અને ખૂબ મમતાભરી રીતે એ મળે છે. થોડી વારમાં જ એકાદ બે પ્રાસંગિક વચનોથી મળનારને સ્વસ્થ કરીને વાતોએ વળગે છે. માણસોને પારખવાની અને એનો ખરો ક્યાસ મૂકવાની શક્તિ એમનામાં સ્વયંભૂ છે, એટલે માણસોને જીતી લેવાની તથા તેમનો યોગ્ય વિનિયોગ કરવાની કલા એમણે સિદ્ધ કરી છે. એમની પ્રતિભા સૌમ્ય છે: એમાં ઓજસ્ છે પણ તાપ નથી. એમની બુદ્ધિ તેજસ્વી અને પર્યેષક છે. દરેક પ્રશ્ન પરત્વે એમનો પ્રવેશ રચનાત્મક છે, ખંડનાત્મક નહિ. એમનું સામાન્ય વલણ બુદ્ધિપ્રધાન હોવા છતાં નવી લોકશાહી સમાજરચનામાં હૃદયનું પ્રાધાન્ય તેઓ પૂરેપૂરું સમજે છે. અભિજાત વાતાવરણમાં રહ્યા છતાં એમનાં દાક્ષિણ્ય અને વિનય સૌ કોઇને મુગ્ધ કરે છે. એમનો મનોવિસ્તાર વિશાળ અને વૈવિધ્યપૂર્ણ છે; સાહિત્ય, લલિતકળા, રાજનીતિ, અર્થશાસ્ત્ર ને સમાજશાસ્ત્રના એમના અભ્યાસ ને અભિનિવેષથી તેઓ એક અત્યંત સંસ્કારી, બહુશ્રુત અને વિદ્વાન સુજન તરીકે વિખ્યાત છે. એથી વિશેષ, એમના 'ડહાપણ' માટે સૌને ઘણું માન છે. ગમે તેવા પરસ્પરવિરોધી દૃષ્ટિબિંદુઓમાંથી ન્યાયપૂર્વક તારતમ્ય ગ્રહીને સમતોલ વિચારસરણી અપનાવવાની એમને હથોટી બેસી ગઈ છે. ગમે તેવા સંકુલ અને વિવાદાસ્પદ વિષયનો નિરપેક્ષ રીતે અભ્યાસ કરીને તેઓ પોતાનો ન્યાયયુક્ત અભિપ્રાય વ્યક્ત કરી શકે છે. પક્ષબદ્ધ રાજકારણમાં અને ખાસ કરીને લોકશાહી પદ્ધતિમાં આ તટસ્થ, પ્રામાણિક ને નિરપેક્ષ વિચારશક્તિનું મહત્ત્વ કેટલું છે એ ઉમેરવાની જરૂર નથી. શ્રી ગગનભાઇના વ્યક્તિત્વનાં સૌથી મોહક તત્ત્વો એમની હાસ્યવૃત્તિ અને સુજનતા છે. એમના સંપર્કમાં આવનાર માણસો થોડી વારમાં જ એમના પ્રફુલ્લ અને આનંદી સ્વભાવથી મુગ્ધ થાય છે. જેમ વાતચિતનો પ્રવાહ વધતો જાય એમ એમની હાસ્યવૃત્તિની ચમક વધતી જાય છે, અને રમૂજી ચકાઓ, શ્લેષો અને નર્મયુક્ત વાણીથી આખું વાતાવરણ ઉલ્લાસમય બની જાય છે. તેઓ એક અત્યંત કુશળ અને આહ્લાદક 'વાર્તાલાપકાર' (કૉન્વરસેશનાલિસ્ટ) છે. એમની સ્મરણશક્તિ અદ્ભુત છે. ઘણી વાર એમને આખો સળંગ વાર્તાલાપ હૈયે રહી જાય છે અને અસંખ્ય સુવાક્યો, સુભાષિતો અને રમૂજી વાક્યો તથા ટુચકાઓ એમના વાર્તાલાપમાં અનાયાસ ગુંથાઈ જાય છે. તેઓ બહુ જ ભલા અને માયાળુ છે. પોતાના બુદ્ધિપ્રભાવ અને સંસ્કારી ચારુતાથી એમણે અનેક મિત્રો અને સ્નેહીઓ કર્યા છે; ને એ બધા પ્રત્યે એમનાં સ્નેહ અને મમતા અત્યંત સહૃદય છે.

શ્રી ગગનભાઈના જાહેર જીવનમાં ઉત્તરોત્તર ઉત્કર્ષનાં ત્રણ આગળ પડતાં લક્ષણો નોંધપાત્ર છે, કારણકે તે આપણી ઉત્તમોત્તમ પ્રણાલિકાનાં બોધક છે. પોતાની જાહેર પ્રવૃત્તિઓ એમણે ગંભીરતાપૂર્વક અને અસાધારણ કર્તવ્યશીલતાથી ઉપાડી લીધી છે. તરુણ વયમાંથી જ જે કામ હાથમાં લીધું હોય તેને અંગે પૂરેપૂરું જ્ઞાન મેળવી, એમાં પોતાની સર્વ શક્તિ પરોવી, તેનું શ્રેષ્ઠ પરિણામ સિદ્ધ કરવા માટે અવિરત પ્રયત્ન કરવાની એમણે ટેવ પાડી છે. અને પરિણામે, જે કામ એમણે હાથમાં લીધું છે એ એમણે હમેશાં દીપાવ્યું છે. ગમે તેવી નાની કે મોટી સફળતાની ખ્યાતિ પર પોતાની નામનાનો દોર બાંધીને તેઓ કદી સૂતા નથી. આ અપ્રતિમ કાર્યશીલતાનાં પ્રેરક બળો એમની સત્યનિષ્ઠા ને કલ્યાણભાવના છે. મૂળગત સંસ્કારો ને ઉચ્ચ વ્યક્તિ-નીતિના સિદ્ધાંતો પરના આગ્રહને પરિણામે એમણે જાહેર જીવનમાં આકરા નિયમો બાંધેલા છે. જે સાચું હોય તે જ થઈ શકે; જાહેર બાબતોમાં અયોગ્ય વગ કે શેહને કદી વશ થવાય નહિ અને તેનો ઉપયોગ સર્વથા વર્જ્ય છે એમ એમણે હમેશાં માન્યું છે, એટલું જ નહિ પણ એ અનુસાર આચરણ કર્યું છે. વળી, જાહેર કાર્ય એ પરમાર્થ સેવા છે, એમાંથી ખાનગી લાભની કશી અપેક્ષા રાખી શકાય નહિ, એ એમનો અચલ સિદ્ધાંત છે. વેપારી ક્ષેત્રમાં કામ કરતાં આ સિદ્ધાંતનું પાલન કઠિન છે એ સહજ સમજી શકાય તેવી વાત છે. આ પ્રામાણિકતાની ઉચ્ચ માત્રા આપણા જાહેર જીવનનો પથદીપ છે. શ્રી ગગનભાઈએ તેને ઉજ્જ્વલ રાખીને અનન્ય દાખલો બેસાડ્યો છે.

આ સિદ્ધાંતોનું પ્રેરણાબળ એમની કલ્યાણભાવનામાં રહેલું છે. સમાજના સમુદ્ધારની યોજનાઓમાં શ્રી ગગનભાઈને ઊંડો રસ છે અને 'પંચવર્ષીય યોજના'ના મૂળમાં ભારતના જનસમુદાયના આજીવિકા-ધોરણને ઊંચું લાવી તેને સુખપ્રદ જીવન તરફ લઈ જવાની ઉન્નત ભાવના રહેલી છે એ તેનું મુખ્ય આકર્ષણ છે. તેઓ રાજનીતિના સિદ્ધાંતોના અભ્યાસી છે, પરંતુ તેઓ કોઇ 'વાદ'માં માનતા નથી. એમનું લક્ષ્ય માનવ-સમાજની ઉન્નતિ પર કેન્દ્રિત છે ને વ્યક્તિ-સ્વાતંત્ર્ય, સામાજિક ન્યાય તથા માનવતાની ભાવનાઓનો ઉત્કર્ષ સાધી શકાય એવી સમાજવ્યવસ્થામાં એમની શ્રદ્ધા વસેલી છે.

પોતાના પ્રતિભાસંપન્ન વ્યક્તિત્વ અને ગુણરાશિના પ્રભાવથી શ્રી ગગનભાઈ અમેરિકા ખાતે પોતાના પ્રેષિત કાર્યમાં સફળ થશે એમાં શંકા નથી. એમના નવા કાર્યની જવાબદારી અદા કરવામાં એમનાં સહધર્મચારિણી શ્રીમતી સૌદામિની બહેનનો પૂરેપૂરો સહકાર મળશે; કારણકે રાજદૂતોની કાર્યવાહીમાં સામાજિક સંપર્ક અને આતિથ્ય મહત્ત્વનો ભાગ ભજવે છે. શ્રી સૌદામિનીબહેન વિદુષી સન્નારી છે. એમને સાહિત્ય અને કલામાં ઊંડો રસ છે અને ઘણાં વર્ષોથી સુલેખક તરીકે પ્રખ્યાત છે. બે દાયકાથી તેઓ સામાજિક પ્રવૃત્તિઓમાં રચનાત્મક કાર્ય કરી રહ્યાં છે. એટલે આ સૌમ્ય અને ચારુ યુગલ અમેરિકામાં હિંદના ઉચ્ચતમ સંસ્કારો તથા રાજનીતિનાં યોગ્ય પ્રતિનિધિ બની રહેશે એમાં શંકા નથી.

કસોટીના જવાબો : (૧) બ (૨) અ (૩) બ (૪) બ (૫) ક (૬) અ (૭) બ (૮) અ (૯) ક (૧૦) રોઇટર (૧૧) સફેદ: કારણકે દુનિયામાં એવું તો ફક્ત એક જ સ્થળ છે જ્યાંથી દક્ષિણે ૧૫ માઈલ જઈ ત્યાંથી પૂર્વમાં ૧૫ માઈલ જવા છતાં તમે તમારા એ સ્થળથી ૧૫ માઇલ દૂર રહો. એ સ્થળ તે ઉત્તર ધ્રુવ, ને ત્યાંના રીંછ સફેદ હોય છે.

આપણા નવજુવાનોને તો લાંબા લાંબા વાળ રાખવા છે, સીનેમાનાં ગાયનો ગાવાં છે અને સિસોટીઓ મારવી છે; બુશશર્ટ પહેરીને કાં તો પોતાના તીતીઘોડાના પગ જેવા કે કાં તો પાડાની ફાંદ જેવા શરીરનાં પ્રદર્શન કરવાં છે! અને એમાં પણ આપણા નવજવાનો શું કરે છે? ગંધાતી ને ઢંગધડા વગરની કહેવાતી અંગ્રેજીમાં બોલવું, સિગારેટો ફૂંકવી, લચકાતી કમરે ચાલવું, તાજા મળેલા પૈસાનું ન દીઠાના દીઠા જેવું પ્રદર્શન કરવું……હું નવા યુગના બંધારણવાળા એક એવા પ્રજાસત્તાકમાં જીવું છું કે જેના લોકોને મન કામ એ તો કોઈ અક્ષમ્ય પાપ ગણાય છે.

કનૈયાલાલ મુનશી

આ માસ (સપ્ટેમ્બર) ઇતિહાસમાં: દિનવિશેષ · વ્યક્તિવિશેષ · પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ: મંગો પાર્ક

લિવિંગ્સ્ટનની યે પહેલાં આફ્રિકાની ભૂમિ



ખૂંદનાર નામચીન શોધ-સફરી મંગો પાર્કનો જન્મ ૧૭૭૧ની ૨૦મી સપ્ટેમ્બરે એ લિવિંગ્સ્ટનના જ દેશ સ્કૉટલંડમાં ફાઉલશિલ્સ મુકામે થએલો. સર્જરીનો ડિપ્લોમા મેળવીને ૧૭૯૨-૯૩માં તો તે છેક સુમાત્રા ફરી આવ્યો. પછી આફ્રિકન એસોસીએશનની મદદથી ૧૭૯૫માં નાઈજર નદીની શોધખોળ માટે પશ્ચિમ આફ્રિકા ઊપડયાં. ૨૧મી જૂને ગૅમ્બિયા થઈ એ અગોચર પ્રદેશમાં ૨૦૦ માઈલ દૂર પિસાનિયા પહોંચ્યો ને ત્યાંથી ૨જી ડિસેમ્બરે આગળના તદ્દન અજ્ઞાત પ્રદેશમાં પ્રવેશ્યો. એ અનારોગ્યમય ભૂમિમાં એકલેપંડે મુસાફરી કરતાં તેને ઓછી મુસીબતો નહોતી પડી. રસ્તામાં મૂર લોકોએ તેને લૂંટી લઈ કેદ કરેલો. ચાર મહિને એ ત્યાંથી માત્ર એક ઘોડો ને એક હોકાયંત્ર લઇ પહેર્યે લૂગડે નાસી છૂટયો. ૨૧ દિવસ બાદ આખરે તે પોતાની મકસદ નાઈજરને કાંઠે આવી ગયો. તેના પહેલાં કોઇએ નહિ જોએલી એ નદીના કાંઠે કાંઠે એ બીજા એંશી માઇલ આગળ ગયો, પણ આખરે તેને પાછા ફરવું પડયું. વળતાં તે ૩૦૦ માઇલની સફર ખેડી ૧૭૯૭ની ૧૦મી જૂને પિસાનિયા પહોંચ્યો ને ત્યાંથી પોતાને દેશ આવતો રહ્યો. સફર દરમિયાન તેને થએલા અનુભવો તથા એ અજ્ઞાત પ્રદેશની માહિતીઓનું 'ટ્રાવેલ્સ ઈન ધી ઇન્ટીરીઅર ઑવ આફ્રિકા' નામનું જે પુસ્તક તેણે લખ્યું છે તે આજે યે સાહિત્યમાં સારું સ્થાન ધરાવે છે.

૧૮૦૧થી ૧૮૦૩ દરમિયાન તેણે લગ્ન કરી દાક્તર તરીકે જિંદગી ગુજારી; પણ પાછું સરકાર તરફથી નાઇજરની વધુ શોધખોળ અર્થે જવાનું કહેણ આવતાં અરબ્બી ભાષા પાકી કરી લઈ ૧૮૦૫માં સૈનિકો, નાવિકો, નકશાનવીશો વગેરે મળી ૪૪ માણસો સાથે તે ફરી પાછો નાઈજરના ભયંકર પ્રદેશમાં પ્રવેશ્યો. ઑગસ્ટમાં જ્યારે તેઓ નાઈજરને કાંઠે પહોચ્યા ત્યારે તેઓમાંના ફક્ત ૧૧ જણ જ બચેલા, એ પરથી એ પ્રદેશની ભયંકરતાનો ખ્યાલ મળી રહે છે. છતાં તેણે તો પોતાની સફર ચાલુ જ રાખી ને ૧૯મી નવેમ્બર સુધી કાંઠે કાંઠે પગપાળા મુસાફરી કરી આખરે ૪૦ ફૂટ લાંબો ને ૬ ફૂટ પહોળો 'જૉલિબા' નામનો એક મછવો તૈયાર કરી તેઓમાંના હત્રે બાકી રહેલા નવ જણે ઝુકાવ્યું. ઊપડતાં પહેલાં પાર્કે પત્નીને લખેલા પત્રમાં તે જણાવે છે કે, '૧૮૦૬ના જાન્યુઆરી સુધીમાં તો અમે કદાચ નાઇજરના મુખ સુધી પહોંચી જઇશું, દરમિયાન જૉલિબા ક્યાં યે અટકવાનો નથી કે અમે જમીન પર પગ મૂકવાના નથી.' બસ આ તેના તરફથી મળેલા છેલ્લા ખબરો છે. જૉલિબાનું પછી શું થયું તેની કશી જ ચોક્કસ ખબરો મળી નથી. ઘણી રાહ જોયા પછી આખરે બ્રિટિશ સરકારે તેની તપાસ અર્થે બીજા માણસો મોકલ્યા જેઓ અતિશય મહેનત પછી ૧૯૧૨માં પાર્કના એક ભોમિયાને શોધી શક્યા. તેણે ખબર આપ્યા કે 'પૂરતો પૂરવઠો પાસે હોઇ અમે કાંઠાના જંગલીઓથી બચવા નદીના કાંઠા તરફ જ નહિ ઢૂકવાનો નિશ્ચય કરી આગળ વધતા હતા. હજારેક માઈલ આમ કાપ્યા બાદ ઓચિંતો એક વાર અમારો મછવો કાંઠા નજીક થઈ જતાં જંગલીઓએ અમારા પર હૂમલો કર્યો. પરિસ્થિતિ અતિ વિકટ લાગતાં પાર્ક અને બીજા સૌ નદીમાં કૂદી પડયા. પણ પછી તેઓનું શું થયું તે કંઇ ખબર નથી. સંભવ છે કે ડૂબી જ ગયા હશે.' પણ ખરેખર તેમનું શું થયું તે તો હજી આજ સુધી કોઈ જ ખોળી નથી શક્યું એટલે ભોમિયાની વાત જ માનવી રહી.

દિનવિશેષ

તા. ૧ ટ્રાન્સવાલ જીતી દક્ષિણ આફ્રિકામાં અંગ્રેજો કાયમ થયા, ૧૯૦૦.
તા. ૪ પહેલવહેલી સ્વાતંત્ર્યની ઘોષણા કરનાર દાદાભાઈ નવરોજીનો જન્મ, ૧૮૨૫.
તા. ૫ ફ્રેન્ચોએ જિન્જીના સૂબા પાસેથી પૉન્ડિચેરી ખરીદ્યું, ૧૬૭૪.
તા. ૯ હિંદી ભાષા-સાહિત્યનો ઉત્કર્ષ સાધનાર ભારતેન્દુ બાબુ હરિશ્ચન્દ્રનો જન્મ, ૧૮૫૦.
તા. ૧૫ આજના યુદ્ધમાં મહત્ત્વનું સ્થાન ધરાવતી ટૅન્કોનો પહેલવહેલો ઉપયોગ, ૧૯૧૬.
તા. ૧૭ માનવમગજની શ્રેષ્ઠ કૃતિ ગણાતા અમેરિકાના રાજ્યબંધારણની જાહેરાત, ૧૭૮૭.
તા. ૧૯ ખાન્દેરીના જલયુદ્ધમાં શિવાજીએ અંગ્રેજોને સજ્જડ હાર આપી, ૧૬૭૯.
તા. ૨૩ અમેરિકામાં જગતનો સૌ પહેલો વિમાન વ્યવહાર શરૂ થયો, ૧૯૧૧.
તા. ૨૭ હિંદના સાંસ્કૃતિક નવવિધાનના પુરોધા રાજા રામમોહનરાયનો દેહવિલય, ૧૮૩૩.

ઑગસ્ટ (૧૯૫૨)ની તવારીખ

તા. ૬ બહુમુખી વેચાણ વેરાના વિરોધમાં મુંબાઈ પ્રાંતમાં જંગી હડતાળ. મુંબાઈ ધારાસભામાં ત્રીજા વાચનમાંથી એ ખરડો પસાર થયો. તા. ૧૧ પ્રજાસભામાં વારસાવેરાના ખરડાની રજૂઆત. તા. ૧૪ નેપાળમાં પાંચ સલાહકારો સાથે રાજા ત્રિભુવને રાજ્યની લગામ હાથ ધરી. તા. ૧૯ ભારત તથા કાશ્મીર વચ્ચે થએલી સમજૂતીઓ સંબંધમાંનાં તમામ પગલાંઓને કાશ્મીરની બંધારણ સભાની સર્વાનુમતે મંજૂરી. તા. ૨૧ પશ્ચિમ પાકિસ્તાન પર થઇ ભારતની હદમાં ૫૦ ચો. માઇલના વિસ્તારનું તીડનું જંગી ટોળું પ્રવેશ્યું.

પ્રસંગવિશેષ: સ્વાતંત્ર્ય સંગ્રામમાં દિલ્હીની છેલ્લી હાર ૧૪ સપ્ટેમ્બર ૧૮૫૭

અનેક રાજ્યોની સેના એ કાળે દિલ્હીમાં એકઠી થએલી. દરરોજ કિલ્લા બહાર નીકળી અંગ્રેજ સેનાનો તે ખુરદો બોલાવી આવતી. વીરતા, સંખ્યા કે સાધનની ત્યાં જરા યે ખોટ નહોતી; તાણ હતી માત્ર એ બધાને સફળતાપૂર્વક વશ રાખી નિર્ણાયક સંગ્રામમાં ઉતારી શકે તેવા સેનાપતિની. બખ્તખાં એકમાં જ એ આવડત હતી; પણ ઉચ્ચ કુળના ઘમંડી અન્ય રાજવી સેનાનીઓને તેનું વર્ચસ્વ સ્વીકારતાં નાનમ લાગતી. સિંધિયા, જયપુર, જોધપુર વગેરે બીજા જેઓ કંઇક કરી શકે તેવા હતા તેમને બાદશાહનો વિજ્ઞપ્તિપત્ર મળવા છતાં તેઓ છેક આખર સુધી વિપ્લવને સાથ આપવાનો નિર્ણય કરી નહોતા શક્યા. આવામાં ચારચાર માસથી ખાળી રખાએલા અંગ્રેજોને નવી મદદ મળી; ઉપરાંત ઇલાહીબક્ષ નામનો એક ખાસ દરબારી પણ ફૂટયો ને તેને પરિણામે કંપનીની હિંમત વધી. ધીરેધીરે કિલ્લા નજીક જવાની શરૂઆત કરી. આખરે ૧૪મી સપ્ટેમ્બરે કોઈ પણ ભોગે દિલ્હીમાં પ્રવેશવાનો નિર્ણય કરી અંગ્રેજો તૂટી પડયા. તસુતસુ જમીન માટે વિપ્લવવાદીઓએ તેમને ભયંકર યુદ્ધ આપ્યું. પણ નરી વીરતા કેટલી ટકે? આખરે દગો કરી ઇલાહીબક્ષે બહાદુરશાહને કેદ કરાવ્યો ને શાહજાદાઓને મારી નંખાવ્યા. પછી તો દિલ્હીમાં જે કંઈ થયું તે નાદિરશાહીને પણ ઘણી સારી કહેવડાવે તેવું થયું. દિલ્હીના આ પતને વિપ્લવની કમ્મર ભાંગી નાખી.



અંત તણો શો શોચ   આરંભે કરવો ભલા?
અંત થકી અનપેક્ષ   નથી આરંભની શ્રીકલા?
સિંધુસંગમ કારણે   સોહે ના નદીમૂળ,
પદપદ શણગારી જવું   શું અનુકૂલ-પ્રતિકૂલ.
શ્રગ, નદી, ફૂલ, ઈન્દુકળા,   સૌને પ્રભુવરદાન,
શોભે સુંદર સહુ ક્રમે   પરિણતિ સમ ઉત્થાન.

ઉશનસ્

બહાદુર અફસર અશ્વિનીકુમાર

સૌરાષ્ટ્રના નામીચા ડાકૂ ભૂપત તથા બીજા બહારવટિયાઓને જેર કરવા માટે થોડા સમય માટે સૌરાષ્ટ્ર સરકારે જેમની સેવાઓ માગી હતી, અને તેમાં બજાવેલી કામગીરી માટે જેમની ભારે પ્રશંસા થઈ હતી, તે પંજાબના પોલીસદળના ઍસિસ્ટંટ ઈન્સ્પેક્ટર જનરલ પંડિત અશ્વિનીકુમારનું નામ તો આ તરફ જાણીતું થઈ ગયું છે. હમણાં જ ભારતના રાષ્ટ્ર-પ્રમુખ તરફથી વિશિષ્ટ વીરતા માટે જે ત્રીસેક બહાદુર ભારતીઓને 'પ્રૅસિડૅન્ટ્સ પોલીસ ઍન્ડ ફાયર સર્વિસિસ મેડલ' એનાયત થયો તેમાં અશ્વિનીકુમાર પણ એક છે.

ભયજનક સ્થાનોમાં બેધડક ધસી જવાની અનેરી કુનેહ અશ્વિનીકુમાર મૂળથી જ ધરાવે છે. પંજાબમાં જ્યારે તેઓ ફિરોઝપુર ખાતે સીનિયર સુપરિન્ટેન્ડેન્ટ હતા ત્યારે ઘણી સુસજ્જ ધાડપાડુ ટુકડીઓ ત્યાં તથા પડોશના બીજા પેપ્સુના જિલ્લાઓમાં ત્રાસ વર્તાવી રહી હતી. એક ટુકડી તો ઘણી જ નામચીન ને ભયંકર હતી. નહિનહિ તો તેણે ૧૬ ખૂન કર્યાં હતાં, ધાડો પાડી હતી તથા ઘણાં વર્ષોથી પોલીસને હાથ આવતી ન હતી. એનો નાયક હતો કૈલા અથવા કર્નાઈલસિંગ. તેને કેહરસિંગ તથા બીજા સાતઆઠ સાથીદારો હતા. પોલીસે અવિરત પરિશ્રમને અંતે કૈલા તથા બે સાથીઓને ૧૯૪૯ના જુલાઈમાં પકડી લીધા અને કેહરસિંગ અમુક ગામમાં હોવાનું જાણવા મળ્યું. અશ્વિનીકુમારે પોલીસટુકડી સાથે ધાડપાડુ જ્યાં છુપાયો હતો તે ઘર પર છાપો મારી અંદર બેધડક પ્રવેશ કર્યો. પોલીસને જોતાં જ બહારવટિઓ જેવો હજી પોતાની ભરેલી બંદૂક ઉપાડવા જાય છે ત્યાં તો પોતાની અનન્ય વીરતા તથા સમયસૂચકતા સાથે અશ્વિનીકુમાર તેના પર કૂદી પડ્યા અને બહારવટિયાને બંદૂક ફોડવાની તક મળે તે પહેલાં તો તેની સાથે બાથંબાથ યુદ્ધ આદર્યું. કેહરસિંગ ઘણો જ મજબૂત બાંધાનો હતો અને પાતળા અશ્વિનીકુમાર કરતાં તો ઘણો બળવાન હતો. પણ ત્યાં તો પોલીસ ટુકડીના બીજા માણસો તુરત ધસી આવ્યા ને તેને ગિરફતાર કરી લીધો.



બહારવટિયાઓ સાથેના અશ્વિનીકુમારના એક બીજા ભેટા દરમ્યાન મોગા ગામની સારી યે પ્રજા ધોળે દિવસે ખેલાએલું એ પોલીસ-બહારવટિયા યુદ્ધ જોવા ઊમટી હતી. અશ્વિનીકુમારને તેમની ટુકડી જેનો પીછો પકડી રહી હતી તેવા ચાર બહારવટિયાએ મોગાને પાદરે એક ખેતરમાં આશ્રય લીધો હતો અને ત્યાંથી તે ગોળીઓનો મારો ચલાવતા હતા. અશ્વિનીકુમારની ટુકડીએ



માસમાસનાં પંખી [૮૦]
લાલ મુનિયા

જો પળાતું ન હોત તો સદાના પ્રસન્ન આ પંખીને કદાચ બહુ જ ઓછા ઓળખતા હોત. પક્ષીપાલકો એક પાંજરામાં બે ચાર મુનિયાને સાથે જ રાખે છે. પાંજરામાં આમતેમ કૂદતું એ ગાયા જ કરે છે. એક અટકે કે બીજું ઉપાડી જ લે; અને એમ થાકે નહિ ત્યાં સધી ચાલ્યા જ કરે. બેસવા કે ઊંઘવા રાખેલા પિંજરમાંના સળિયા પર હૂંફવાળી જગ્યા મેળવવા માટે તેમની વચ્ચે કાયમ હોંસાતોંસી ચાલે જ. છેડે બેસવા એકે ય કબૂલ ન થાય!

ચારેક ઇંચનું આ પંખી બારેમાસ વનરાઈની વચ્ચે, પાણીકાંઠા પર, ઘાસમાં રહેનારું છે. કદમાં સહેજ મોટી અને રંગે જરા જુદી તેની બીજી પણ બે મુખ્ય જાત થાય છે.

સંવનનકાળે નરનું આખું શરીર લાલ થઈ જઇ, ગરદનથી માંડી ઉપરના તમામ ભાગમાં સફેદ ટપકાં હોય છે. પગ પાસેથી પૂછડીનો છેડા સુધીનો ભાગ કાળો, પડખાં ભૂરાં. માદાનો ઉપરનો ભાગ ભૂરો. પડખાં ને પાંખ નર જેવાં, ગરદન સફેદ, માથાની બાજુમાંથી ગરદન ને છાતી સુધીનો ભાગ રાખોડી ભૂરો તથા નીચલો ભાગ ધૂળિયો કેસરી. આંખની કીકી નારંગી, પગ ભૂરા ને ચાંચ લાલ. નરની ચાંચનો રંગ તેજસ્વી ને માદાનો સહેજ મેલો. તેનો આકાર ચણ ખાતાં પંખીઓ જેવો જ.

તેનો જનનકાળ બારેમાસ. પણ જૂનથી સપ્ટેમ્બર દરમિયાન વિશેષ. ગીચ ઘાસમાં, જમીનથી ત્રણચાર ફૂટ ઊંચે, ઘાસના ગોળ દડા જેવા બનાવેલા માળામાં બાજુમાંથી પ્રવેશવાનો માર્ગ રાખી, તેને અંદરથી ઘાસ-પીછાં વડે મુલાયમ બનાવી તેમાં તે નાનાં-નાનાં પાંચ-છ દૂધ જેવાં સફેદ ઇંડાં મૂકે છે.

પ્રથમ તો ખુલ્લા મેદાનમાંથી તેની સન્મુખ સામી છાતીએ ધસી જઇ બહારવટિયાઓને એક ઝાડના ઝુંડનો આશ્રય લેવાની ફરજ પાડી. પોલીસના ઘેરાને તોડી રાતના અંધારામાં છટકવાના ઇરાદે બહારવટિયાએ ત્યાંથી તો ગોળીઓની રમઝટ આદરી. અશ્વિનીકુમારે હવે બહારવટિયા પર અણધાર્યો જ છાપો મારી એમને કબ્જે કરવાનું નક્કી કર્યું, પરંતુ તે માટે તો એ ગોળીઓના વરસાદ સામે, જરા પણ ઓથ વિનાનું સો વાર જેટલું અંતર કાપવાનું હતું. પોતાના જાનની સલામતીની જરા પણ પરવા કર્યા વિના અશ્વિનીકુમાર બહુ ખૂબી અને હિંમતથી પોતાની ટુકડીને એ ઝુંડમાં દોરી ગયા અને એ આખરી હુમલા દરમ્યાન ચારે બહારવટિયાને જાનથી ઠાર ગાર્યા.

બીજી એક અથડામણ દરમ્યાન અશ્વિનીકુમારને પંજાબ નૅશનલ બૅન્કમાંથી ૪૦,૦૦૦ રૂપિયાની લૂંટ કરનારી એક નામચીન ટુકડીની સાથે કામ લેવું પડેલું. તેના નેતા બલવીરસિંહે ફિરોઝપુર જિલ્લાના એકેએક નાગરિકના દિલમાં ધાક ફેલાવી દીધી હતી. અનેક ખૂનો તથા ધાડો પાડનાર એ બલવીરસિંહે છડેચોક ચેતવણી આપી હતી કે મારો પીછો પકડનાર પોલીસ અફસરોને પણ હું સાફ કરી નાખીશ. ૧૯૪૯ની ૧૯મી નવેમ્બરની રાત્રે અશ્વિનીકુમારને બાતમી મળી કે બલવીરસિંહ તથા તેના બે ગોઠિયા મોગા નજીક શીશમ જંગલમાં પડ્યા છે. અશ્વિનીકુમાર તુરત પોલીસ ટુકડી લઇ ત્યાં પહોંચ્યા અને તપાસ કરવા માંડી. આમ કરતાં બરોબર જંગલના મધ્ય ભાગમાંથી એકાએક તેમના ઉપર ગોળીઓની રમઝટ શરૂ થઈ. તરત એમણે પોલીસોને ત્રણ ટુકડીમાં વહેંચી નાખી પછી રક્ષણાત્મક મારો ચાલુ રાખી બહારવટિયાઓએ જ્યાં સલામત આશ્રય લીધો હતો તે ઝાડી સુધી તે પહોંચ્યા. આગળ વધવું હવે શક્ય ન હતું. એટલે પછીના બે કલાક છુટાછવાયા સામસામા ગોળીબાર ચાલ્યા. વાતને ટૂંકી કરવા તરત અશ્વિનીકુમારે સાહસ કરીને બીજા ત્રણ માનવીઓ પોતાની સાથે લઇ આગળ ઝંપલાવ્યું અને બહારવટિયાઓને પડકાર કર્યો કે શરણે થઈ જાઓ. એક ડાકુએ ઊભા થઈ સીધી અશ્વિનીકુમાર પર ગોળી છોડી. સદ્ભાગ્યે તેઓ બચી ગયા અને તેમની સાથેના માણસોએ છોડેલી ગોળીઓએ ધાડપાડુઓને ઠાર કર્યા.

તારનું કરવત

સક્કર બરાજ માટે જ્યાંથી પથ્થર વહેરી લેતા હતા તે રોહરીની પથ્થરની ખાણ પર જંગી મશીનો નાખેલાં હતાં. આ સ્થળે સિંધુ નદીનો પટ એક માઇલ પહોળો હતો ને હજારો માણસો ત્યાં કામ કરતા.

ખાણમાં પથ્થરની ઊભી દિવાલ પર અનેક સારડીઓ વીજળિક બળથી છેદ પાડતી હતી, ને બીજી બાજુ તારનું કરવત દોઢ માઈલના વિસ્તારમાં પર્વતના પડમાંથી મોટામોટા ટુકડા વહેરતું હતું.

તારનું કરવત એટલે લગભગ પા ઈંચ જાડાઇનો તાર ગરગડીઓ પર ફરતો રહે. પાવર હાઉસમાં એક મોટું મશીન એને એક બાજુથી ઉકેલે, ને આખા ખાણ વિસ્તારમાં જ્યાંજ્યાં પથ્થરને વહેરવા હોય ત્યાં આ તાર પથ્થરને ઘસઇને ફરતો રહે એવી ગોઠવણ હતી. જ્યાં એ ઘસાતો હોય ત્યાં, એક બાજુથી બારીક રેતી અને ઉપરથી પાણીની બારીક ધાર ટપકતી રહે, જેથી કરીને આ રેતીના ભૂકાથી પથ્થર કપાતો જાય. તાર એક જ દિશામાં ફરતો રહે. પાવર હાઉસમાં જે નીકળે તે આખી ખાણનું ચક્કર લઈ પાછો પાવર હાઉસમાં પેસે. આનું નામ વાયર-સૉ. રોહરી આગળ તેનો વિસ્તાર દોઢ માઈલ હતો, પાંચપાંચ છછ ઊંડા કાપા આ તારની કરવતીથી થતા હતા. જેટલી પહોળાઇનો પથ્થર જોઇએ તે હિસાબે આ વાયર-સૉથી બીજો સમાંતર કાપ થતો અને એ બંને કાપ વચ્ચે જેટલી લંબાઈના પથ્થરો જોઈએ તે હિસાબે એટલો જ ઊંડો કાપ એક બીજું મશીન કરતું. પછી પથ્થરને પકડમાં લઈ કાંટડા વડે ઊંચો કરતાં જ પથ્થર તળીએથી છૂટો થઈ જતો અને તેને ઉપાડી ત્યાં નાખેલા પાટા ઉપર આણેલા વૅગનમાં તેને મૂકવામાં આવતો. આ રીતથી પથ્થરનો બગાડ થતો નહિ. છેદની પહોળાઈ જેટલો જ પથ્થર નકામો જાય.

આપણા દેશમાં અનેક સ્થળે પથ્થરની ખાણો છે. પોરબંદર, ધાંગધ્રા, જામનગર સ્ટેટ, સોમનાથ પાસે પણ મોટા પથ્થર કાઢવાની ખાણો છે. ગુજરાતમાં હિંમતનગર અને ડભોઇ પાસે મોતીપુરા અને સોનગીરની ખાણો છે. અંબાજી પાસે કુંભારિયામાં આરસની ખાણો છે. આ બધે સ્થળે પથ્થરનો અતિશય બગાડ થઈ રહ્યો છે. જો વાયર-સૉથી કામ લેવામાં આવે તો પથ્થરનો પૂરેપૂરો ઉપયોગ કરી શકાય અને બધો બગાડ અટકાવી શકાય. કામ પણ સસ્તું પડે. ('જનતા' સાપ્તાહિકમાં આવતા 'સક્કર બરાજનો ઇતિહાસ'માંથી)

નાઇજીરિયાનું તાલીમકેન્દ્ર

સ્વશાસન માટે તૈયાર થતા આફ્રિકાના નાઇજીરિયામાં બ્રિટિશ કૅમૅરૂન્સ નામે સંસ્થાનમાં, રાષ્ટ્રસેવા માટે ભાવિ નાગરિકો તથા નેતાઓ તૈયાર કરવા સારુ, માનોવારના અખાતમાં એક નવતર તાલીમી કેન્દ્ર શરૂ થયું છે. ત્યાં સાહસ, અભ્યાસ અને સખત પરિશ્રમ દ્વારા રાષ્ટ્રસેવકો તરીકે તાલીમ પામવા પ્રાંતભરમાંથી આફ્રિકી યુવકો એકઠા થાય છે. અને તેમાં શિક્ષક, કારકુન, ખેડૂત, પોલીસ, ખાણિયો, રેલવે કામદાર સૌ એકસાથે જોડાય છે. પ્રથમ તો તેમની ભાવિ જવાબદારીઓ અને મુશ્કેલીઓને પહોંચી વળવાનું ખમીર તેમનામાં કેળવવા માટે પહેલો તબક્કો સાહસિક કાર્યોથી શરૂ થાય છે, જેમાં સૌ પ્રથમ કૅમૅરૂન પર્વતના ૧૩,૩૫૦ ફીટ ઊંચા શિખરનું કપરું આરોહણ કરવાનું હોય છે. ઉપરાંત બે દિવસ અને બે રાત્રિ સુધી સમુદ્ર-સફરની (કેટલાક માટે તો તે પ્રથમ વાર જ) વિકટ કામગીરી બજાવવાની રહે છે, જેમાં રાત્રે કોઈ અજાણ્યા નિર્જન ટાપુ પર રાત ગાળવાની હોય છે. આમ સમુદ્ર અને પર્વતના ખોળા ખૂંદતાં આ યુવાનોને પોતાનામાં રહેલી સુષુપ્ત શક્તિઓ—આત્મનિશ્ચય, ખડતલ ખમીર અને સિદ્ધિ માટેની ઉન્નત તમન્નાની પ્રતીતિ થઈ રહે છે.

આ બધાં ખીંગાં કામ પછી શાંત ને રચનાત્મક કાર્યોમાં તેઓ પરોવાય છે. હાથમાં કોદાળીપાવડા લઇને આ યુવાનો રસ્તો કેમ તૈયાર કરવો પૂલ તથા બંધ કેમ બાંધવા વગેરેની પ્રત્યક્ષ તાલીમ લે છે. વળી પ્રાથમિક સારવાર અને આગ સામેની લડતના પાઠો પણ હોય છે.

આ પછી યુવાનો કૅમૅરૂન્સના કાંઠાઓ પરથી પૂર્વ નાઈજીરિયાના વન-વિસ્તાર તરફ ઊપડે છે. ત્યાં તેઓ જુદીજુદી ટુકડીઓમાં વહેંચાઈ જઈને ગ્રામજનો સાથે સામૂહિક વિકાસ-યોજનાઓના કાર્યમાં લાગી જાય છે. આ ઉપરાંત કોલસાની ખાણ, રેલવેનાં કારખાનાં કે ખેતરમાં પ્રત્યક્ષ કામ લઇને તેઓ પોતાના ગ્રામ જીવનનાં વિવિધ પાસાંનો પરિચય મેળવે છે. જુદીજુદી જાતિઓના આ બધા યુવાનો સમૂહ જીવન, સમૂહકાર્ય અને સમૂહચર્ચા-વિચારણા દ્વારા નાગરિકત્વની ભાવના ખીલવે છે.

તંદુરસ્તી માટે ત્રણ નિયમો

ભોજનના અંતમાં છાશ, દિવસના અંતમાં દૂધ અને રાત્રિના અંતમાં જલપાન, આ ત્રણ નિયમો સ્વાસ્થ્ય-રક્ષા માટે ખૂબ જરૂરી છે. ભોજનના અંતે છાશ લેવાથી જઠરાગ્નિ પ્રદીપ્ત રહે છે, પાચન થાય છે, તરસનું શમન થાય છે. અને પેટના રોગો કદી થતા નથી વળી છાશથી વાયુ અને કફનું શમન થાય છે. પેટના રોગીઓ માટે છાશ

મારું જીવન તિમિર ગણો છો? ભલે ગણો.
ચમકે છે આગિયાઓ જો અંધાર હોય છે.

—ગની

એક જ્ઞાની ભક્તની સ્ત્રી પણ ભક્તિમય જીવન ગાળતી. એક વાર રસ્તે જતાં માર્ગમાં પડેલી નાણાંની થેલી પર ભક્તની નજર પડી, એટલે તેણે તે પર ધૂળ ઢાંકવા માંડી. પત્નીએ તેનું કારણ પૂછતાં જ્ઞાની બોલ્યા, 'તે જોવાથી રખે તને દુઃખ થાય એમ જાણીને તેના પર ધૂળ વાળું છું.'

સ્ત્રીએ જવાબ આપ્યો: 'હજી યે તમારી નજરે ધન અને ધૂળમાં ફેર છે? એ તો ધૂળ જ છે; એના પર ધૂળ વાળવાની કેવી?'

અનેકાર્થી શબ્દ **પાટલો**–સાંકડી પાટ; બાંક; નાનો પાટિયો; ઘૂંટીથી આંગળાં સુધીનો ભાગ; એક પ્રકારનું ઘરેણું; કપડાની ચાર-પાંચ આંગળ પહોળી ગેડ.

કહેવતોના અર્થ: 'ભેંશ છોડીને ખીલાનું દાન કરે' ઓછું આપીને વધારે છેતરી જવા માટે વપરાતી આ કહેવત જેવી બીજી પણ બહુ જાણીતી છે: 'બોર આપીને કલ્લી કાઢી જાય;' 'સોય આપીને કોશ લઈ જાય;' 'એવો તો ભોળો, કે મૂકી જાય ગાગર ને લઈ જાય ગોળો;' 'બનિયા અેસા ભોલા કે લવંગમેં પેસા તોલા.' (આ છેલ્લી કહેવત વિષેની નાની વાત અંક ૨૯૫માં આવી ગઈ.)




ભારત-સરકારે કાઢેલી આરોગ્ય-પ્રચારની ત્રણ ટિકિટો પૈકી બીજી (ચાર આનાવાળી) ટિકિટ એપ્રિલ અંકમાં આ સ્થળે આપી હતી. હવે ત્રીજી એક રૂપિયાવાળી આ ઉપર આપી છે, જેમાં સ્વસ્થ શરીરવાળો નાવિક દર્શાવ્યો છે. મૂળ કરતાં આ પોણાએ ગણી મોટી છે.

૧	૩૪	૩૩	૩૨	૯	૨
૨૯	૨૬	૧૨	૧૩	૨૩	૮
૩૦	૧૫	૨૧	૨૦	૧૮	૭
૬	૧૯	૧૭	૧૬	૨૨	૩૧
૧૦	૧૪	૨૪	૨૫	૧૧	૨૭
૩૫	૩	૪	૫	૨૮	૩૬

ગણિત ગમ્મત: ૩૬ ખાનાંના આ યંત્રની આડી, ઊભી કે ત્રાંસી દરેક હારનો સરવાળો ૧૧૧ થશે; ને ઘાટી લીટીથી દર્શાવેલા તેની અંદરના ૨૫ ખાનાંના પેટા-યંત્રમાંની દરેક હારનો સરવાળો ૭૪ થશે. એ છત્રીસ ખાનાંમા ૧થી ૩૬ સુધીના અંકો માત્ર એક જ વાર વપરાયા છે.

—મૂળજી જેઠુ જોષી



કલાકણિકા: ગ્રીનિચ (ઇંગ્લંડ)ના નૌવિદ્યાના રાષ્ટ્રીય સંગ્રહસ્થાનમાં રાખેલું સર ફ્રાન્સિસ ડ્રેકનું આ અભિનવ ઘટિકાયંત્ર નાનાવિધ રીતે ઉપયોગી હોવા સાથે કલાત્મક સર્જન પણ છે. હોકાયંત્ર ઉપરાંત તેમાં ગ્રહોના વેધ, ભરતી-ઓટના સમય, રાત્રિની ગણત્રી, સમય વગેરે જાણવાનાં વિવિધ સાધનો છે, જે તેને આખું ઉઘાડીને ઉપલી આકૃતિમાં દર્શાવ્યાં છે.

ખ્રિસ્તીઓના ધર્મગ્રંથ બાઈબલમાં ૩૫,૬૮,૪૮૦ અક્ષરો, ૭,૭૩,૭૪૮ શબ્દો, ૩૧,૧૭૩ કવિતા અને ૧૧૮૯ અધ્યાય છે. તેમાં 'લૉર્ડ' શબ્દ ૧૮૫૫ વાર આવે છે. અને તેમાં ૬ અક્ષરોથી મોટો એકે શબ્દ નથી.

ગ્વાલિયરમાં તાનસેનની કબર પાસે એણે જાતે વાવેલું ને પાણી પાઇ ઉછેરેલું આમલીનું એક ઝાડ છે. કહે છે કે કોઇ સ્મરણ-શક્તિહીન માણસ તેનાં ચાર પાંદડાં ખાતો તો સારા સ્મરણવાળો થઇ જતો; ખરાબ કંઠવાળો ખાતો તો તેનો કંઠ સારો થતો. તાનસેને વાવેલું એ મૂળ ઝાડ તો એક હાથીએ ઉખેડી ફેંકી દીધેલું. પણ તેના બીજમાંથી એક બીજું ઝાડ ઊગેલું તેનાં પાન આજે પણ પ્રેમી ગાયકો ભક્તિભાવથી ખાય છે.

(ના. મો. ખરે)

ખનિજ કોલસાની પ્રથમ શોધ ૧૧મી સદીના મધ્યભાગમાં બેલજિયમના હુલોસ નામના એક લુહારે કરેલી...ઈ. ૧૮૬૦માં એક આરબ જંગબારમાં લવિંગના બસો રોપ લાવેલો. ત્યાંની જમીન એ વૃક્ષને એટલી ભાવી કે આજે આખી દુનિયામાં વપરાતાં લવિંગનો ૬/૭ ભાગ એકલું જંગબાર પૂરું પાડે છે!... દુનિયાભરમાં મોટામાંમોટી ધર્મશાળા મક્કામાં 'હાજી'ઓ (હજ કરવા આવતા યાત્રીઓ)ને માટેની છે...

નવલ: મારી સ્ત્રીની સ્મરણશક્તિ ઘણી જ ખરાબ છે.

કહલ: 'કેમ? બધું જ ભૂલી જાય છે?

નવલ: ના રે; બધું જ યાદ રાખે છે!

જેવું અમૃતતુલ્ય પીણું બીજું એકે નથી.

દિવસના અંતમાં દૂધ લેવું. રાત્રે સૂતી વખતે—એટલે કે જમ્યા બાદ બેએક કલાક રહી લેવું. ભલે ઓછું લેવું, પણ નિયમિતરીતે એક વાર તો દૂધ લેતા જ રહેવું. શહેરી જીવનમાં તો સવારે વહેલાં જમવાનું હોઈ સવારે દૂધ લેવાથી એનું પૂરું પાચન થાય ન થાય ત્યાં જમવાનો સમય થાય છે. બાકી જે લોકો સહેજે મોડા જમતા હોય તેમના માટે સવારના પણ દૂધ લેવાથી લાભકારક રહે છે. આ એક નિયમ જ બનાવી રાખો કે 'દિવસ અંતમાં દૂધ.'

રાતના અંતમાં (એટલે કે સવારે ઊઠતાં વેંત) પાણી પીઓ. આ માટે એવો ઉલ્લેખ છે કે ત્રાંબાના વાસણમાં રાખેલું પાણી સવારના મળસ્કે લેવાથી કોઠાની શુદ્ધિ થાય છે. જેમને કબજિયાતની ફરિયાદ હોય, પેટ સાફ ન આવતું હોય તેઓ હંમેશા પ્રાતઃકાળમાં આ રીતે જલપાન કરે તો સ્વાસ્થ્યમાં વધારો થશે. પેટના દોષો શાંત રહેશે.

દૂધ પચશે નહિ અને છાશથી શરદી થશે એવી ભ્રાંતિ ન રાખવી. એની આદત પાડો. કુદરતે બનાવેલા ને નૈસર્ગિક તત્ત્વોથી ભરપૂર એવા એ બે પદાર્થો માફક કેમ ન આવે? એની ટેવ પાડો અને જુઓ કે આ ત્રણ નિયમો તંદુરસ્તી માટે કેટલા ઉપયોગી છે. (હિંદુસ્તાન)

નાનામાં નાનો તારક


મિનેસોટા (અમેરિકા) યુનિવર્સિટિના ખગોળશાસ્ત્રી લુઈટનને નાનામાં નાના તારાઓ શોધવાનો શોખ છે. તેણે હમણાં આજ સુધી નજરે નહિ ચડેલા એક સૌથી નાના તારાની શોધ કરી છે. પૃથ્વીથી પચ્ચીસ જ પ્રકાશવર્ષ દૂર તે આવેલો છે. (પ્રકાશનો વેગ ૧,૮૬૦૦૦ માઈલનો છે તે હિસાબે.) ફક્ત ૨૫૦૦ માઈલના જ વ્યાસના (એટલે કે આપણા ચંદ્રથી સહેજ મોટા) એ તારાનું ઉષ્ણતામાન માત્ર ૧૫થી ૨૦ હજાર અંશ ફેરનહાઈટ છે ને તે ઝાંખો સફેદ પ્રકાશ રેલે છે. પણ તેની ખરી નવાઇ તો એ છે કે સૂર્ય કરતાં યે ૪૦ ટકા વધુ તેનું વજન છે. એટલે કે તેના એક ઘન ઈંચ ટુકડાનું જ વજન લગભગ ૧૦૦૦ ટન થવા જાય! કેટલાક માને છે કે અવકાશમાંથી પૃથ્વી પર આવતાં રેડિયોનાં મોજાંઓનું ઉદ્ભવસ્થાન આ વામનજીઓ જ હોય છે. જ્યારે બીજો મત એવો છે કે ધીરેધીરે અવકાશમાં પોતાની શક્તિઓ વેડફી દેતા એ વૃદ્ધ તારાઓ છે, ને સમય જતાં તેનો પ્રકાશ તદ્દન હોલવાઇ જઈ અંધારા અવકાશમાં અદૃશ્ય પણે તે આથડ્યા કરશે.

સૂરત ઑસ્ટ્રેલિયામાં આવ્યું!


ખરી વાત છે! આપણાથી હજારો માઈલ દૂર આવેલાં ઑસ્ટ્રેલિયામાં ક્વીન્સલૅન્ડ પરગણામાં પણ સૂરત નામનું એક ગામ છે. આપણા સૂરત જેવું ધીકતું શહેર નહિ, પણ એક નાનો કસ્બો એ છે. સ્થળનાં નામોની આવી અજાયબીઓ તો ત્યાં અનેક છે. 'કમ બાઈ ચાન્સ,' (અકસ્માત આવી ચડો) 'ડૉગ ટ્રૅપ' (કૂતરાનો ફાંસલો) 'ફાઇંગ પૅન, (તવો), ફ્રાઇડે પૉકેટ (શુક્રવારી ગાળો) જેવાં નામો ઉપરાંત સૂર્યનાં નામ પરથી સની બૅન્ક, સની કૉર્નર, સનડાઉન, સની સાઈડ, સનશાઈન વગેરે નામનાં ત્યાં કેટલાં યે સ્થળો છે. આ સૂર્યોજ્જ્વલ નામો સામે એક 'ડાર્ક કૉર્નર' (અંધારો ખૂણો) પણ ત્યાં છે. વળી દક્ષિણ ને ઉત્તર ઑસ્ટ્રેલિયા વચ્ચે ત્યાં નામની લંબાઇમાં પણ હરીફાઇ થાય છે. Mulkanundratiddacootinna એ ઍલિસ સ્પ્રિંગની ઉત્તરે આવેલા એક નાનકડા સ્થળનું નામ છે. (જોકે લોકો Mulkaના ટૂંકા નામથી જ ગાડું ચલાવે છે). તો તેની સામે સાઉથ વેલ્સમાં Lake Cardivillawarracurracurrieap palarndoo નામનું સરોવર છે. તમને લાગશે કે કોઈક નામનાં પાટિયાં ચીતરનારે ઊંઘમાં આવું ઘસડી મારેલું હશે. પણ ના, તેનો અર્થ પણ કવિત્વમય થાય છે: 'સરોવરના પાણીમાં પડતું તારાઓનું પ્રતિબિંબ!' ઑસ્ટ્રેલિયા વળી પોતાનાં બૉલીવિયા, કૅલિફૉર્નિયા, ઍનૅડા, મનિલા, ટેક્સાસ, બગદાદ, જેરિકો, જેરૂસલેમ, જૉર્ડન રીવર ને નાઇલ વગેરે પણ ધરાવે છે. ધ હેડ, (મસ્તક) અને ધ હાર્ટ (હૃદય) જેવાં નામો ઉપરાંત ધ બ્રધર્સ (ભાઇઓ) અને ધ સિસ્ટર્સ (બહેનો) નામનાં સ્થળો પણ ત્યાં છે! પેસિફિક સિટી નામનું એક એવું પણ સ્થળ ત્યાં છે જ્યાં હજી સુધી કોઈ માણસ જ વસ્યો નથી!

ફૂલદાનીમાં ફૂલ કેમ ગોઠવવાં તેની પણ એક કળા છે. લંડનમાં કૉન્સ્ટન્સ સ્પ્રાઇ નામની એક તેની નિષ્ણાત બાઈ તેની શાળા ચલાવે છે. તેમાં હમણાં ૬ થી ૧૬ વરસની વયનાં બાળકોને માટે એણે સવારનો અઠવાડિયાના ૬ પાઠોનો અભ્યાસક્રમ યોજ્યો છે.

દુનિયાના લોકોની કમાણી કયાં ખર્ચાય છે?



સંયુક્ત રાષ્ટ્રસંઘ (યૂનો) તરફથી ચાલતા આંતરરાષ્ટ્રીય મજૂર સંઘે દુનિયાના જુદાજુદા દેશોમાં માણસોની રોજી કયા કયા ઉદ્દેશે કેટલા પ્રમાણમાં ખર્ચાય છે તેની માહિતીઓ મેળવીને કાઢેલા આંકડા પરથી ઉપલો આલેખ તૈયાર કરવામાં આવ્યો છે, તેમાં એકી નજરે સોળ દેશોની સરખામણી જણાઈ આવે છે. ઈ. ૧૯૪૪ થી '૫૧નાં વર્ષોના ગાળામાં એ અભ્યાસ કરવામાં આવેલો, જેમાં હિંદ અને પાકિસ્તાનના આંકડા ૧૯૪૪-૪૫ દરમ્યાન લીધેલા છે. મથાળે આપેલાં દર્શકચિહ્નો અનુસાર ખોરાક, કપડાં, વસવાટ વગેરેનાં ટકાવાર પ્રમાણ દરેક દેશની પટ્ટીમાં દર્શાવ્યાં છે. તેમાં કાળો ભાગ ખોરાક દર્શાવે છે, ઊભી લીટીવાળો ભાગ વસવાટનું ખર્ચ, ટપકાંવાળો ભાગ કપડાંનું ને ખાલી ભાગ પરચુરણ ખર્ચ દર્શાવે છે.




પક્ષીતીર્થ પરથી વિહંગદશ્ય (ફોટો · જગન મહેતા) દક્ષિણ હિંદમાં 'તિરુકલુકુંડરમ' યા 'પક્ષિતીર્થમ્' નામે ગામ છે. તેનું માહાત્મ્ય ત્યાંના પાંચસો ફૂટ ઊંચાઇના વેદગિરિથી છે. લાવારસથી બનેલી આ નાનીશી ટેકરીની ટોચ પર એક મંદિર છે. એ મંદિરના પશ્ચિમ ભાગમાં એક નાનકડા ખડક પર પીળી ચાંચનાં બે સફેદ ગીધ પક્ષીઓ અહીંના પૂજારીના હાથે ભોજન કરવા રોજ અગિયાર-બારના શુમારે આવે છે. સૈંકડો વરસોથી આ ઘટના બનતી આવેલી છે. પક્ષીઓ બે જ, નહિ વધુ કે ઓછાં, એક પણ દિવસ પડચા સિવાય અહીં આવ્યા કર્યાં છે. એને અંગે પુરાણની એક કથા પ્રચલિત છે. એને કદાચ ગપ માનીએ, પણ અહીંના વલંદા અમલદારોને ચોપડે છેક ૧૭મી સદીમાં પણ નોંધાએલી આ નિત્યઘટના નકારાય તેમ નથી. એ ટેકરી પરથી આસપાસની પ્રકૃતિ જોતાં, તેમાં પંખીદર્શનની ઉત્સુકતાની પૂર્તિ કરતાં વિશેષ આહ્લાદકતા હતી! આ પેલા મંદિરનાં ગોપુર: લીલી ભૂમિની શેતરંજ ઉપર કોઇ રથનાં પ્યાદાં ચલાવી, રમત અધૂરી મૂકી હમણાં જ ચાલી ન ગયું હોય જાણે! આમ પૂર્વમાં પેલા મહાબલિપુરમ્ જવાનો, લીલાં વૃક્ષોની પ્રલંબ વીથિ વચ્ચે પાંથી જેવો જતો પાણ્ડુવર્ણો રસ્તો; દૂર ક્ષિતિજમાં દેખાતી સમુદ્રની ધોળી રેખા; વચ્ચેવચ્ચે અહીંતહીં લીલા ચણિયા પર જડેલાં આભલાં જેવાં નાનાં તળાવ અને ખેડેલાં સફાઇદાર ખેતરો; આમ ઉત્તરે ચિંગલપટ જતી સડક અને તેના પરની હારબંધ નાળિયેરીઓ,—જાણે શેરવાની પર જડવામાં આવેલા









ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

પહેલું ઈનામ: 'વર્ષાસૌંદર્ય'-યુસુફ વૈદ્ય (નડિયાદ); બીજું-ત્રીજું ઈનામ મોકૂફ; નોંધપાત્ર (૧).'દક્ષિણા'ના મહાવાચકો-વિદ્યાવ્રત વિશારદ: પોંડીચેરી; (૨) 'કુદરતને કચકડામાં કેદ કરતાં'-ગચકકુમાર: અમદાવાદ; (૩) 'શ્રીનગર કિલ્લો': ભૂપેન્દ્ર સિંગાપોરવાળા-અમદાવાદ.

આ વખતે બહુ થોડા હરીફો તરફથી સારા પ્રમાણમાં ચિત્રો આવ્યા છતાં ગુણવાળાં તો ઓછાં જ છે. કેટલાક હરીફો થોકબંધ નાના 'પ્રિન્ટ' મોકલે છે, તો કેટલાક સાથે નેગેટિવો પણ મોકલે છે. હરીફાઈ માટે માત્ર એકબે, સારાં, ચૂંટેલાં. રુચિત ચિત્રસંયોજનાને જ ટ્રિમ કરીને તૈયાર કરેલાં, માફકસરનાં ઍન્લાર્જમેન્ટ હોય તો જ સારું. આ રીતે વિવેકબુદ્ધિથી હરીફાઈમાં ભાગ લેવાથી પોસ્ટેજ ને વ્યવસ્થાનો ભાર હળવો થશે. 'વર્ષાસૌંદર્ય': ઘેરાં વાદળ પાછળ ઢંકાએલા સૂર્યનાં વેધક કિરણોથી પથરાતા કાવ્યમય પ્રકાશપલટા અને ગહનઘેરું વાતાવરણ ધરાવતું, પહેલું ઈનામ મેળવનારું આ ચિત્ર નિસર્ગદર્શનનો સુંદર નમૂનો છે. રંગીન ફોટોગ્રાફીમાં સંધ્યાની આવી રંગલીલા અદ્ભુત નીવડે. 'દક્ષિણાના મહાવાચકો'ના મૂળ ચિત્રમાંથી ડાબી તરફનું બાળક કમી કરીને તેનું રુચિત ચિત્રસંયોજન અમે અહીં સૂચવ્યું છે. ભાઈ ગચકકુમારના ચિત્રમાંનું માનવપાત્ર એ ભૂમિનું જ હોત અને દૃશ્યની સુંદરતાના પ્રમાણમાં વધાર વિચારપૂર્વક વસ્તુસંયોજન ક્યું હોત તો સારું ચિત્ર બનત. વળી અમાણું મોકલેલાં બધાં ચિત્રો ફોકસ બહાર ગએલાં છે. ચિત્રનું નામ પણ વિચિત્ર છે. ત્રીજું નોંધપાત્ર ચિત્ર મોટું કરીને જોયું હોત તો તેમાંના સુંદર વસ્તુને યોગ્ય ન્યાય મળત. — શ્રીદામ ભટ્ટ